Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

ઑગસ્ટ ૨૦૧૯ * વર્ષ ૩૪ * અંક ૫




ચરોતરના બોચાસણ તીર્થમાં બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ નિર્મિત
સર્વપ્રથમ મંદિરના મધ્ય ગર્ભગૃહમાં બિરાજમાન

**શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો જય ! સાષ્ટાંગ દંડવત્ સહ અનંત વંદના !**



# માનવમાંથી મહામાનવ નિર્માણની આધ્યાત્મિક ઉત્ક્રાંતિનાં મંગલાચરણ



**સદીઓ** અને સહસ્રાબ્દીઓથી આ પૃથ્વી પર વસતા જ્ઞાની મનુષ્યોને એ સત્યની જાણકારી રહી છે કે, જે દેખાય છે તે તેઓનું સત્ય કે મૂળ રૂપ નથી.

જ્ઞાની મનુષ્યો એ વાતથી પણ અજાણ નથી કે, અસ્તિત્વમાત્ર પણ વાસ્તવમાં તો એક દિવ્ય – પરમ દિવ્ય ચેતનાની લીલા છે.

પોતાની આ જાણકારી અને અનુભવોના સંચયરૂપે અનેક જ્ઞાની મહાત્માઓએ જે શાબ્દિક વર્ણનો કર્યાં તે શાસ્ત્રો અને સદ્‌ગ્રંથો ગણાયાં. તેનાં અભ્યાસ-ચર્ચા-વિમર્શ ને ભાષ્યો પણ થયાં; કથા-સત્સંગ પણ કરાયાં; છતાં, જાણકાર જ્ઞાનીમાંથી ભાગ્યે જ કોઈ પોતાના સત્ય કે મૂળ રૂપને પામ્યા. એ પરમ દિવ્ય ચેતના જે અનંત અનેક લીલા રૂપે વર્તમાન-વિદ્યમાન છે, તે ચેતનાના ગુણને તો કોઈક જ પામ્યા.

"ગુણ લાવવા માટે દ્વાર જોઈએ..." વીસમી સદીમાં ગુરુદેવ યોગીજી મહારાજે ઉદ્‌બોધેલા આ પાંચ શબ્દો એ પરમ દિવ્ય ચેતનારૂપ થવાની ગુરુચાવી સમાન છે. યોગીબાપાએ આગળ કહ્યું, "સત્પુરુષમાં નિર્દોષબુદ્ધિ એ જ દ્વાર...!" પાંચ શબ્દો જ, પરંતુ જાણે પ્રકાશપૂંજ રૂપ આખેઆખું શાસ્ત્ર ! પરમ પૂજ્ય પપ્પાજીએ આ પ્રકાશપૂંજના એકોએક અનલકણને પોતાના ઉત્તર જીવનની, એટલે કે યોગીજી મહારાજને ભગવાનના પ્રગટ ને સાકાર સ્વરૂપ અનુભવ્યા પછીના જીવનની એક-એક ક્ષણ બનાવ્યા !

યોગીબાપાનો પણ એ જ ઉપદેશ હતો. તેઓએ કહ્યું, "સત્પુરુષને નિર્દોષ, સર્વજ્ઞ જાણે, અને તેની સાથે અંતરાય ન રાખે તો ગુણ આવે." કયા ગુણ ? સત્પુરુષના ! સત્પુરુષ એટલે ? વર્ણનાતીત એ પરમ દિવ્ય ચેતના જે ભગવાન સ્વામિનારાયણના વરદાન સ્વરૂપે તેઓના દિવ્ય તત્ત્વરૂપે મનુષ્યાકારે આ પૃથ્વી પર સદા એવા ભગવાનધારક સત્પુરુષ રૂપે પ્રગટ છે !

પપ્પાજીએ એવા પ્રગટ સત્પુરુષને – યોગીજી મહારાજને નિર્દોષ જાણ્યા, સર્વજ્ઞ જાણ્યા, અંતરાય ટાળ્યો, તો યોગીરૂપ, પ્રભુસ્વરૂપે પ્રાદુર્ભાવ પામ્યા !


પહેલી સપ્ટેમ્બર અને પહેલી જૂન પપ્પાજીના આવા પ્રાદુર્ભાવના ઉત્સવો છે. પૃથ્વી પર આધ્યાત્મિક ઉત્ક્રાંતિનાં મંગલાચરણ છે. માનવમાંથી મહામાનવના નિર્માણની યાત્રાનાં પ્રથમ પગલાં છે !

અને તે પછી તો સદીઓના તમસને ભેદનારો બ્રહ્મનાદ થયો. પપ્પાજીએ વિજય ઉદ્‌ઘોષ કર્યો, "આપણે જ્યારે નામ, નાત, જાત – છેક પ્રકૃતિ-પુરુષ સુધીનું જે આપણું ગણાય તેનો ત્યાગ કરી, બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સાધના કરવાનો માર્ગ લીધો છે; તો આપણે ખોવાનું શું છે તે ડરો છો ? આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ રાખો – વિજય તમારો જ છે !"

અને એવી આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિના પરમ શક્તિશાળી ગુરુમંત્ર સાથે આધ્યાત્મિક ઈતિહાસમાં કદાચિત પ્રથમ વખત એક આખેઆખા સમુદાયે પોતપોતાના સ્વધર્મને અનુસરતા સામૂહિક આધ્યાત્મિક હરણફાળ ભરી અને તેમાં અલૌકિક પરમ આનંદસ્વરૂપ સફળતા પણ પ્રાપ્ત કરી !

મંજિલ દૂર હશે, પણ દેખાય છે. ને યાત્રા અવિરત છે, તો આંબી પણ જવાશે; કારણ, પપ્પાજી સદા છે. પપ્પાજી આજે છે. પપ્પાજી સાથે છે ! ◆

~ ડૉ. મનોજ સોની




બ્રહ્મસ્વરૂપ પ.પૂ. શાસ્ત્રીજી મહારાજે
નિર્માણ કરાવેલ બોચાસણનું
પ્રાસાદિક મંદિર
અને દરવાજો

# ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ દ્વારા બોચાસણમાં નિર્મિત
# શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના સર્વપ્રથમ મંદિરની અલૌકિક કલ્યાણકારી ગાથા

**સર્વોપરી** ભગવાન શ્રી સ્વામિનારાયણે ખૂબ ઓછા સમયમાં અધ્યાત્મક્ષેત્રે અકલ્પ્ય ક્રાંતિ આણી. પોતાની હયાતીમાં જ ૩૦૦૦ સંતો બનાવ્યા, જેમાંથી ૫૦૦ તો પરમહંસો હતા ! પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં અગણિત શાસ્ત્રો રચ્યાં-રચાવ્યાં, જે પૈકી 'શિક્ષાપત્રી' અને 'વચનામૃત' તો માત્ર સ્વામિનારાયણ સંપ્રદાયને જ નહિ, પણ સમગ્ર વિશ્વને મળેલી અપ્રતિમ ભેટ છે ! વડતાલ અને અમદાવાદ દેશની ગાદીની સ્થાપના દ્વારા સંપ્રદાયમાં આચાર્યશ્રીની પરંપરા સ્થાપી. અમદાવાદ, ભૂજ, વડતાલ, ધોલેરા, જૂનાગઢ અને ગઢડા એમ છ તીર્થસ્થાનોમાં ગગનચુંબી શિખરબદ્ધ મંદિરોનાં નિર્માણ કરાવી તેમાં ભક્તે સહિત ભગવાનની સનાતન યુગલ ઉપાસના પ્રસ્થાપિત કરતાં યુગલ સ્વરૂપો - શ્રી નરનારાયણ દેવ, શ્રી લક્ષ્મીનારાયણ દેવ, શ્રી મદનમોહન દેવ, શ્રી રાધારમણ દેવ, શ્રી રણછોડ-ત્રિકમ દેવ, શ્રી ગોપીનાથજી દેવ આદિ પધરાવ્યાં. શુદ્ધ ઉપાસનાને પુષ્ટિ આપે તેવાં મંદિરો, શાસ્ત્રો અને સંતો તૈયાર કર્યાં, જેનાં પરિણામે સદાચારી, ચારિત્ર્યવાન, અણીશુદ્ધ નિયમ-ધર્મ ને વર્તમાન પાળતો વિશાળ ભક્ત સમુદાય તૈયાર થયો.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત અનેક સંતો-ભક્તોને પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ મધ્યમંદિરમાં સ્થાપવાની તીવ્ર મનોભાવના હતી. પરંતુ, સામાજિક વલણને ધ્યાનમાં રાખીને શ્રી સ્વામિનારાયણ ભગવાને છયે મંદિરોમાં ભગવાનનાં વિવિધ સ્વરૂપો પધરાવ્યાં. આમ તો, ભક્તોના ભાવ ઝીલીને તેઓએ ગઢડાના મંદિર માટે પોતાના કદ જેટલી, પોતાના સ્વરૂપરૂપ મૂર્તિ નારાયણજી સુતાર પાસે જાતે ઊભા રહીને તૈયાર કરાવી હતી, પરંતુ પ્રત્યક્ષ પ્રભુના ચરિત્રમાં મનુષ્યભાવ પામી મનુષ્ય અજાણ્યે દ્રોહ કરી બેસશે; તેમ સમજી પછીથી તે મૂર્તિને પગે આંટી મરાવડાવી, હાથમાં મોરલી પધરાવી શ્રી ગોપીનાથજી સ્વરૂપે તૈયાર કરાવી મંદિરમાં પધરાવી.

પરંતુ, જે કાર્ય પૂર્વે પ્રગટ થયેલાં ભગવાનનાં સ્વરૂપોના સમયમાં શક્ય નહોતું થયું, તે ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં શક્ય બન્યું. શ્રીજી મહારાજે સ્વયં સદાય સાધુરૂપે અખંડ પ્રગટ રહેવાના વર આપ્યા. વળી, તેવા સાધુ - અનાદિ અક્ષરમૂર્તિ સદગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ પણ કરાવી. પ્રસંગે-પ્રસંગે તેઓએ ગુણાતીતાનંદ સ્વામીને પોતાને રહેવાનું અક્ષરબ્રહ્મધામ ગણાવી બ્રહ્મ અને પરબ્રહ્મની એટલે કે, શ્રી અક્ષર અને પુરુષોત્તમ અર્થાત્ સ્વામી અને નારાયણ, આત્મા અને પરમાત્માના અલૌકિક જ્ઞાનની ઉપાસના સ્પષ્ટ કરી આપી. આ ભક્તે સહિત ભગવાનની ઉપાસના શ્રીજી મહારાજનાં અનેક લીલા-ચરિત્રોમાં, વચનામૃતમાં શબ્દે-શબ્દે અને અસંખ્ય પ્રસંગોએ વ્યક્ત થઈ. તેથી સાધુ દ્વારે પ્રભુ પ્રગટ છે અને પ્રભુનું અલૌકિક કલ્યાણકારી કાર્ય અવિરત ચાલુ છે તેની પ્રતીતિ સૌને થઈ અને પ્રભુના આવા પ્રગટીકરણથી સર્વે આશ્રિતો સનાથ બન્યા.



સંતવર્ય શ્રી વિજ્ઞાનાનંદ સ્વામીના સમાગમે સંસારત્યાગ કરવા આતુર ડુંગર ભગત

પ્રભુએ પોતાની દિવ્ય ક્રિયાઓમાં અને લીલા-ચરિત્રોમાં શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું ગૂઢ રહસ્ય છતું કર્યું ! 'બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવી.' - ઉપાસનાના આ મુખ્ય સિદ્ધાંત માટે શાસ્ત્રોમાં પણ લખાયું છે કે, બ્રહ્મવિદ્ આપ્નોતિ પરમ ! અર્થાત, જે બ્રહ્મને જાણે તે પરમને પામે ! આ સીધી લીટીના સચોટ જ્ઞાનને પચાવવા એટલે કે, પ્રભુને પામવા માટે ગુણાતીત સાધુની અનિવાર્યતા છે તેવું સ્વયં શ્રીજી મહારાજ પણ સમજાવ્યું.

આ જ્ઞાનને સમજીને મહુવાના પ્રાગજીભગત મંડ્યા તો ગોપાળાનંદ સ્વામી-ગુણાતીતાનંદ સ્વામીના સમાગમ થકી બ્રહ્મભાવને પામી ગયા. ગુણાતીત સાધુ કે, જેમના થકી પ્રભુ પ્રગટ છે તેઓમાં જોડાવાથી, મન-કર્મ-વચને તેઓની આજ્ઞા પાળવાથી, તેઓના સંબંધવાળા સૌને નિર્દોષ માની તેઓની સેવાથી પ્રભુ પ્રસન્નતા પ્રાપ્ત થતાં ગુણાતીતભાવને પામી જવાય છે. તેના માટે દેહભાવ ઓગાળવો પડે અને તે ગુણાતીત સાધુ વગર અશક્ય છે. આંબરડીના જાગા સ્વામી પણ ગુરુ ગુણાતીતના સમાગમ ને આશીર્વાદથી બ્રહ્મસ્વરૂપ અવસ્થાને પામ્યા. રાજકોટના શ્રી કૃષ્ણજી અદા પણ ગુણાતીતાનંદ સ્વામીના આવા જ અજોડ શિષ્ય અને ગુણાતીત સ્વરૂપ હતા. આ ત્રણેય સ્વરૂપોએ ભગવાનધારક સાધુની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરી તો તેઓ પણ ભગવાનને રહેવાનું ધામ બન્યા !

જો કે, એક સમય એવો પણ હતો કે, ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રગટ પ્રભુ તરીકે અને ગુણાતીતાનંદ સ્વામીનો મૂળ અક્ષરબ્રહ્મ તરીકેનો સ્વીકાર કરવો તે ઘણા માટે અઘરું હતું. અને તેથી જે મૂળ ઉપાસનાનું સ્થાપન શ્રીજી મહારાજ કરવા માંગતા હતા તેનો સ્વીકાર કરવામાં ક્ષીણતા આવતી ગઈ. જાહેરમાં ઉપાસનાના આ જ્ઞાનની વાત કરવી તે પણ અઘરું થતું ગયું ને ખાનગીમાં મુખોમુખ જ આ જ્ઞાનની વાત કરવી શક્ય બનતું; તેથી તેને 'ખૂણિયું જ્ઞાન' કહેવામાં આવતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણના શુદ્ધ ઉપાસના સ્થાપનના કાર્યને ફરીથી જીવંત બનાવવાનું કાર્ય ભગતજી મહારાજ, કૃષ્ણજી અદા અને જાગા સ્વામીના પ્રયત્નોથી અને આશીર્વાદથી ભગવાનધારક એવા એક સાધુ દ્વારા શક્ય બન્યું. સંવત ૧૯૨૧ની મહા સુદી પાંચમ-વસંત પંચમીના મંગલકારી દિવસે ચરોતરના મહેળાવ ગામમાં પૂ. ધોરીભાઈ અને પૂ. હેતબાના ઘરે એ સાધુ-બાળરત્નનું પ્રાગટ્ય થયું, જેમનું નામ પાડ્યું ડુંગર ભગત. શ્રીજી મહારાજના પરમહંસ શુકાનંદ સ્વામીએ તેઓને વર્તમાન ધરાવ્યા. તેઓ સવા વર્ષના હતા ત્યારે અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ તેમના શિરે હસ્તકમળ સ્થાપી આશીર્વાદ દીધા કે, 'આ બાળરત્ન સાધુ થઈ શ્રીજી મહારાજની સર્વોપરી નિષ્ઠા પ્રવર્તાવશે અને કથાવાર્તા કરી, સંપ્રદાયની વૃદ્ધિ કરશે.'

બાળપણમાં તેઓએ અનેક લીલા-ચરિત્રો કર્યાં, જે જોઈ સૌ વિસ્મય પામી જતા અને તેઓનાં ઐશ્વર્યથી સહજ જ અંજાઈ જતા. સાત વર્ષની ઉંમરે તો તેઓએ દર પૂનમે વડતાલ મંદિરનાં દર્શને જવાનું શરૂ કરી દીધું. વડતાલ મંદિરે સાધુઓનાં આસને જઈને સત્સંગની કથા-વાર્તા સાંભળતા અને જ્ઞાન-વૈરાગ્ય દૃઢ કરતા. સત્સંગના બધા ગ્રંથો અને શ્રીમદ્ ભાગવત આદિ પણ સાવ નાની ઉંમરે તેઓ ભણવા લાગ્યા. નવ વર્ષની ઉંમરે તો મંદિરમાં જ્યારે સાધુઓ ન હોય તો તેઓ જ કથા કરતા. અરે ! એક વખત મહેળાવ ગામમાં માણ વગાડી મહાભારતની કથા કરવા આવેલા માણભટ્ટની અડધી કથા ડુંગર ભગતે એ જ શૈલીમાં માણ વગાડી પૂરી કરી સૌને અચંબામાં મૂકી દીધા હતા.


ડુંગર ભગતના હૈયામાં પહેલેથી જ વૈરાગ્ય હતો, તેથી શ્રીજી મહારાજના પરમહંસ - સંત શ્રી વિજ્ઞાનાનંદ સ્વામીના સમાગમે સંસારત્યાગ કરવા તેઓ આતુર બન્યા. વિજ્ઞાનાનંદ સ્વામી સાથે પાર્ષદ તરીકે રહ્યા અને બાર માસ પણ પૂરા થયા ન હતા અને સંવત ૧૯૩૯ના કાર્તિક વદ પાંચમના શુભ દિવસે આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે મોટો યજ્ઞ કરીને ડુંગર ભગતને દીક્ષા આપી 'યજ્ઞપુરુષદાસ' એવું નામાભિધાન કર્યું. દીક્ષા ગ્રહણ કર્યા પછી તેઓએ વડતાલમાં રહી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત અદ્‌ભુત જીવન જીવી સેવા-ભક્તિ અદા કરી. થોડા સમય બાદ તેઓ જ્યારે સુરત પધાર્યા ત્યારે ત્યાં

તેમને ભગતજી મહારાજનાં દર્શન થયાં. ભગતજી મહારાજની કથા તેમને વડતાલમાં થતી બધી કથા કરતાં જુદી જણાઈ. ભગતજી મહારાજની અલૌકિક ગુણાતીત અવસ્થાથી યજ્ઞપુરુષદાસજીનું અંતર રંગાઈ ગયું અને મનોમન તેઓએ ભગતજી મહારાજને ગુરુ તરીકે સ્વીકારી લીધા.

યજ્ઞપુરુષદાસજીએ શાસ્ત્રોનો અભ્યાસ વિદ્વત્ત્વ આચાર્યો પાસે કર્યો. સંસ્કૃત ભણ્યા. તેમની કુશાગ્ર બુદ્ધિ અને વિદ્વત્તા જોઈ સૌ તેમને નમી પડતા. ટૂંક સમયમાં જ તેમણે વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યો અને 'શાસ્ત્રી'ની પદવી પામ્યા. અને હવે સાધુ યજ્ઞપુરુષદાસજી 'શાસ્ત્રીજી મહારાજ'ના નામે પ્રચલિત થયા. શાસ્ત્રીજી મહારાજનું ઓજસ્વી ને સાધુગુણે યુક્ત પ્રતિભાશાળી વ્યક્તિત્વ સૌને પ્રભાવિત કરતું. પ્રભુ અને ગુરુભક્તિનું અનેરું મહાત્મ્ય તેમના હૈયે ધબકતું હતું. પ્રભુના સામર્થ્યની અજબ ઝલક તેમના સ્વરૂપમાં જણાતી હતી. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ તથા શ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજ, સમગ્ર સંતગણ, કોઠારી શ્રી ગોરધનભાઈ, મોટો ભક્ત સમુદાય અને સૌ શ્રેષ્ઠીઓ શાસ્ત્રીજી મહારાજની સાધુતાથી અંજાયા હતા. પ્રભુ પ્રત્યેની તેમની અવિચળ ભક્તિ અને અડગ નિષ્ઠાની મહેક તેમજ તેમની નીડરતા, અકલ્પનીય શ્રદ્ધા અને અપ્રતિમ નિષ્ઠાથી સૌ કોઈ તેમનામાં ખેંચાયા હતા. વડતાલના બાહોશ કોઠારીશ્રી ગોરધનભાઈ તો કહેતા કે, 'વડતાલના ૨૦૦૦ સાધુઓ પૈકી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ જેવો સર્વપ્રકારે ધન-સ્ત્રીનો ત્યાગી મેં હજી સુધી દીઠો નથી'

એક પ્રસંગે સુરતમાં ભગતજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરબ્રહ્મપણાની વાત કરતા હતા, જે વાત યજ્ઞપુરુષદાસજીએ પૂર્વે કદી પોતાના ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામી પાસે સાંભળી ન હતી. પરંતુ જ્યારે ભગતજી મહારાજે આ જ વાત તેમની હાજરીમાં તેમના ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામી પાસે કરાવી ત્યારે યજ્ઞપુરુષદાસજીને શ્રીજી મહારાજના અંતરની વાત, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની વાતની સ્પષ્ટ સમજ પ્રાપ્ત થઈ. ભગતજી મહારાજ પાસેથી આવા અલભ્ય જ્ઞાનનો સાક્ષાત્કાર પામી તેઓની રુચિ અને જાગા સ્વામીની આજ્ઞા પ્રમાણે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના આ દિવ્ય જ્ઞાનને સમગ્ર વિશ્વમાં પ્રસરાવવા માટે તેઓ સેવા-તત્પર થયા. ઉપાસનાના કાર્ય માટે તેઓને જાગા સ્વામીએ પણ આશીર્વાદ આપ્યા કે, 'તમે સંકલ્પ ન કરો તે તમારી ખોટ અને અમે પૂરા ન કરીએ તો અમારી ખોટ !' આવા આશીર્વાદ પામી શાસ્ત્રીજી મહારાજ ઉપાસના પ્રવર્તાવવા પ્રભુનું બળ લઈ કાર્યરત થયા.

શ્રીજી અને સ્વામીની જોડે મૂર્તિઓ મધ્ય મંદિરમાં પધરાવાય તે માટે શાસ્ત્રીજી મહારાજ વડતાલ મંદિરમાં રહીને પ્રયત્નો કરવા લાગ્યા. તે માટે



શાસ્ત્રીજી મહારાજના સાધુગુણે યુક્ત પ્રતિભાશાળી વ્યક્તિત્વથી આકર્ષાતા ભક્તો


તેમણે અનેક કષ્ટ સહ્યાં, ભીડો વેઠ્યો, અગણિત તકલીફો તેમજ દ્વેષીઓના દ્વેષ અને અપમાન સહન કર્યાં. શાસ્ત્રીજી મહારાજ સભા કરતા હોય ત્યાં દ્વેષીઓ મરચાંની ધૂણી કરે કે પાણીનાં માટલાંઓ ઢોળી દે ને તેમની સભા થવા ન દે. ભોજનમાં ઝેર આપીને કે અન્ય રીતે પણ તેઓને મારી નાખવાના પ્રયાસ થવા લાગ્યા. પરંતુ, શ્રીજી મહારાજના સત્ય સિદ્ધાંતોને વિશ્વફલક પર પ્રવર્તાવવા માટે કટિબદ્ધ થયેલા આ અલૌકિક સંતવર્યની સર્વ પ્રકારે રક્ષા સ્વયં શ્રીજી મહારાજે જ કરી !

આ સમયકાળમાં અમદાવાદ ગાદીના વારસદાર આચાર્યશ્રી કુંજવિહારીપ્રસાદજી મહારાજે સંજોગવશાત્ વઢવાણમાં ગાદી સ્થાપી અને ત્યાં મંદિર કરવા નિર્ણય કર્યો. મંદિર માટે જમીન સંપાદન અને અન્ય વ્યવસ્થાઓ માટે તેઓને ખાસ મદદની જરૂર હતી. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તાવવા માટે કટિબદ્ધ થયેલા શાસ્ત્રીજી મહારાજે તેમને મંદિરના મધ્યગૃહમાં શ્રી અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવાય તે શરતે સઘળી મદદ આપવા માટે મરજી દર્શાવી. આચાર્યશ્રીએ એ શરત સ્વીકાર્ય રાખી અને વઢવાણમાં મંદિરનું નિર્માણ થયું. પરંતુ વિરોધનો અગ્નિ ભભૂક્યો અને બધી જ સીમાઓ ઓળંગી ગયો. પરિસ્થિતિ વિપરીત થવા લાગી. આચાર્યશ્રી પણ મૂંઝાયા અને છેવટે તેઓએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ મધ્ય ખંડને બદલે બાજુના ખંડમાં પધરાવી. સમગ્ર સંપ્રદાયમાં શ્રી અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પ્રથમ વખત વઢવાણ મંદિરમાં પધરાવાઈ એટલે સૌ સ્તબ્ધ થઈ ગયા. સૌને થયું કે, શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ વડતાલ મંદિરમાં રહીને પણ જો આવાં અકલ્પ્ય કાર્ય કરી શકે છે તો તેઓ બીજું શું ના કરી શકે ?

જો કે, દ્વેષીઓના ઉપદ્રવને કારણે ઉપાસના પ્રવર્તનનું કાર્ય વડતાલમાં રહીને કરવું મુશ્કેલ હતું. સૌ પ્રેમી ભક્તો અને સ્વયં શ્રી કૃષ્ણજી અદાની ઇચ્છા હતી કે, શાસ્ત્રીજી મહારાજ વડતાલ છોડી દે અને ભગવાનનું આ કાર્ય આગળ ધપાવે. પરંતુ, પૂર્વે એક વખત પોતાના ગુરુ ભગતજી મહારાજે પોતાના રાઈ રાઈ જેવડા ટુકડા થઈ જાય તોપણ વડતાલનો દરવાજો છોડવાની ના કહી હતી, તેથી શાસ્ત્રીજી મહારાજ વડતાલમાં રહીને જ ઉપાસના પ્રવર્તનનું કાર્ય કરવા અડગ હતા. ત્યારે શ્રી કૃષ્ણજી અદાએ તે વખતની પરિસ્થિતિનો તાગ માપી લીધો હતો તેથી તેમણે પરભાવમાં આવી કહ્યું કે, "હે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી ! ભગતજીએ તમને વડતાલનો દરવાજો, કહેતાં નિષ્ઠારૂપી દરવાજો છોડવાની ના કહી હતી. વળી, શ્રીજી મહારાજે પણ 'શિક્ષાપત્રી'માં દેશકાળને અનુસાર વર્તવાની આજ્ઞા કરી છે. આ તમારા ગુરુ ભગતજી જ કહે છે તેમ માની અમારી

આજ્ઞા પાળો અને વડતાલથી મહાપ્રસ્થાન આદરો!" વળી, જ્યારે શાસ્ત્રીજી મહારાજે આચાર્યશ્રી પાસે સત્સંગ પ્રવર્તન-વિચરણ અર્થે મંજૂરી આપતી ચિઠ્ઠી મંગાવી ત્યારે આચાર્યશ્રીનો પણ યોગ્ય પ્રતિભાવ ના મળ્યો. તેથી હવે તેઓ પાસે પ્રસ્થાન કરવા સિવાય અન્ય કોઈ માર્ગ બચ્યો ન હતો.

આમ જ્યારે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની શુદ્ધ અને સનાતન ઉપાસનાના પ્રવર્તનનો સમય આવ્યો ત્યારે સાથે આવ્યા માત્ર પાંચ સંતો સ્વામી નિરંજનદાસ, સ્વામી નારાયણ- ચરણદાસ, સ્વામી ભક્તિજીવનદાસ અને ગોવિંદ સ્વામી (મોટા) આદિ અને આંગળીના વેઢે ગણાય તેટલા હરિભક્તો. પ્રભુએ કસણી આપી તો શાસ્ત્રીજી મહારાજે પણ પ્રભુના બળે અને કૃષ્ણજી અદાની આજ્ઞાથી કમર કસી ! ભગવાનના દિવ્ય જ્ઞાનનો ડંકો મારવા તેઓ સંકલ્પબદ્ધ હતા. શ્રદ્ધાનો એવો દીવડો સૌના હૈયે પ્રગટ્યો કે જે ઓલાવ્યો ન ઓલવાયો ! નિયતિએ સમય નક્કી કર્યો અને શુદ્ધ સનાતન શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે વિક્રમ સંવત ૧૯૬૨ના કાર્તિક પૂર્ણિમાના સમૈયાના બીજા દિવસે વડતાલથી મહાભિનિષ્ક્રમણ કર્યું. આ મહાપ્રસ્થાન પહેલાં તેઓએ વડતાલ મંદિરે શ્રી હરિકૃષ્ણ મહારાજ સમક્ષ પધારી આર્દ્રભાવે પ્રાર્થના કરી કે, 'હે મહારાજ ! અમારે તો આપનું સ્થાન મૂકવું નથી, પણ આપના યથાર્થ મહિમાના પ્રવર્તન માટે અને આપના ધામ - ગુણાતીતાનંદ સ્વામીના યથાર્થ સ્વરૂપની ઓળખાણ સૌને થાય તે માટે નીકળીએ છીએ. તો હે પ્રભુ ! સદાય અમારી સાથે રહેજો અને રક્ષા કરજો.'



હે પ્રભુ ! સદાય અમારી સાથે રહેજો અને રક્ષા કરજો !

મંદિરના હનુમાનજીવાળા દ્વારથી શાસ્ત્રીજી મહારાજ અને સાથે પાંચ સંતો નીકળ્યા. ગોમતીજીએ પહોંચ્યા અને ત્યાં જોયું તો શાસ્ત્રીજી મહારાજના પ્રેમમાં ઝબોળાયેલા ભક્તો પોતાના આત્મપ્રાણને જવા દેવા તૈયાર ન હતા. કોઠારી ગોરધનભાઈના હૈયે પણ અસહ્ય વેદના પ્રસરી હતી. કારણકે તે સૌને ખબર હતી કે, આ માત્ર શાસ્ત્રીજી મહારાજ નથી જતા, પણ વડતાલનું હીર જાય છે !

અખંડ સુખ, શાંતિ અને આનંદ સહજ સૌના જીવનમાં સ્થપાય એટલે કે, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંત સહજ સૌના જીવનમાં વણાઈ જાય તે માટેનું આ મહાપ્રસ્થાન હતું, ભક્તોનાં કલ્યાણ માટેની શાસ્ત્રીજી મહારાજની આ મહાયાત્રા હતી. 'સત્પુરુષ મોક્ષનું દ્વાર છે' એ જ્ઞાનને સૌ પામી જાય તે માટે આ નિ:સ્વાર્થ પ્રયાણ હતું.

શાસ્ત્રીજી મહારાજે મહાપ્રસ્થાનની પહેલી રાત સરદાર વલ્લભભાઈ પટેલના પિતાશ્રી ઝવેરભાઈની ઇચ્છા-આમંત્રણથી કરમસદમાં વિતાવી. ત્યાં ઝવેરભાઈ અને ભક્તો સાથે ગોષ્ઠિ કરી બીજા દિવસે બોચાસણ પધાર્યા. વડતાલમાં શાસ્ત્રીજી મહારાજના હેતવાળા સંતોને ઉપાધિઓ આવવા માંડી. તેથી તેઓએ પણ શાસ્ત્રીજી મહારાજ સાથે જોડાવાનું નક્કી કર્યું.

શાસ્ત્રીજી મહારાજના આ મહાભિનિષ્ક્રમણ બાદ પણ ઉપાધિઓ શમી નહોતી. ઘણાં ગામોમાં ખોટી ચડવણીથી ગામજનો વિરોધ કરતા, જાકારો આપતા અને બંડિયા કહીને ગાળો દેતા, માર મારતા અને અપમાન પણ કરતા. પરંતુ સર્વ સંજોગોમાં ભગવાનનું કર્તાપણું સ્વીકારી શાસ્ત્રીજી મહારાજ અને સંતોએ ઉપાસનાનું કાર્ય માત્ર ઉપદેશથી નહિ, પરંતુ વર્તનથી પણ પ્રવર્તાવ્યું.

ઉપાસના પ્રવર્તન માટે વિચરણ કરવું પડે અને તેમાંય સંતોએ જોડમાં ફરવું તે શ્રીજી મહારાજનો નિયમ ! ટ્રેનની ટિકિટ ખરીદીમાં વધુ પૈસા વપરાઈ ન જાય તે માટે શાસ્ત્રીજી મહારાજે અડધિયા સાધુની જોડ કરી કે જેથી તેમની અડધી જ ટિકિટ લેવી પડે. પરંતુ તે સાધુ પણ એટલા નાના હોય કે તેમની સેવા પણ શાસ્ત્રીજી મહારાજને જ કરવી પડે. એક જગ્યાએથી બીજી જગ્યાએ સત્સંગ માટે વિચરણ કરવા ટ્રેન કે ડમણિયું વાપરે. કશું ના મળે તો ચાલતા જ નીકળી પડે. ઘણી વખત એવું પણ બને કે, દૂરના પ્રવાસોમાં પહેલેથી ટપાલ લખીને આગલા સ્ટેશને ગાડું બોલાવ્યું હોય, પણ ગાડાવાળો ભાઈ ગાડું મોકલવાનું જ ભૂલી જાય. અને તેવી પરિસ્થિતિમાં ત્રણ-ચાર ગાઉ ચાલીને પણ પહોંચવું પડે.

રાત-દિવસ, ઠંડી-ગરમી, જંગલ કે ઝૂંપડી કશું જ તેઓએ ગણકાર્યું નહિ. ભૂખ અને તરસ સાથે જીવવું તો તેઓને સહજ થઈ ગયું હતું. ભિક્ષામાં જે ચોખા મળે તેને સાફ કરેલા કેરોસીનના ડબ્બામાં રાંધી તેને જ ખીચડી ગણી અત્યંત પાતળી પાણીવાળી છાશ સાથે જાણે છપ્પનભોગ મળ્યો હોય તેવા ભાવથી શ્રી ઠાકોરજીને ધરાવી ગ્રહણ કરતા. અંધારી રાત અને તેમાં નદીનાળાં ખૂંદીને ભક્તોને ત્યાં પહોંચવામાં આખી રાત પસાર થઈ જાય ને વળી પાછું સવારે સત્સંગ સભાઓ, ગોષ્ઠિ કરવી એ વાત કાંઈ સહેલી ન હતી. પ્રભુની સામર્થી વગર આ શક્ય ન હતું. પણ તેમાંય, સંતો-ભક્તોનો ભાવ અદમ્ય

હતો. શાસ્ત્રીજી મહારાજને ઘણા મોભી, નિષ્ઠાવાન ભક્તોએ સાથ આપ્યો.

શાસ્ત્રીજી મહારાજ શ્રી અક્ષરપુરુષોત્તમ યુગલ સ્વરૂપની તત્ત્વે સહિત નિષ્ઠાની અપૂર્વ વાતો કરતા. ભગવાન સદાકાળ સાધુરૂપે પ્રગટ છે અને એવા સાધુ એટલે ગુણાતીતાનંદ સ્વામી. ત્યારબાદ ભગતજી મહારાજ ! આવી વાતો સચોટ દૃષ્ટાંતો સાથે તેઓ કરતા જેથી સૌને ગેડ બેસતી. વળી, કોઈ દિવસ વડતાલ માટે પોતે વાંકું તો ન જ બોલે, અને કોઈ બોલે તો તેને ચલાવી પણ ન લે. સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ છે અને તે આ પૃથ્વી ઉપર સદાય સાધુ દ્વારા પ્રગટ છે અને રહેશે – એવી ઉપાસનાની જડબેસલાક વાતો 'વચનામૃત' અને શાસ્ત્રોના આધારે તેઓ કરતા, જેની સૌ ભક્તો તથા સંતોના હૈયામાં દૃઢ પ્રતીતિ થતી.



બોચાસણમાં મધ્યમંદિરે બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા આરતી

જે દિવસે આ રકમ ખૂટશે ત્યારે વિચાર કરીશું એમ કહી સૌને આશીર્વાદ આપ્યા.

હવે, મંદિર ક્યાં કરવું તે પ્રશ્ન સૌને થતો હતો. આણંદમાં જ મંદિર થાય તે માટે સ્થાનિક ભક્તોનો વિશેષ ભાવ હતો. ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે, શ્રીજી મહારાજની ઇચ્છા વડતાલ, બોચાસણ અને બામણગામમાં મંદિર કરવાની હતી. આટલું કહી શ્રીજી મહારાજે બોચાસણના કાશીદાસ મોટાને પોતાના ધામ સાથે બિરાજવાનો જે વર આપ્યો હતો તે પ્રસંગની સ્મૃતિ કરાવી અને બોચાસણમાં જ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનું મંદિર કરવા પર મહોર મારી.

ત્યારબાદ આણંદથી સંતો-ભક્તો સીધા બોચાસણ પધાર્યા. અહીં ભક્તોએ બે-ત્રણ જમીન બતાવી. પરંતુ, જાણે-અજાણે સૌને

ભક્તોને શાસ્ત્રીજી મહારાજમાં અને તેઓ દ્વારા પ્રવર્તિત દિવ્ય જ્ઞાનમાં અપ્રતિમ શ્રદ્ધા હતી; તેથી, ભક્તોએ શાસ્ત્રીજી મહારાજને આણંદ તેડાવી સંવત ૧૯૬૨ના ફાગણ સુદી પૂનમનો સમૈયો કેશવલાલ પ્રાગજીને ત્યાં કરવાનું નક્કી કર્યું. વડતાલમાંથી નીકળ્યા બાદ આ પ્રથમ મોટો સમૈયો હતો, તેથી આ ઉત્સવ અપ્રતિમ થાય તેવી સૌની ભાવના હતી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ આણંદમાં ઉત્સવ કરે છે તે વાત વાયુવેગે કેટલાક દ્વેષીઓને ના રુચી. આ ઉત્સવ ન થાય તે માટે ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ કેશવલાલભાઈએ અને અન્ય સૌ ભક્તોએ વિરોધીઓની કોઈ વાત સાંભળી જ નહીં.

આ સમૈયામાં ૭૦૦થી ૮૦૦ ભક્તોનો સંઘ એકત્ર થયો. લીમડીથી દીવાન શ્રી ઝવેરભાઈ નાથાભાઈ, સોખડાથી ત્રિભોવનદાસ મોટા, ચાણસદથી મનસુખરામ વૈદ્ય તથા કાળીદાસ, સાધીથી આશાભાઈ પ્રભુદાસ તથા ઈશ્વરભાઈ, વીરસદથી શંકરભાઈ જોરાભાઈ અમીન, પેટલાદથી પ્રભુદાસ વકીલ, અમદાવાદના મંછારામ શેઠ આદિ ભક્તો અને કરમસદ, ધર્મજ, ભાદરણ, નાર, વસો, સોજિત્રા, નડિયાદ, અમદાવાદ, ભરૂચ આદિ ગામોના ઘણા હરિભક્તો આ પ્રસંગે પધાર્યા. સમૈયો અલૌકિક થયો.

આ સમૈયામાં ભેગા થયેલા તમામ ભક્તોએ શાસ્ત્રીજી મહારાજને જુદું મંદિર કરવા આગ્રહ કર્યો પણ વડતાલ સાથે સમાધાન થશે તે ભાવનાથી શાસ્ત્રીજી મહારાજે એવી કોઈ પ્રવૃત્તિ કરવાની ના કહી. પરંતુ, ભક્તોનો ખૂબ આગ્રહ હતો તેથી શાસ્ત્રીજી મહારાજ સંમત થયા અને મંદિર માટેનો ખરડો શરૂ કર્યો. દરેક ભક્તોનો ખૂબ ઉત્સાહ હતો તેથી કાચા કલાકમાં જ મંદિર માટે ચાલીસ હજાર રૂપિયા એકત્ર થયા. એટલે શાસ્ત્રીજી મહારાજે લખણી બંધ કરાવી અને ખરચતાં

દર્શન થાય તેવી જગ્યા લેવાનો શાસ્ત્રીજી મહારાજનો ભાવ હતો, તેથી હમણાં જે જગ્યાએ મંદિર છે તે જગ્યા પસંદ થઈ. તે સમયે ત્યાં કેટલાક હરિજનોનાં ઘર હતાં. તે તમામ ઘરો હરિજનોને બીજી જગ્યાએ નવાં કરી આપવાની શરતે લઈ લીધાં અને મંદિર માટે જમીન ચોખ્ખી કરી દીધી.

બીજી બાજુ વિરોધીઓની પ્રવૃત્તિઓ ચાલુ જ હતી. કોઈ પણ રીતે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી અને તેમના સંતો-ભક્તોને તકલીફ આપવી તે સહજ બની ગયું હતું. તેવામાં શ્રીજી મહારાજના આશીર્વાદથી અને સમાજના પ્રતિષ્ઠિત લોકોની મદદથી ધીમે ધીમે દ્વેષીઓનો દ્વેષ ઉઘાડો થવા લાગ્યો. સૌ કોઈ શાસ્ત્રીજી મહારાજની સાધુતાથી વાકેફ થતા ગયા અને તેમનો પક્ષ લેતા ગયા. જેમણે જેમણે સાધુઓને રંજાડ્યા, સત્કર્મનો વિરોધ કર્યો, સાચા જ્ઞાનની મજાક ઉડાવી તેઓને આ દ્રોહનું ફળ તરત જ મળ્યું. જેથી સૌને પોતાની ભૂલ સમજાઈ અને શાસ્ત્રીજી મહારાજનો માર્ગ સાચો છે તે સ્થિર થયું.

ત્યાર પછી તો સોખડામાં સમૈયો થયો અને ત્રિભોવનદાસ મોટાએ સમૈયો પોતાની વિશાળ વાડીમાં યોજ્યો, જેમાં તેઓએ શાસ્ત્રીજી મહારાજની અદ્ભુત સેવા-પરિચર્યા કરી. સમૈયો સુંદર રહ્યો અને આશરે ૫૦૦ હરિભક્તો તેમાં પધાર્યા. આ પછી છાણીના સમૈયામાં પણ શાસ્ત્રીજી મહારાજનો પ્રભાવ નિહાળી વિરોધીઓના હાથ હેઠા પડ્યા.

શાસ્ત્રીજી મહારાજની પ્રતિભાથી સૌ આકર્ષાતા. તેઓ કોઈ પણ કાર્ય એટલી સહજતાથી પાર પાડી દેતા કે, સૌ આશ્ચર્યમાં પડી જતા. તેમની કાર્યશૈલી અને કાર્યશક્તિનાં દર્શન કરી સૌ અચંબિત થઈ જતા. સૌને તેમનામાં શ્રીજી સમા ઐશ્વર્યની સહજ જ અનુભૂતિ થતી.

બોચાસણ મંદિરની જગ્યાએ જેમનાં ઝૂંપડાંઓ હતાં તેમના માટે ઘર બની રહ્યાં હતાં અને નળિયાં જ લગાડવાનાં બાકી હતાં ને તેવામાં ધોધમાર વરસાદ પડે તેવું વાતાવરણ સર્જાયું. સૌ ગભરાયા ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે, 'ઇન્દ્ર રોકાશે અને આજની રાતમાં જ સૌ કામ થઈ જશે.' અને બન્યું પણ એવું જ ! આવાં દર્શન પામી સૌને સ્પષ્ટ થતું ગયું કે, સ્વામી દ્વારા ભગવાન પોતાનું અધૂરું કાર્ય પાર પાડી રહ્યા છે.

સોખડાના ત્રિભોવનદાસજી પ્રતિષ્ઠિત નિષ્ઠાવાન શૂરવીર ભક્તરાજ હતા. તેઓ હંમેશાં નીચી દૃષ્ટિ જ રાખતા અને વડોદરાનાં ગામોમાં, ગાયકવાડી સરકારમાં તેમનો અદ્ભુત પ્રભાવ હતો. તેઓએ શાસ્ત્રીજી મહારાજના કાર્યમાં શિરસાટે પક્ષ રાખી સહયોગ આપ્યો હતો. તેથી શાસ્ત્રીજી મહારાજની ઇચ્છા મુજબ બોચાસણ મંદિરનું ખાતમુહૂર્ત શ્રી ત્રિભોવનદાસજીને હસ્તે થયું ! મંદિરના કામકાજનો વહીવટ ગિરધરભાઈ મુખીને સોંપ્યો. મંદિરનું કામકાજ ઝડપથી ચાલતું હતું. ખાતમુહૂર્તથી લઈ નિર્માણકાર્યમાં હજુ પણ વિરોધીઓ વિરોધ ઊભો કરતા.

તેવામાં શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં જળઝીલણી ઉત્સવ કર્યો. બારસની રસોઈ કાશીદાસ મોટાના વંશજ હીરાભાઈ મુખીએ કરી. હીરાભાઈની ધાક માત્ર બોરસદ તાલુકામાં જ નહિ, પણ આખા ચરોતર પંથકમાં હતી. પોલીસ અમલદારો પણ હીરાભાઈનું નામ લઈ શકતા નહિ તો સામાન્ય માણસોની તો શી વિસાત ! સાધુઓ ગામમાં છે તેથી તેમને અન્ન જમાડવા હીરાભાઈએ ભાવથી રસોઈ આપી. શાસ્ત્રીજી મહારાજે સૌ સંતો-ભક્તોને જમાડ્યા પણ પોતે જમ્યા નહિ. કારણ હતું, હીરાભાઈનું જીવન ! આ વાતની જાણ હીરાભાઈને થઈ એટલે તેઓ શાસ્ત્રીજી મહારાજને મળવા આવ્યા પણ આંખમાં આંખ પરોવી શક્યા નહિ. જાણે અજાણી શક્તિએ તેમને બાંધી રાખ્યા હોય તેવું તેમને અનુભવાયું. પોતે કરેલાં પાપકર્મોનું દુઃખ હૈયામાં ઊમટવા માંડ્યું. આ ગ્લાનિ તેઓ સહન કરી શક્યા નહિ. શાસ્ત્રીજી મહારાજની દિવ્યતાનાં દર્શન-અનુભવ થતાં ઘડીકમાં જ તેઓ પરસેવે રેબઝેબ થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજે તેમનો હાથ પકડ્યો અને શુદ્ધ વર્તમાન રાખવા ઉપદેશ કર્યો. સાધુના પ્રેમાળ સ્પર્શથી અંતરમાં દિવ્યતા છવાઈ અને આખરે હીરાભાઈ સત્સંગી બન્યા. હીરાભાઈ જિતાયા તે વાત વીજળીવેગે ચારેકોર ફેલાઈ. શાસ્ત્રીજી મહારાજનાં પ્રભાવ અને સામર્થ્યને મનોમન સૌ કોઈ વંદી રહ્યા. ત્યારપછી તો હીરાભાઈને મંદિરની પ્રવૃત્તિમાં વિઘ્નો નાખવા રૂપિયા-પૈસાનાં પ્રલોભન આપ્યાં, છતાં હીરાભાઈ ડગ્યા નહિ. તેઓ તો શૂરવીરતાથી કહેતા કે, 'મારા ગામમાં મંદિર થાય છે તેમાં મારી પણ શોભા છે. માટે જો કોઈ તેમાં વિઘ્નો નાખશે તો તેની ખેર નથી !'

શાસ્ત્રીજી મહારાજે મંદિર નિર્માણની સાથે અમદાવાદ, સંજાયા, નાર આદિ સ્થાનોમાં પણ સમૈયા કરાવ્યા. ગામોગામ વિચરણ કરી ઉપાસનાની વાતો કરી. પોતાનું અલૌકિક ઐશ્વર્ય છૂપું રાખી કેવળ મહારાજ અને સ્વામીને જ આગળ રાખ્યા. નિર્માન, નિર્મોહ, નિઃસ્વાર્થ, નિર્લોભ અને નિઃસ્વાદ અવસ્થાનાં દર્શન કરી સૌ તેમનામાં જોડાતા. આમ, તેમનો સંઘ મોટો થતો ગયો.

સંવત ૧૯૬૩ના માગશર સુદ પૂનમનો સમૈયો બોચાસણમાં થયો અને ત્યાં સુધીમાં મંદિર કરવા માટે આસપાસની મોટી જગ્યા મળી ગઈ હતી. તેથી માગશર વદ પડવાના દિવસથી મંદિરના પાયા ખોદવાની શરૂઆત બોચાસણના મુખી અને મંદિરના કોઠારી ગિરધરભાઈના હસ્તે થઈ. મંદિરના કારખાનાની જવાબદારી અક્ષરપુરુષદાસજી સ્વામીને સોંપાઈ. ગામના મુખ્ય આગેવાનોએ મંદિર નિર્માણ કાર્યમાં ખૂબ મદદ કરી. સોખડાના ત્રિભોવનદાસભાઈએ તો તેમની ખેતી બંધ રાખી છ ગાડાં, છ જોડ બળદ મંદિરની સેવામાં અર્પણ કર્યાં. આસપાસનાં ગામોના ભક્તોએ પણ વિવિધ રીતે મદદ કરી. મંદિર નિર્માણમાં પોરબંદરી પત્થરો વપરાયા, જેને ઉતારવા-ચડાવવાના કાર્યમાં સૌ ભક્તો જોડાયા અને જલદીથી જ તેની ઘડાઈનું કામ પણ શરૂ થયું.

પાયા ગાળવાનું કામ ચાલતું હતું ને પાણી આવે તેટલી ઊંડાઈએ જ પુરાતની ઈંટોથી બંધાયેલો ગોળ કૂવો આવ્યો. તેની ઉગમણી દિશાએ ત્રણ ફૂટની ચોરસ ચોકડી આવી. તે ખોદતાં તેમાં દટાયેલી લક્ષ્મીના ચરુ જડ્યા. એટલે તે શાસ્ત્રીજી મહારાજને બતાવ્યા. તેને જોઈ પરભાવમાં આવી શાસ્ત્રીજી મહારાજ બોલ્યા કે, 'તે લક્ષ્મીને પાયામાં દટાયેલી જ રહેવા દો. આપણે તો મૂર્તિમાન લક્ષ્મીજીને પધરાવીશું, જે આખા બ્રહ્માંડની લક્ષ્મીને અહીં ખેંચી લાવશે અને અનેકનાં કલ્યાણ કરશે.' સૌને આશ્ચર્ય થયું કે, શાસ્ત્રીજી મહારાજને લક્ષ્મીની તાણ છે છતાં આ સામેથી પ્રાપ્ત થયેલી લક્ષ્મી સ્વીકારતા નથી ! પણ સાથે જ સૌને ભગવાનનાં કાર્યમાં જોડી, સુખિયા કરવાની, કલ્યાણ કરવાની શાસ્ત્રીજી મહારાજની ભાવનાને પણ સૌ સમજી ગયા. તેમને કેવળ શ્રીજી અને સ્વામીનો જ આશરો હતો, અન્ય કોઈનો ભાર ન હતો તે સ્પષ્ટ દર્શન સૌને આ પ્રસંગે થયું.

જોતજોતામાં તો મંદિર સંપૂર્ણ આકાર લેવા માંડ્યું. અશક્ય લાગતું કાર્ય શાસ્ત્રીજી મહારાજે પ્રભુના બળે અને કૃપાથી અત્યંત સહજતાથી શક્ય કરી દીધું. અને વૈશાખ વદ દશમનું મૂર્તિપ્રતિષ્ઠાનું મુહૂર્ત પણ નક્કી કરી દીધું. આ સમાચાર વિદ્યુતવેગે સર્વ ઠેકાણે પહોંચી ગયા. વળી, પૃથ્વી પર પ્રથમ વખત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મધ્ય મંદિરે બિરાજશે તેના આનંદથી શાસ્ત્રીજી મહારાજના સંતો અને ભક્તો ઝૂમી ઊઠ્યા. ઝવેરભાઈ, ત્રિભોવનદાસ અને હીરાભાઈ- આ ત્રણ શૂરવીર ભક્તોના શુભહસ્તે પ્રતિષ્ઠાયજ્ઞનો આરંભ થયો. યજ્ઞની આહુતિઓ સાથે મંત્રોચ્ચાર ગુંજી ઊઠ્યા. સૌએ રસોઈ, ઉતારા, સરભરા આદિ વિભાગોની સેવાઓ સંભાળી લીધી. ગુજરાત અને સૌરાષ્ટ્રથી હજારોની સંખ્યામાં ભક્તો પધાર્યા હતા. આ પ્રસંગમાં કોઈ વિઘ્ન આડું ન આવે તે માટે સ્વયંસેવકો રક્ષામાં ચારેકોર સજ્જ હતા.

યજ્ઞવિધિ બાદ પ્રતિષ્ઠાના શુભ મુહૂર્તમાં શ્રીજી મહારાજની મૂર્તિ ઉપાડી અને મધ્ય ખંડમાં યથાસ્થાને સંતો-ભક્તોએ પધરાવી. પછી જ્યારે

ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ ઊંચકવા ગયા તો તે ઊંચી જ ન થઈ. તે મૂર્તિ તો વજનમાં શ્રીજી મહારાજની મૂર્તિ કરતાં પણ હલકી હતી છતાં ઘણાએ પ્રયત્નો કર્યા પણ મૂર્તિ સહેજ પણ ન ખસી. સૌ થાક્યા, ત્યારબાદ આ વાત બધાએ શાસ્ત્રીજી મહારાજને કરી. શાસ્ત્રીજી મહારાજ કારીગરના હાથમાંથી ટાંકણું લઈને ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ સમક્ષ પધાર્યા. બે હાથ જોડી પ્રાર્થના કરી કે, 'હે સ્વામી ! આપના સારુ તો વડતાલથી નીકળ્યા છીએ. અપમાન, સંકટ અને તિરસ્કાર આપના સારુ સહન કર્યાં. તો હવે આપ દયા કરી સ્વસ્થાને બિરાજો !' એમ કહી શાસ્ત્રીજી મહારાજે મૂર્તિ નીચે ટાંકણું ભરાવ્યું અને તરત જ મૂર્તિ ઊંચી થઈ એટલે સૌએ તે મૂર્તિ યથાસ્થાને પધરાવી. ત્યારબાદ શાસ્ત્રીજી મહારાજે મૂર્તિઓની પ્રતિષ્ઠાવિધિ કરી, પ્રતિષ્ઠા આરતી અર્પણ કરી.


બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનાં દિવ્ય દર્શન

અક્ષરપુરુષોત્તમ મહારાજની નિષ્ઠા પાકી કરવા મુમુક્ષુઓને બોચાસણનો માર્ગ બતાવતા. થોડા સમય બાદ બોચાસણમાં મંદિર સમક્ષ દરવાજાનું કામ શરૂ કરવું હતું; પણ, દરવાજો કરવા જમીનની સંકડાશ હતી તેથી વધારાની જમીન જોઈતી હતી. શાસ્ત્રીજી મહારાજે ગિરધરભાઈ મુખી અને ઝવેરભાઈને તે અંગે વાત કરી. તે ભાગોળની જમીન હતી તેથી એક તસુ પણ મળવું મુશ્કેલ હતું. પરંતુ શાસ્ત્રીજી મહારાજનો નિર્ણય અડગ હતો એટલે ભક્તોએ ગામમાં વાત કરી. ધનજી મતાદારને સમજાવ્યા. પરંતુ, મતાદાર ન માન્યા. બીજી સવારે શાસ્ત્રીજી મહારાજ દરવાજાની જગ્યાએ ઊભા હતા ત્યાં બેચર કિસા નામના માથાભારે વ્યક્તિએ શાસ્ત્રીજી મહારાજને ગાળો ભાંડવા માંડી અને ગમેતેમ બોલવા લાગ્યો. કોઈથી તે સંભળાયું નહિ, પણ સૌએ શાંતિ રાખી બેચર કિસાને સત્કાર્યમાં જોડવા, મદદરૂપ થવા સમજાવ્યો. પછી શાસ્ત્રીજી મહારાજે ઉપદેશ કર્યો. તેઓના વચને તેનું અંતઃકરણ ફેરવાયું અને જમીન આપવા તે તૈયાર થયો.

શાસ્ત્રીજી મહારાજે પોતાના હાથમાં જે દંડો હતો તે બેચર કિસાને આપ્યો એટલે તેણે ચાર દંડા જમીન માપી આપી. ત્યારે બીજા બે દંડા શાસ્ત્રીજી મહારાજે પોતાના તરફથી વધુ મપાવી અને ત્યાં શાસ્ત્રીજી મહારાજે લાકડાની ખૂંટીઓ મરાવી. ધનજી મતાદારથી આ સહન થયું નહિ એટલે તેણે ખૂંટીઓ કાઢવાની વાત કરી. શાસ્ત્રીજી મહારાજે તેને રોક્યો અને કહ્યું કે, 'આ તો શેષનાગને માથે ખીલી છે માટે તેને કાઢશો નહિ.' પરંતુ, આવેગમાં આવી મતાદારે એક ખૂંટી કાઢીને જોયું તો તેના નીચલા ભાગમાં લોહી દેખાયું. એટલે તે ગભરાયો અને ખૂંટી પાછી મારી દીધી. વિરોધીઓ વિખરાયા અને હવે પછીથી ક્યારેય શાસ્ત્રીજી મહારાજનું અનિષ્ટ કરવામાં કે મંદિરના કાર્યમાં વિઘ્નો નાખવામાં સહભાગી નહિ બનીએ તેવું મનોમન નક્કી કર્યું. આમ, દરવાજા માટે જોઈતી જગ્યા મળી ગઈ. આ દરવાજો માત્ર બોચાસણ મંદિરનો જ નહિ, પરંતુ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના જ્ઞાનને પામવા ઝંખતા પ્રત્યેક મુમુક્ષુ માટે મોક્ષનો દ્વાર બની રહ્યો !

આમ, શાસ્ત્રીજી મહારાજની ભીડા-ભક્તિથી બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો જયઘોષ સર્વત્ર વ્યાપી ગયો. શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો દિગંતે ડંકો વાગ્યો ! ◆

ડૉ. ધનંજય પટેલ

સમગ્ર બ્રહ્માંડમાં શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો દિગ્વિજય થયો. ચરોતરનો ચોક શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના જયઘોષથી ગુંજી ઊઠ્યો. ઉપાસનાના જ્ઞાન-પ્રકાશથી અજ્ઞાનરૂપી અંધકારને શાસ્ત્રીજી મહારાજે ભગાડ્યો. શ્રીજી મહારાજે કાશીદાસ મોટાને આપેલો વર સાકાર થયો. વડતાલથી મહાપ્રસ્થાન કર્યાના માત્ર છ જ મહિનામાં આ કાર્ય મહારાજની કૃપા અને મરજી અનુસાર શાસ્ત્રીજી મહારાજના પ્રૌઢ પ્રતાપે સંપન્ન થયું.

આ પ્રસંગે ગામજનોએ ગામનું ખેતર મંદિરની વ્યવસ્થા માટે ભેટ આપ્યું. વળી, ત્યાં જ નજીકમાં રામજી મંદિરના કબજામાં જે વાડી હતી તે પણ શાસ્ત્રીજી મહારાજને લેવી હતી. ગિરધરભાઈ અને ઝવેરભાઈના પ્રયાસ છતાં તે વાડી મળી નહિ, એટલે શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે, 'એ વાડી વગર કિંમતે સેવામાં આપણને મળશે.' પછીથી સંજોગો એવા સર્જાયા કે, રામજી મંદિરના જે મહંત વાડી આપવાની ના કહેતા હતા, તેમને લગ્ન કરવાનું મન થયું. જે મંદિરના મહંત માટે નિયમ વિરુદ્ધ હતું. ગામલોકોએ તેનો વિરોધ કર્યો. ગામના મોભીઓ ઝવેરભાઈ અને ગિરધરભાઈનો સાથ મેળવવા બાવાજીએ વાડીની જમીન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની સેવામાં ભેટ ધરવાની વાત કરી. આ બધું શાસ્ત્રીજી મહારાજના વચને જ થઈ શક્યું તેનો સૌને અનુભવ થયો. વળી, શાસ્ત્રીજી મહારાજે તે બાવાજીને તે વાડીની અમુક રકમ આપીને રાજી કર્યા.

મંદિરની પ્રવૃત્તિ આરંભાઈ. થાળ-આરતી, જ્ઞાન-ગોષ્ઠિ આદિ નિયમિત થવાં લાગ્યાં. વળી, સંવત ૧૯૬૪ની વસંત પંચમીએ સર્વપ્રથમ 'સત્સંગી જીવન'ની પારાયણ પણ યોજાઈ. હવે શ્રી કૃષ્ણજી અદા પણ સત્સંગીઓને શ્રી





સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

*વચનામૃત ગઢડા અંત્ય - ૩૯ : 'વિશલ્યકરણી ઓષધિનું'નું નિરૂપણ*
*૧૩ એપ્રિલ ૨૦૧૭, સાયં સભા, પારમિતા મંદિર, બ્રહ્મજ્યોતિ, મોગરી*

**સ્વામિનારાયણ** ભગવાને આ વચનામૃતમાં 'માયા'નું રૂપ કહ્યું. ગઢડા પ્રથમ પ્રકરણના પહેલા વચનામૃતમાં પણ 'માયા એટલે શું ?' એનો મહારાજે જવાબ આપ્યો છે કે, 'ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવામાં જે આડું આવે એ માયા.' એટલે કે, ભગવાનના થઈને જીવન જીવવામાં, સત્પુરુષ અને ભગવાનના ભક્તોમાં નિર્દોષભાવ, દિવ્યભાવ રાખવામાં, ભગવાનની સેવા-ભક્તિ કરવામાં જે આડું આવે એને 'માયા' કહી. અને અહીંએ જ માયાનું વિશેષ રૂપ કહ્યું. દેહને વિશે અહંબુદ્ધિ કે, આ દેહ તે હું છું અને દેહનાં સંબંધીને વિશે અથવા તો દેહને વળગેલાં બધાં ચીજ-વસ્તુ-પદાર્થોને વિશે મારાપણાની મમત્વબુદ્ધિ એ 'માયા'. કારણ કે, એને લઈને ભગવાનને વિશે, સત્પુરુષને વિશે અને ભક્તોને વિશે ભાવફેર થાય છે એટલે એને 'માયા' કહી. આ દેહ ભગવાને આપેલું શ્રેષ્ઠ ઈન્સ્ટ્રુમૅન્ટ છે - જો એને ભગવાનને રાજી કરવા માટે વાપરીએ તો ! આ દેહ એ ભગવાને આપેલી ભેટ છે, એવું માનીએ તો એના વિશે અહંબુદ્ધિ - મારાપણાનો ભાવ ના રહે.

કોઈ વ્યક્તિએ આપણને એની ગાડી વાપરવા આપી હોય, સ્કૂટર વાપરવા આપ્યું હોય કે મકાન વાપરવા આપ્યું હોય, તો આપણને એમ ના થાય કે, ચાલો આપણે આ મકાનમાં પૈસા ખર્ચીને એનું રિનોવેશન કરાવીએ અને એને સારું બનાવીએ; કારણ કે, એ મકાન આપણું નથી. બે વરસ પછી એને ખાલી કરવાનું છે. ગાડી પણ આપણી નથી, વરસ પછી એ ભાઈ આવશે એટલે પાછી આપી દેવાની છે. એમ આ દેહ પણ આપણું નથી. પરંતુ, જ્યાં સુધી આપણે મકાન વાપરીએ છીએ ત્યાં સુધી મકાનને સાફસૂથરું રાખવું પડે, મકાનને મૅઇનટેઇન કરવું પડે. કાચની બારી તૂટી ગઈ હોય તો આપણને પવન ને ઠંડી લાગે એટલે કાચની બારી ના તૂટે, કંઈ તોડ-ફોડ ના થાય એનું ધ્યાન રાખવું પડે. કારણ કે, આપણે એ મકાનમાં રહેવાનું છે. કોઈએ આપણને ગાડી વાપરવા આપી હોય, પણ એમાં પાણી, હવા, પૅટ્રૉલ ચૅક કરવાં પડે, ગાડી સાફસૂથરી રાખવી પડે. કારણ કે, ગાડી આપણે ચલાવવાની છે. પણ એ આપણી નથી એવું માનીએ છીએ એટલે એને વિશે મમત્વભાવ-મારાપણાનો ભાવ નથી થતો. એમ સ્વામિનારાયણ ભગવાન કહે, 'આ દેહ ભગવાને આપેલી ભેટ છે.' કોઈ મકાનમાં બે-પાંચ વરસ રહેવાના હોઈએ, કોઈએ કાર એક-બે વરસ માટે વાપરવા આપી હોય, એમ ભગવાને આ દેહ ૭૦-૭૫-૮૦-૯૦ કે ૧૦૦ વર્ષ આપણને વાપરવા આપ્યું છે. આપણે એમાં લાંબા સમય સુધી રહેવાનું છે એટલે તે સાફસૂથરું રહે, સારું રહે એના માટે આપણે જે કંઈ કરીએ એ આપણી ભક્તિ છે. પણ એ દેહની પળોજણને લીધે ભગવાનની ભક્તિ ચુકાય, સત્પુરુષની આજ્ઞા ચુકાય, ભગવાન ને ભગવાનના ભક્તોને વિશે ભાવફેર થાય તો એ અહંબુદ્ધિ થઈ, અહંકાર થયો, મારાપણાનો ભાવ થયો; અને તે માયા છે.

દેહ માયા નથી. પણ દેહને વિશે ઓતપ્રોત થઈએ એના કારણે કોઈ આ દેહને બે ગાળો ભાંડી જાય, અપમાન કરે, આપણું ના માને, આપણું ના ગણે, આપણને રિસ્પૅક્ટ ના કરે, ઘણી સેવા કરીએ તોય કોઈ આપણને એપ્રિસિએટ ના કરે ત્યારે ભાવફેર થાય એ માયા છે. પણ ભગવાને આપેલું આ દેહ છે તેને ભગવાનની સેવામાં વાપરવું છે, દેહ મારું ક્યાં છે કે હું આટલી બધી અપેક્ષા રાખું છું ? એમ એના વિશે નિર્દોષભાવ રાખવામાં દેહ જો આડું ના આવે તો એ માયા નથી. દેહસંબંધી ચીજ-વસ્તુ-પદાર્થ, દેહે પહેરેલાં કપડાં, દેહ વાપરે છે એ રૂમ, દેહ વાપરે છે એ ગાડી-સ્કૂટર; એને તમે સાચવ્યાં કરો અને ભગવાનના ભક્તોની સેવામાં ના વાપરો, માલિક થઈ જાવ, રૂમના માલિક થઈ જાવ, ચીજ-વસ્તુ-પદાર્થના માલિક થઈ જાવ તો એ માયા છે. એમ, દેહનાં સંબંધવાળાં સગાં-સ્નેહીજનોમાં મમત્વબુદ્ધિ છે તે માયા છે. એટલે કે, તેઓને સારું લાગે-ખોટું લાગે તે કારણે ભક્તિ કરવામાં કે સત્પુરુષની આજ્ઞા



**ભગવાને આપેલું આ દેહ ભગવાનની સેવામાં, ભક્તોની સેવામાં, ભગવાનના કાર્યમાં જેટલું વાપરશો એટલું એ ઊજળું થશે, ચકચકિત થશે, દેહનો ભાવ ઓગળી જશે.**

પાળવામાં, સત્સંગ કરવામાં મોળાશ આવે તે માયા છે. સગાં-સ્નેહીને લઈને સત્સંગનો-ભક્તોનો-સંતોનો અભાવ આવી જાય છે તે માયા છે.

ભગવાને આપેલું છે, એ ભગવાનના ભક્તો માટે વાપરો તો બગડવાનું કશું નથી, પણ આપણી એના વિશે જે મમત્વબુદ્ધિ છે એ છૂટી જશે અને તો આપણને એ માયારૂપ નહીં લાગે. એટલે સ્વામિનારાયણ ભગવાને સાધુઓ માટે ફોકસ કર્યું કે, 'હે સંતો ! તમે જમીન-જાયદાદ, સારાં ઘરો, માતા-પિતા, સગાં-સ્નેહીજનો, માલ-મિલકત, ચીજ-વસ્તુ-પદાર્થ; એ બધું ત્યાગીને મંદિરમાં આવ્યા છો. તો પછી નાની અમથી ઓરડી માટે-રૂમ માટે, નાના અમથા સ્કૂટર માટે, નાની અમથી ગાડી માટે કે તમારાં કપડાંલત્તાં માટે તમે કેમના બંધાઈ ગયા ?

ગુણાતીતાનંદ સ્વામી એક જગ્યાએ 'વાત'માં લખે છે કે, બે રાજાઓએ રાજપાટ છોડ્યાં. ભર્તૃહરિ રાજા અને બીજા ગોપીચંદ રાજા સંસાર છોડી ત્યાગી થઈ ગયા. ફકીર વેશે તેઓ ફરતા હતા. એક દિવસ એક ધર્મશાળાના દરવાજામાં અનાયાસે બેઉ એક સાથે દાખલ થયા. ત્યાં ખીલી એક હતી. એક ફકીર પહોંચ્યો, તેણે ખીલીએ ઝોળી ભરાવી એટલે પેલો પાછળ ઊભેલો ફકીર કહે, 'એય મિસ્ટર, એ ખીલી ઉપર પહેલી નજર મારી પડી છે એટલે એના ઉપર ઝોળી ભરાવવાનો પહેલો હક્ક મારો છે.' પેલો કહે, 'પણ પહેલો હું પહોંચ્યો છું એટલે આની ઉપર ઝોળી ભરાવવાનો મારો હક્ક છે.' પહેલો કહે, મારો હક્ક અને બીજો કહે, મારો હક્ક. એમ કરતાં બેઉ બથ્થંબથ્થા પર આવી ગયા. ત્યાં એક ડોશીમા બેઠાં બેઠાં ભજન કરતાં હતાં. તેઓએ કહ્યું, 'તમે બેઉ મૂર્ખાઓ છો. તમે જુઓ, પેલા ભર્તૃહરિ રાજા અને ગોપીચંદ રાજાએ રાજપાટ છોડી, બધું મૂકીને જંગલમાં ગયા અને તમે એક ખીલા માટે લડો છો?' હવે એ બેઉ એ જ રાજાઓ હતા. આખું રાજપાટ છોડ્યું, બંગલાઓ છોડ્યા, બધું છોડ્યું અને એક ખીલી માટે વઢ્યા. એમ આપણે ત્યાગીઓએ સારાંસારાં ઘર છોડ્યાં, સારાં વસ્ત્રો છોડ્યાં ને આપણે એક રૂમ માટે, એક ગાડી માટે, એક સ્કૂટર માટે, એક સાઈકલ માટે, મંદિર માટે, ભક્ત માટે બંધાઈ જઈએ છીએ. ત્યારે આપણને આપણી જાત ઉપર હસવું આવે કે, આટલું બધું છોડીને તો આપણે આવ્યા છીએ, અને હવે એને લીધે આપણે કકળાટ-કંકાસ, ભાવફેર, કે રિસામણાં-મનામણાં થાય એ કેટલું અજ્ઞાન છે ! મોહ છે ! એ મોહ એ માયા.

સ્વામિનારાયણ ભગવાન કહે, 'એવો મોહ એ માયા છે.' આ દેહ મારું છે અને પરમૅનન્ટ એમાં રહેવાનું હોય એવા ભાવથી આપણે એની પળોજણ કરીએ, પપલાવીએ, સેવા ના કરીએ, ભગવાનના કાર્યમાં જઈએ નહીં, આળસ-પ્રમાદ કરીએ એ માયા જ છે. જેમ સ્ટીલનું વાસણ જેટલું વપરાય એટલું ચકચકિત થાય, ઊજળું થાય; એમ ભગવાને આપેલું આ દેહ ભગવાનની સેવામાં, ભક્તોની સેવામાં, ભગવાનના કાર્યમાં જેટલું વાપરશો એટલું એ ઊજળું થશે, ચકચકિત થશે, દેહનો ભાવ ઓગળી જશે. માયા ઓગાળવાનો મહારાજે ઉપાય બતાવ્યો કે, 'આ દેહને ભગવાનની સેવામાં વાપરવો.'

ભગવાનને અર્થે આ દેહ કુરબાન છે. કહે કે, 'જાવ ભાઈ', તો જવા માટે ઊભા થઈને ચાલવા માંડવાનું. આપણે રૂમ સાથે, કોઈ વસ્તુ સાથે થોડા જ બંધાયા છીએ ? આપણે ભગવાનની સાથે બંધાયા છીએ, યાદ રાખો ! ભગવાન સાથે બંધાયા એટલે ભગવાનના કામ માટે જવા માટે હંમેશાં તત્પર હોઈએ. એમાં ગરમી છે, ઠંડી છે એવું વિચારવાને બદલે ચાલવા માંડોને ! ગરમી આપણને શું ભગાડે, ગરમી ના ભાગે આપણાથી ? ભગવાનનાં કામ કરવામાં એવી ખુમારી હોવી જોઈએ. ભગવાનના કામમાં દેહને કોઈ પણ પ્રકારનું રિઝર્વેશન રાખ્યા વગર વાપરે તો અહંભાવ, મારાપણાનો ભાવ છૂટે. મારાપણાનો ભાવ છૂટે એટલે એને લીધે ભાવફેર ના થાય. અને આપણી પાસે દેહસંબંધી જે વસ્તુઓ છે એ બધી ભગવાનના કાર્યમાં વાપરીએ તો એના માટેની જે મમત્વબુદ્ધિ છે, મારાપણાનો ભાવ છે તે છૂટતો જાય.

આપણે ભગવાનના થઈને જીવવા માટે જન્મ્યા છીએ. આપણે ભગવાનના અર્થે જીવન જીવવા માટે નીકળ્યા છીએ તો ભગવાન રાજી થાય એ માટે આ દેહ અને દેહસંબંધી જે વસ્તુઓ આપણી પાસે છે એ બધી ભગવાન અને ભગવાનના ભક્તોની સેવામાં વાપરવામાં આનંદ આવે તો માનજો કે, એના વિશેનો જે મમત્વભાવ-અહંભાવ; એ છૂટી ગયો છે. એને લઈને ભાવફેરમાં નહીં પડવાનું.

માયા તરવાનો, માયા પાર કરવાનો આ ઉપાય મહારાજે આપ્યો છે. સ્વામિનારાયણ ભગવાને ભક્તિમાર્ગનું પ્રવર્તન કર્યું : 'હે પરમહંસો ! હે સંતો ! હે ભક્તો ! તમારું દેહ ને દેહથી તમને મળેલી જે બધી વસ્તુઓ છે એ ભગવાનને અર્થે વાપરવામાં પાછી પાની નહીં કરશો તો આ બધી અહંબુદ્ધિ ને મમત્વબુદ્ધિ રૂપી માયાને તરી જશો.' નહીં તો એમ કહેવાય કે, આખો દરિયો તર્યા પછી કિનારે ડૂબી ગયા. આપણે એવું ના થાય તેની જાગ્રતતા રાખવાની.

ભગવાનના ભક્તને આત્મનિષ્ઠા અને ભગવાનના માહાત્મ્યનું બળ જોઈએ. આત્મનિષ્ઠાનું બળ એટલે સત્પુરુષ મારો આત્મા છે, મારા વિશે પરમાત્મા પરબ્રહ્મ સદાય બિરાજમાન છે. અને એમના તરફનો મારો દાસત્વભાવ ! મારે એમને રાજી કરવા છે, આ દેહ મારું નથી. ગુણાતીતાનંદ સ્વામીએ પહેલા પ્રકરણની છેલ્લી વાતમાં કહ્યું કે, 'આ દેહ નાશવંત છે.' ભલે રૂડો રૂપાળો યુવાન હોય, બાળક હોય કે ૭૦-૮૦ વર્ષનો ડોસો હોય, પણ આ દેહ નાશવંત છે, તુચ્છ છે. દેહને વિશે રહ્યો જે આત્મા એ દેહથી નોખો છે. તે કેવો છે ? બ્રહ્મ છે, અક્ષર છે. અને એને વિશે પરમાત્મા પરબ્રહ્મ રહ્યા છે. ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતમાં આપણને અનુસંધાન આપ્યું કે, આ દેહ નાશવંત છે, તુચ્છ છે, દેહમાં રહ્યો જે આત્મા એ મારા સત્પુરુષ છે. બ્રહ્મ છે એટલે સત્પુરુષ એ મારો આત્મા છે અને સત્પુરુષમાં પરબ્રહ્મ પરમાત્મા રહ્યા છે એ ભાવથી એમના વિશે ભક્તિ કરે, એમની આજ્ઞામાં રહે તો દેહભાવ છૂટી જાય. એટલે આત્માનું બળ એ આત્મનિષ્ઠાનું બળ. અને બીજું, આવા મોટા સર્વોપરી, સર્વ અવતારના અવતારી પ્રભુ મને મળ્યા ! અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ એ મારા ઈષ્ટદેવ છે. અને એમને ધારણ કરનારા આ સંતો, એમના વિશે મને આત્મબુદ્ધિ ને પ્રીતિ છે; તો હું ધન્ય થઈ ગયો ! એવું માહાત્મ્ય ! આત્મનિષ્ઠા અને માહાત્મ્યનું બળ ભક્તોએ-સંતોએ રાખવું.

આપણે ઉપર પેલા બે ફકીરોનું દૃષ્ટાંત જોયું કે, રાજપાટ ને બધું છોડીને આવેલા પણ એક ખીલા માટે તેઓ લડ્યા. એમ, કોઈ ચીજ-વસ્તુ-પદાર્થ માટે પણ બોલાચાલી થાય. અત્યારે તો આપણે બધા વર્ષોથી એક જ જગ્યાએ રહીએ છીએ. પરંતુ, મહારાજ બધાને ફેરવતા. કોઠારીઓને ફેરવતા, ભંડારીઓને ફેરવતા, સંતોની બદલી કરતા. કારણ કે, આપણું મન કેવું છે ? તો જે રૂમમાં આપણે રહ્યા, એ રૂમ બદલવાનો થાય તો આપણને મરચાં લાગી જાય. જે વસ્તુ આપણે વાપરતા હોઈએ અને એ વસ્તુ છોડવાની કહે તો મરચાં લાગી જાય. કારણ કે, એના વિશે આપણને આપોઆપ મમત્વબુદ્ધિ-મારાપણાનો ભાવ થઈ જાય. એમ આ દેહને વિશે પણ મારાપણાનો ભાવ થઈ જાય.

સત્સંગમાં આપણે ફરતા હોઈએ ત્યારે ઘણાં દાદા-દાદી એવાં હોય કે તેઓ બિચારાં તકલીફમાં હોય. ના સંભળાતું હોય, ના દેખાતું હોય, ના ખવાતું હોય, સૂઈ રહેતાં હોય. ત્યારે આપણે પૂછીએ કે, 'મહારાજ લઈ જાય?' ત્યારે એ કહે, 'ના હોં, મારે મારા દીકરાના દીકરાના દીકરાનું મોઢું જોવું છે.' લો ! આવું પકડી રાખીને જ બેઠાં હોય. આ દેહ ખાલી કરવાની કોઈને ઈચ્છા ના થાય એટલો બધો અહંબુદ્ધિ-મારાપણાનો ભાવ હોય છે. પણ જો નાશવંતપણાનો ભાવ હોય કે, કાલે લઈ જતા હોય તો છોને આજે લઈ જાય મહારાજ ! આપણે ત્યાગીઓને પણ એવું જ છે કે, 'કાલે લઈ જતા હોય તો આજે લઈ જાય.' કારણ કે, મહારાજ આપણને એમની પાસે લઈ જવાના છે અને પાછા એમની સેવામાં જ રાખવાના છે. આપણને બીજે ક્યાં રાખે ? અત્યારે છે એના કરતાં સારો દેહ આપશે એવી નિશ્ચિંતતા છે.

પહેલાંના વખતમાં બધાને મહારાજ ફેરવતા. રૂમમાં ફેરવે, જગ્યાઓ ફેરવે, મંદિરમાં ફેરવે, અહીંથી ત્યાં લઈ જાય ને ત્યાંથી અહીં લઈ જાય. ઘણાને આકરું લાગતું, પણ એને લીધે ફાયદો થતો કે, એક જગ્યાએ ચોંટી ના રહે. ઘણા માણસો જે જગ્યાએ બેસતા હોય એ જગ્યા સાથે ચોંટી ગયા હોય કે, આ જગ્યાએ હું ૧૦ વર્ષથી બેસું છું, ખબરદાર જો મારી જગ્યા બદલી છે તો ! આ રૂમમાં હું રહું છું, તે હું નહીં બદલું. આ વસ્તુ હું વાપરું છું તે હું નહીં છોડું. સ્વામિનારાયણ ભગવાન કહે, 'આ બધું જે થાય એ મમત્વભાવ છે, એ મોહ છે, એ માયા છે.' એ છોડાવવા માટે ભક્તિ કરાવે, ફેરવે. સત્સંગમાં ફેરવે, સભા કરવા મોકલે એટલે આપણને પ્રભુનું-સંતોનું-ભક્તોનું માહાત્મ્ય વધતું જ જાય, તો બધું છૂટતું જાય.

ભગવાન ને ભગવાનના ભક્તો મારા મનાઈ જાય. ભગવાનનું કાર્ય એને વિશે આપણને અહંભાવ થઈ જાય કે, પ્રભુનું કાર્ય એ મારું કાર્ય છે. એને મારે

**જે ચીજ-વસ્તુ-પદાર્થ આપણી પાસે છે એ ભગવાનના ભક્તો માટે હોંશેહોંશે પ્રેમથી વાપરીએ તો એના વિશેનો આપણો મમત્વભાવ છૂટી જાય.**



સરસ રીતે મારી સમગ્ર શક્તિ વાપરીને સારામાં સારું કરવું છે. એ અહંભાવ ભગવાનને રાજી કરવા માટે જો વાપરીએ તો પછી દેહનો અહંકાર છૂટી જાય, અહંભાવ છૂટી જાય. અને જે ચીજ-વસ્તુ-પદાર્થ આપણી પાસે છે એ ભગવાનના ભક્તો માટે હોંશેહોંશે પ્રેમથી વાપરીએ તો એના વિશેનો આપણો મમત્વભાવ છૂટી જાય. આત્મભાવ એટલે સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ, અને એનો મહિમા એ બે વસ્તુ જોઈએ.

પોતાના દોષ - માન, ક્રોધ, સ્વાદ, લોભ, કામ, મત્સર, ઈર્ષ્યા; એને લીધે જો સત્પુરુષને વિશે ભાવફેર થાય તો બહુ ખરાબ થાય. એક તો પોતાના દોષ ટળતા નથી અને એ દોષને લીધે બધાનો અભાવ લઈએ છીએ એટલે ડબલ દોષી ઠર્યા. પણ, મને સત્પુરુષને વિશે ને ભક્તોને વિશે જે ભાવફેર થાય છે, એ મારા દોષનું રિફ્લેક્શન છે; પ્રભુ એ ટાળી દો ! એવી સવળી પ્રાર્થના કરે તો દોષ ટળી જાય.

દેહથી પોતાના આત્માને જુદો માનવો. અને આત્માને કોઈ નાત-જાત હોતી નથી. ઘણા આત્માને સૂર્ય જેવો કહે છે, પણ એ સૂર્ય નથી. કારણ કે, સૂર્ય છે, અગ્નિ છે, એ બધા જડ છે. એને તમે અડો તો કશું થાય નહીં. પણ આત્મા ચેતન છે. એમાં પરમાત્મા રહ્યા છે એટલે આત્મા ચેતન છે. આપણે કેટલા બધા જનમ લીધા છે ? આખા સમુદ્રમાં જેટલું પાણી છે એટલું માતાનું દૂધ ધાવ્યા છીએ. દેહ ઘરડો થાય છે, પણ આત્મા સદાય યુવાન છે. ગુણાતીતાનંદ સ્વામીએ એક જગ્યાએ કહ્યું કે, 'ટટ્ટૂ દૂબળા હુઆ હૈ, લેકિન અસવાર તેજ હૈ.' આત્મા મહિમાવંતો હોય, ભગવાનને રાજી કરવા માટે એના હૈયામાં થનગનાટ હોય તો કદી ઘડપણ આવતું નથી, યાદ રાખો ! દેહ ઘરડું થાય છે પણ દેહમાં રહેલો જે આત્મા, એ તો સદાબહાર છે. એને સદાબહાર રહેવું હોય તો ભગવાનને રાજી કરવાનો આલોચ સતત હોવો જોઈએ.

અત્યારે અશ્વિનભાઈ, શાંતિભાઈ ને મોટેરા સંત ભાઈઓ ૭૫-૭૮ વર્ષે પણ સવારથી સાંજ સુધી કેટલી બધી સેવા-ભક્તિ કરે છે ! કેટલી બધી દોડાદોડી કરે છે ! એમને થાક નહીં લાગતો હોય ? ના. ભગવાનને રાજી કરવા, સદાબહાર જે આત્મા છે એ આ દેહને અવગણીને ભક્તિ જ કરે છે. તો એમનું દેહ પણ ભગવાન સારું રાખે છે. અને ઘણાને નાનપણમાં ઘડપણ આવી જાય છે. કશું કરવાની ઈચ્છા ના થાય, કશે જવાની ઈચ્છા ના થાય. પણ ભગવાનને રાજી કરવા માટે હૈયામાં મહિમા જો હોય તો શું ના થાય ? ભગવાનને અર્થે તો આ દેહ કુરબાન છે. જ્યાં જવાનું હોય, જે કરવાનું હોય તેમાં ઉત્સાહ ને ઉમંગથી તૈયાર હોય. એ સદા આત્માની યુવાનીનાં દર્શન છે.

જેમ વિશલ્યકરણી ઔષધિ છે એમ આ વાતો છે. સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય, ભગવાન ને ભગવાનના સાધુનું માહાત્મ્ય હોય, એમને રાજી કરવાનો હૈયામાં ઉમંગ અને ભાવ હોય. આ દેહ ભગવાને આપેલું છે, જે નાશવંત છે ને તુચ્છ છે. કેટલા બધા જન્મ લીધા પછી માનવ દેહ મળે છે. કેટલો મોંઘામાં મોંઘો માનવદેહ છે ! એને ખોટી રીતે વેડફી ના નાખવો. એમાં રહીને અનંત જિંદગીઓમાં પોતાનું ધાર્યું કર્યું છે, અનંત જિંદગીઓમાં ભોગ ભોગવ્યા છે, અનંત ભેગા ખાધું-પીધું છે. તો હવે આવા ભગવાન મળ્યા, આવા સાધુ મળ્યા, આવો સત્સંગ મળ્યો તો આ દેહને ૧૦૦ % ભગવાનની સેવામાં વાપરવું છે; એવા ભાવથી મહિમા સમજીને જો ભક્તિ કરીએ તો જેમ હનુમાનજી આખો સંજીવની પર્વત લઈને આવ્યા ને તેમાંથી વિશલ્યકરણી ઓસડ શ્રી લક્ષ્મણજીને પીવડાવ્યું, જેનાથી દેહમાં લાગેલાં ઝેર પાયેલાં બાણ નીકળી ગયાં. ઝેરની અસર નાબૂદ થતાં શ્રી લક્ષ્મણજી મૂર્છામાંથી જાગ્રત થયા. તેમ, આત્મનિષ્ઠા અને મહિમાના બળથી વિષયભોગની ઇચ્છાઓ નીકળી જાય છે.

શલ્ય એટલે બાણ, લક્ષ્મણજીને જે બાણ વાગ્યાં હતાં એ વિશલ્યકરણી ઔષધિથી નીકળી ગયાં. એમ દેહભાવ એટલે દેહમાં રહેલા ભગવાનને રાજી કરવા સિવાયના બીજા બધા જે ભાવો, દેહની ભૂખો - ખાવું-પીવું, હરવું-ફરવું એ બધી જે ભૂખો, ભગવાન રાજી ના થાય એવી બધી વૃત્તિઓ-પ્રવૃત્તિઓ, એમાં રહેલા જે ભાવો; એ ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થતાં છૂટી જશે; મહારાજે એ કહ્યું.

વિશલ્યકરણી ઔષધ પીધું એની સાથે બધાં બાણ નીકળી ગયાં, કાઢવાં ના પડ્યાં. બાણ કાઢવા જાય તો વધારે દુઃખ થાય, અરેરાટી થાય, પણ બધાં બાણ નીકળી ગયાં. એમ આપણને દેહભાવ છોડાવે તો આત્માને બહુ દુઃખ થાય. પણ ભગવાન કહે, તમે આ રીતે ભક્તિ કરશો તો બધા ભાવો છૂટી જશે, છોડવા નહીં પડે; અને એ જ સાચી સાધના છે ! સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરીપણું એ કે, આવા સાધુ દ્વારા પ્રગટ રહીને આપણી આ સાધના આનંદદાયક, સુખદાયક બનાવી. અને ખરેખર તો આપણે સાધના કરીએ છીએ એ જ ખબર નથી પડતી અને છતાં સંસારના ભાવો, દેહના ભાવો, બધા રાગો આપોઆપ છૂટતા જાય છે.

સત્ એવા પરમાત્માનો જેને આવી રીતે સંગ થાય એ જ સત્સંગી કહેવાય. જે આસુરી જીવ હોય તે કથા-વાર્તામાં આવી વાત સાંભળે તો પણ તેના હૃદયમાં તે વાત ઊતરે નહિ. આસુરી જીવ હોય એને બધું ઊંધું પડે. કથામાં જો એ પૉઝિટિવ લે તો રૂપાંતર થાય, પણ આસુરી વૃત્તિ હોય, નકારાત્મક બુદ્ધિ હોય એટલે કથાવાર્તા પણ ઊંધી પડે. કથાવાર્તા તો આત્માને બળ પમાડવા માટે હોય, પણ બળના બદલે ઊંધું પડે એ આસુરી ભાવ છે. એવા જીવને સારી ને સાચી વાત પણ સમજાતી નથી, પચતી નથી. જ્યારે સારો માણસ હોય એના હૃદયમાં તે વાત ઊતરે અને તેનો અમલ કરે એટલે તે સુખિયો થાય. માટે આપણે સંગ પણ સારાનો જ રાખવાનો. ઘણા ડંબેલ્સ જેવાનો સંગ રાખે ને પછી દુઃખી થતા હોય. પણ જેનો હકારાત્મક ઍટિટ્યૂડ હોય, ભગવાનને રાજી કરવાનો ભાવ હોય, નિર્દોષભાવ-દિવ્યભાવભરી ભક્તિ કરવાનો જેને આલોચ હોય એવાનો સંગ રાખવો.

જય શ્રી સ્વામિનારાયણ ! ◆

# શાંતિદાદા : ગુરુદેવ યોગીજી મહારાજે ઘડેલાં શાશ્વત સાધુરત્ન !







બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજે ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં એક આધ્યાત્મિક મહા ઉત્ક્રાંતિના ઉદ્‌ભવને પ્રેરણા અને આધ્યાત્મિક માર્ગદર્શક નેતૃત્વ પ્રદાન કર્યાં. એ મહા ઉત્ક્રાંતિનું એક મહા સોપાન તે આધુનિક શિક્ષિત યુવાનોનાં વસ્ત્ર જ નહીં, પરંતુ હૃદય પણ ભગવાં કરવાં તે સિદ્ધ થયું. તેના શુભ સ્વરૂપે એક એવી નૂતન આધ્યાત્મિક સાધનાની પરંપરા સ્થપાઈ, જેમાં સ્વાશ્રયી ભક્તિસભર કર્મયોગ દ્વારા ભગવાનના પ્રગટ સ્વરૂપની આજ્ઞા અનુસાર કેવળ તેઓની પ્રસન્નતાર્થે ભગવાન તથા ભક્તોની સેવામાં પ્રવૃત્ત યુવા વ્રતધારીઓ સાધનામાર્ગે સમર્પિત થયા. ગુરુદેવ યોગીજી મહારાજે આ નૂતન અને દિવ્ય સાધનામાર્ગનાં સુકાન જેમને પોતે પોતાના પત્રોમાં પોતાના પ્રાણ સમાન ગણાવ્યા તેવા જશભાઈ–સાહેબજીને સોંપ્યાં.

સાહેબજીની સાથે અલૌકિક પ્રીતિથી સહજ બંધાયેલા અને સાહેબજીના વચનમાં અપ્રતિમ શ્રદ્ધાયુક્ત જીવન જીવતા આરંભના યુવા સખાઓમાંના એક એ પૂ. શાંતિભાઈ – આપણા સૌના પૂજ્ય શાંતિદાદા !

બાલ્યકાળથી જ જેઓની સર્વાંગી તેજસ્વી પ્રતિભા નિખાર પામી હતી, અને જેમના માટે દુનિયાનાં તમામ સુખો સહજ સુલભ થઈ શકે તેમ હતાં તેવા ઓજસ્વી શાંતિભાઈએ ગુરુદેવ યોગીજી મહારાજની અંતરંગ રુચિ, રહસ્ય અને અભિપ્રાયની ભક્તિને જાણી પોતાના જીવનની પ્રત્યેક પળના આચરણ રૂપ બનાવી. સાહેબજી સાથેના સહજ અલૌકિક હેતના બળે જીવન અને મનનાં સંપૂર્ણ સમર્પણ સહજ થઈ ગયાં. એ સમર્પણના વ્યાવહારિક આચરણ રૂપે શાંતિભાઈએ કેવળ પ્રભુ અને પ્રભુસ્વરૂપોનાં જ નહીં, પરંતુ પ્રભુના સંબંધવાળા પ્રત્યેક સત્સંગી અને જીવપ્રાણીમાત્ર પ્રત્યે સહજ નિર્દોષબુદ્ધિ, દિવ્યભાવ અને સુહૃદભાવ કેળવ્યાં. પોતાનાં જ્ઞાન, અપ્રતિમ મેધાશક્તિ તથા તેજસ્વી પ્રતિભાને સાહેબજી પાસે, પોતાના સાથી સાધકો પાસે અને સત્સંગીમાત્ર પાસે દાસત્વભાવે વર્તવા માટે વાપર્યાં. છેલ્લા છ દશકથી પણ વધારે સમય દરમિયાન જેઓ પૂ. શાંતિભાઈના અલ્પ પરિચયમાં પણ આવ્યા છે તેઓ સૌએ શાંતિભાઈના આ પ્રેમસભર, મહિમાયુક્ત દાસત્વભાવને અનુભવ્યા છે.

આજે તો અમૃતજીવનની દિવ્ય ક્ષણોમાં આપણા સૌના વહાલા શાંતિદાદા ભગવાનના ધારક સાધુ રૂપે ભગવાનના પ્રગટ સ્વરૂપ સંતભગવંત સાહેબદાદાની અંતરંગ રુચિ, રહસ્ય અને અભિપ્રાય પ્રમાણે કેવળ તેમની પ્રસન્નતાર્થે જીવનની પ્રત્યેક ક્ષણે શ્વાસોચ્છ્‌વાસ લઈ રહ્યા છે. આપણે જીવીએ છીએ એ જ કાલખંડમાં આ પૃથ્વી ઉપર આપણને સંતભગવંત સાહેબદાદા, પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા, પૂ. રતિકાકા, પૂ. પૂનમદાદા, પૂ. હર્ષદદાદા સહિત પૂ. ડૉક્ટરદાદા અને પૂ. વી.એસ.પટેલસાહેબ જેવા અલૌકિક આધ્યાત્મિક સાધુ રત્નોનાં સાંનિધ્ય પ્રાપ્ત થયાં તે આ કાલખંડનાં જ નહીં, પરંતુ શાશ્વત સમયનાં મહાભાગ્ય છે !

આ મહાભાગ્યની પ્રત્યેક જીવંત ક્ષણ પ્રભુના ધારક સત્પુરુષ અને સંતોની સાથે જીવની પ્રીતિથી બંધાય અને તેઓની આજ્ઞા અનુસાર તેઓની પ્રસન્નતાર્થે જીવનનો શેષ સમય સમર્પિત થાય તેવી ગદ્‌ગદ ભાવે પ્રાર્થના સહિત પૂજ્ય શાંતિદાદાને તેઓના પ્રાગટ્ય મંગલે પ્રેમસભર હૃદયવંદના !

~ ડૉ. મનોજ સોની


# સાધુહૃદયની પ્રાર્થનાગંગા







**આરંભ** સારો થયો.
આવ્યા ને એ મળ્યા
અણસમજમાં હતું આ
મસ્તકે હસ્ત સ્થાપી સ્વીકાર્યા
શાસ્ત્રીજી મહારાજનો પાવનસ્પર્શ
પવિત્ર હૈયાં કર્યાં.
યોગી તો મારા બાપા બન્યા
પ્રેમમાં નવડાવી દીધા
ધોઈ નાંખ્યું સમગ્ર
સાફસુથરું કર્યું
ધ્યેય સ્પષ્ટ કર્યું
બંધનો કાપી નાંખ્યાં
નિર્બંધ કરી બાંધી લીધા.
સાહેબ સખા ગુરુ ને આત્મા
ઉપદેશ કર્યો નથી
પ્રાર્થનાઓ કરી
યોગીસ્વરૂપ હતા
નિર્મલ ગુણાતીતરૂપ હતા
તો સંકલ્પે સજીવન કર્યા
અહં ઓગાળ્યું સ્વ છોડાવ્યું
નિરાકાર કરી એ જ એક સાકાર રહ્યા
મીઠી ને મધુરી એ ગોદ
પ્રેમલ આત્મીયતાના સંસ્પર્શે
સમર્પણ પૂરાં કરાવ્યાં.
આ સખા... આ મિત્રો
બંધુ ભગિની માતાઓ ને સ્વજનો
યુવાન દીકરા દીકરીઓ સૌ
આ ભવ્ય સમાજમાં સમાઈ જવાનું ભાગ્ય
અહોહો ! ધન્ય થઈ ગયા !
પ્રત્યેક આત્મા ખૂબ ઊંચા છે
સંબંધે પ્રભુનાં સ્વરૂપો છે
તે જ કેવળ જોઈને જીવતા થઈ ગયા
દોષ હશે તે ઉપરના
અમારે શું લેવા દેવા
પ્રભુ સમર્થ ને આ પ્રાપ્તિ સમર્થ
સૌ નિર્દોષ થઈ જવાના
પ્રભુરૂપ બની જવાના
આવાં આત્મીયજનો
શ્રીજીજનો ને સ્વજનો
બીજે ક્યાં મળવાનાં ?
સૌનો યોગ તે મહાયોગ
સદ્ભાગ્ય સાંપડ્યાં ને ન્યાલ થયા
સૌનાં દર્શને શાન્તિ ઉભરે
પ્રેમનાં ને વાત્સલ્યનાં પૂર વહે !
આ મારાં... વિચારતાં ભાવ ઉછળે
કેમ રાજી કરી લઉં તે ધખણા જાગે
રોજ મળે હૈયું રોજ નમે
બહારનાં દેહ દોષ પ્રારબ્ધ સર્વ અલોપ
કેવળ આત્મા પ્રકાશે ભરપૂર !
આનંદ વ્યાપે છે રોમે રોમે
સનાતન ને સ્થિર છે
સહજાનંદની અનુભૂતિ છે
યોગી રાજી થયા સાહેબની કૃપા છે... પ્રસન્ન છે
તે વિચારે ગદ્ગદ થવાય છે
ધન્યતાના વિચારે આંખો ચૂએ છે
અહોભાવે સમગ્ર તંત્ર સ્વામીને જુએ છે !
બસ !
આવા ને આવા રહેજો
પ્રકાશે ભરપૂર રહેજો
અમારું સર્વસ્વ બનીને રહેજો
હવે અમે શૂન્ય કેવળ આપ જ રહેજો
આરંભે મધ્યે ને અંતે આમ જ રહેજો !



*બ્રહ્મજ્યોતિ.... શ્રી સ્વામિનારાયણ જયંતી. ઈ.સ. ૪.૪.૦૩*





# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પારાયણ, અનુપમ મિશન, ઉપાસનાધામ, અમદાવાદ, ૨૮ જાન્યુઆરી, ૨૦૧૮

(માર્ચ માસના અંકથી ચાલુ...)

***'તેથી તું ઊભો થા અને યશ પામ. શત્રુઓને જીતીને ધનધાન્યથી સંપન્ન રાજ્યને ભોગવ. હે સવ્યસાચિન્ ! આ બધાં મારાથી પહેલેથી જ મરાયેલા છે, તું કેવળ નિમિત્ત માત્ર થા.'***

**દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ તથા અન્ય બધા જ મારા દ્વારા મરાયેલા શૂરવીરોને તું માર. તું દુઃખી ન થા, પણ યુદ્ધ કર. આ યુદ્ધમાં તું શંકા વગર શત્રુઓને જીતીશ.**

અહીંયાં ભગવાને બધાનાં નામનો ઉલ્લેખ કર્યો છે. અત્યાર સુધી આ બધાં નામ બોલાયાં નહોતાં. અર્જુન દ્વારા ભગવાન શ્રીકૃષ્ણનાં નામ બોલાતાં હતાં અને ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા અર્જુનનાં નામ બોલાતાં હતાં. પણ જેને જોઈને અને જેની સાથેના સગપણને કારણે અર્જુનનાં ગાત્રો ગળી ગયાં હતાં અને એમને મારવાથી પાપ લાગશે એવું જેણે ગણિત ગણ્યું હતું એવાને ભગવાને નામ સહિત ઉચ્ચારીને સામા પક્ષે ઊભેલા યોદ્ધાઓને મારવામાં કોઈ પાપ નથી અને એ મરી ચૂકેલા છે, તું નિમિત્ત બનીને એમને ખાલી મારવાનું નાટક કરી રહ્યો છું, એમ કહ્યું.

એક સુંદર કીર્તન છે, 'હેત, માયા, દયા, પ્રીતિ એ લઈ જાય ના દૂર...' કારણ કે, 'આ તો મારા દાદા', 'આ તો મારા ગુરુ', 'આ તો મારા ભાયાતો' અને એમને મારે મારવાના ? એમ જે અર્જુનને થયું હતું એ બધાનાં નામ ભગવાન બોલ્યા. અને કહ્યું કે, એ બધાય મારા વતે મરાયેલા છે. એ બધા શૂરવીરો છે, પરંતુ તું ખાતરી રાખજે કે, એ બધા મરેલા છે અને એમને નિમિત્ત બનીને તારે મારવાના છે. માટે તું આ યુદ્ધમાં જરૂર જીતીશ, એટલે હારવાની બીક પણ ના રાખીશ.

એમ, આ સંસારમાં આપણે પણ એક નાટક ભજવવા માટે તખ્તા ઉપર આવ્યા છીએ. આપણા હિસ્સે જે કાંઈ પણ આવે છે તે આપણે નિમિત્ત બનીને કરવાનું છે. કારણ કે, કર્તા-હર્તા તો એ જ છે અને એમનું જ ધાર્યું થવાનું છે. 'સર્વનું પોષણ અને પાલન કરનારો પણ હું છું' એમ બહુ અભિમાનપૂર્વક ભગવાને કહ્યું છે, તો એમની એ સત્તાનો સ્વીકાર કરીએ. અને એ સત્તાનો સ્વીકાર થતાં અર્જુન હવે જરા ગરીબ થયો અને એમ કહે છે,

**આપનો આ મહિમા ન જાણવાને કારણે, મારાથી બેદરકારીમાં કે હેતથી સખા માનીને ઉદ્ધતાઈથી, હે કૃષ્ણ ! હે યાદવ ! હે સખા ! એમ જે કંઈ હું બોલ્યો હોઉં એ હે અચ્યુત ! વિનોદ માટે, સૂતાં, બેસતાં, ખાતાં એકલા અથવા જે જે મિત્રોની સામે મેં જે કંઈ પણ આપનું અપમાન કર્યું હોય, તે અપરાધ વિષે હે અમાપ ! મને ક્ષમા કરજો.**

આપણે સાહેબદાદાના ખભે હાથ મૂકીને વાત કરીએ છીએ. જાણે કે ભાઈબંધ-દોસ્તાર હોય એમ એમની સાથે હા... હા... હી... હી... કરીએ છીએ. જેમને એ બાબત સાથે કશી નિસબત નથી એવી વાતો એમની આગળ આવીને કરીએ છીએ. કેમ કરીએ છીએ આપણે એવો અવિવેક ? કારણ કે, આપણને મહિમા નથી કે, આ પુરુષ કોણ છે ? એણે કઈ સત્તા, કઈ સામર્થીને ધારણ કરી છે !

એટલે અહીં અર્જુને કહ્યું, મિત્રભાવે, સખાભાવે, સ્નેહીભાવે આપનો આ મહિમા ન જાણવાને કારણે, બેદરકારીમાં, મારા અજ્ઞાનને કારણે, ઉદ્ધતાઈથી હું જે કાંઈ પણ બોલ્યો કે મેં જે કાંઈ પણ આપનું અપમાન કર્યું છે એ અપરાધ માટે હે અમાપ ! - જેને માપી શકાય એમ છે જ નહીં, જેના મહિમાનો પાર આવે એમ છે જ નહીં, જે વિશ્વસ્વરૂપનું તમે મને દર્શન કરાવ્યું, એવા મોટા તમે મને ક્ષમા કરજો. હવે દાસત્વભાવ આવ્યો, રાંકભાવ આવ્યો. અક્ષરના ભાવની સાથે 'હું પુરુષોત્તમનો દાસ છું' એ ભાવ આવ્યો. અને અણસમજણમાં, અજ્ઞાનમાં અત્યાર સુધી પોતાની રીતે જે વર્તી ગયા તે બદલ ક્ષમા માંગી.

**હે અનુપમ પ્રભાવવાળા ! આપ આ ચર-અચર જગતના પિતા છો. આપ જ પૂજનીય છો. આપ જ ગુરુઓના મહાન ગુરુ છો. ત્રણ લોકોમાં આપના સમાન બીજો કોઈ પણ નથી, તો વધુ આપનાથી ચડિયાતો તો ક્યાંથી જ હોય ?**

શાસ્ત્રોએ પણ જેનો મહિમા 'નેતિ' 'નેતિ' કહ્યો છે, એવા પ્રભુની આગળ દાસ અને રાંક થઈને અર્જુન ઊભા રહે છે ત્યારે શ્રી ભગવાન ઉવાચ :

**હે અર્જુન ! તારી ઉપર પ્રસન્ન થઈને મેં મારી યોગશક્તિથી તને, મારું તેજસ્વી, વિરાટ, અનંત, પરમ આદિ રૂપ દેખાડ્યું, તારા સિવાય પૂર્વે બીજાં કોઈએ એ રૂપ જોયું નથી.**

અર્જુન ભાગ્યશાળી છે કે, ભગવાન શ્રી કૃષ્ણના આવા રૂપનું દર્શન થયું. એટલે અક્ષર સિવાય પુરુષોત્તમના મહિમાને કોઈ જાણી શકતું નથી એમ આપણે કહીએ છીએ. પુરુષોત્તમનું દર્શન, પુરુષોત્તમનો મહિમા એ એકમાત્ર અક્ષરને છે, અને એ જો આપણે જાણવો ને સમજવો હોય તો આપણે અક્ષર સાથે

જોડાઈને અક્ષરરૂપ બનવાનું છે. એવા જે અક્ષરબ્રહ્મને પુરુષોત્તમનું દર્શન છે અને પુરુષોત્તમની કૃપાથી અક્ષરપુરુષોત્તમરૂપ થયા છે; છતાંય પણ દાસ છે, સેવક છે, એનું દીધેલું ખાય છે એવા ભાવથી એ મનુષ્યશરીરમાં રહીને પુરુષોત્તમનું કાર્ય કરી રહ્યા છે. ભગવાન પોતાનું કાર્ય કરવા માટે, પોતાનું સ્વરૂપ અને મહિમા ઓળખાવવા માટે અનાદિ અક્ષરબ્રહ્મને પોતાની સાથે લઈને આવ્યા છે, એ આપણા પર સૌથી મોટી ભગવાનની કૃપા છે !

સ્વામિનારાયણ ભગવાને પણ અમદાવાદના પ્રથમ મંદિર કાળુપુરમાં નર અને નારાયણની મૂર્તિઓ પધરાવીને નરનારાયણની ગાદી સ્થાપીને આચાર્યની સ્થાપના કરી. એવું સદ્ભાગી આપણું અમદાવાદ છે !

**વાસુદેવે આમ કહીને અર્જુનને પોતાનું ચતુર્ભુજ રૂપ ફરીથી દેખાડ્યું, અને ફરીથી સૌમ્ય સ્વરૂપ ધારણ કરીને મહાત્મા-કૃષ્ણે ગભરાયેલા અર્જુનને આશ્વાસન આપ્યું.**

ભગવાને અર્જુનને બે વખત દર્શન આપ્યાં છે. એક વખત જે દર્શન આપ્યું તે બિહામણું દર્શન હતું. અને બીજી વખત જે દર્શન આપ્યું છે તે સૌમ્ય રૂપનું દર્શન આપ્યું છે-ચતુર્ભુજ સ્વરૂપે. શંખ, ચક્ર, પદ્મ અને ગદાને ધારણ કરેલું ભગવાનનું ચતુર્ભુજ સ્વરૂપ, એ સ્વરૂપે ભગવાન આપણને દર્શન આપે એવી આપણી પણ પ્રાર્થના છે !

પહેલું દર્શન વિકરાળ હતું અને એ દર્શન અર્જુન સહી ના શક્યો. એટલે ભગવાનને એણે કહ્યું કે, 'આપનાં દર્શનને હું પામી શકું એવા મારા જેવા તમે થાવ.' અને ત્યારે 'મહાત્મા કૃષ્ણ' – મનુષ્ય શરીરમાં રહેલા મહાન આત્મા એવા ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને આશ્વાસન આપ્યું કે, 'હું તારા જેવો જ મનુષ્ય શરીર ધારીને તારી વચ્ચે આવું છું.'

અર્જુનની પ્રાર્થનાથી ભગવાન ફરીથી સૌમ્યસ્વરૂપે દર્શન આપે છે. સંજય દૃષ્ટિહીન ધૃતરાષ્ટ્રને અર્જુને ભગવાન શ્રીકૃષ્ણના કરેલાં દિવ્ય દર્શનનું વર્ણન કરે છે કે, વાસુદેવે અર્જુનને પોતાનું ચતુર્ભુજ રૂપ ફરીથી દેખાડ્યું.

ચતુર્ભુજ એટલે ચાર ભુજાઓ-ચાર હાથવાળા. આપણે ઘણાં મંદિરોમાં ભગવાનના ચતુર્ભુજ સ્વરૂપનાં દર્શન કર્યાં છે, એમાં શંખ, ચક્ર, પદ્મ અને ગદા પ્રતીક સ્વરૂપે એમણે ધારણ કરી છે. ચારેયનો વિશિષ્ટ આધ્યાત્મિક અર્થ છે. પણ આપણે સંસારમાં જળકમળવત્ જીવવાની જે વાત કરી રહ્યા છીએ તે ભગવાન ચાર હાથ પૈકીના એક હાથમાં પદ્મ-કમળનું પુષ્પ ધારણ કરીને સતત જળકમળવત્ રહીને, નિમિત્ત બનીને ભક્તિને માટે કર્મયોગ કરવાનો સંદેશો સતત આપતા રહ્યા છે. એવું ચતુર્ભુજ રૂપ ફરીથી દેખાડ્યું.

બીજી વખત ભગવાન દર્શન આપે છે, એક રૌદ્ર દર્શન છે, બીજું સૌમ્ય દર્શન છે. સૌમ્ય સ્વરૂપ ધારણ કરીને મહાત્મા કૃષ્ણે ગભરાયેલા અર્જુનને આશ્વાસન આપ્યું. કારણ કે, તે વિચલિત થયો હતો અને યુદ્ધ નહીં કરવાનો નિર્ણય કરીને, પોતાની માનસિક ભૂમિકાના ધર્મોને માનીને, ધર્મ-અધર્મની સમજણથી નહીં લડવા માટે તેને વિષાદ થયો હતો. એવા અર્જુનને પ્રભુ હજુ ફરીથી યુદ્ધ કરવા માટે આવું બીજું દર્શન આપીને તૈયાર કરી રહ્યા છે.

એ દર્શનથી ધન્ય થયેલા અર્જુન એમ કહે છે કે, '**હે જનાર્દન ! આપના આ અતિ શાંત મનુષ્ય રૂપને જોઈને, હવે હું સ્વસ્થ થઈ સચેત થયો છું.**'

મનુષ્ય રૂપે અક્ષરની વાત જે આપણે આગળ કહી ચૂક્યા છીએ, કરી રહ્યા છીએ તે કે, ભગવાન પોતાનું સ્વરૂપ ઓળખાવવા માટે અનાદિ અક્ષરબ્રહ્મને પોતાની સાથે લઈને આવીને એમણે સામેથી જ્ઞાની-અજ્ઞાની, ગરીબ-તવંગર જીવ-પ્રાણી માત્રને 'મારા સ્વરૂપનું દર્શન હો' એવો રૂડો સંકલ્પ કર્યો. અહીંયાં ભગવાને એ સંકલ્પ કરીને અર્જુનને પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું. એ જોઈને અર્જુન ધન્ય થાય છે. અને કહે છે કે, આપનું અતિ શાંત મનુષ્ય રૂપ જોઈને હવે હું સ્વસ્થ થયો છું. 'સ્વસ્થ'-પોતાનામાં આશ્વસ્ત થયો તે સ્વસ્થ. અર્જુન ખસી ગયો હતો, એટલે કે ચ્યુત થઈ ગયો હતો. હવે સ્વસ્થ થયો.

કોઈ માણસ કંઈક ઉગ્રતાથી કશું કહેવા કે બોલવા આવે તો આપણે સામે ઉગ્રતા લેવી નહીં, આપણે સ્વસ્થ રહેવું. પોતાના બ્રહ્મસ્વરૂપપણાનો આનંદ કદી પણ મોળો પડવા દેવો નહીં – એવાં યોગીબાપાનાં વાક્યોને પકડી રાખવા કે, 'હું બ્રહ્મરૂપ છું, હું બ્રહ્મરૂપ છું, હું બ્રહ્મરૂપ છું. હું અક્ષરરૂપ છું, હું અક્ષરરૂપ છું.' એટલે આપણે સ્વસ્થ રહેવું. સ્વસ્થ એટલે પોતાનામાં સ્થિત થયેલો. પોતાના આત્મામાં સ્થિત થયેલો ને પરમાત્મા સાથે સદાય યુક્ત થયેલો યોગી એ છે સ્વસ્થ ! અહીં 'સ્વસ્થ' એટલે તંદુરસ્ત નહીં, નિરોગી નહીં. પણ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર સઘળુંય જેનું નિરામય થઈ ગયું હોય એને સ્વસ્થ કહેવાય.

અર્જુને બહુ સુંદર શબ્દપ્રયોગ કર્યો છે કે, 'હવે હું સ્વસ્થ થઈ સચેત થયો છું.' સ્વસ્થ થઈ અને પછી સચેત થયો. ચેતના એની જાગ્રત થઈ. અને એ ચેતના જે જાગ્રત થઈ છે એ જાગ્રત થયેલી ચેતનાને કામે લગાડવા માટે ભગવાન એને અભય વરદાન આપે છે.

**'હે પાંડવ ! જે મારા માટે જ કર્મ કરનારો છે. મારે જ પરાયણ છે. મારો જ ભક્ત છે, તથા આસક્તિ રહિત છે અને બધાં ભૂતપ્રાણીઓ પ્રત્યે દ્વેષ રહિત છે, તે જ ભક્ત મને પામે છે.'**

ભગવાન વારેવારે આ જ વાક્યોને દોહરાવે છે. હે પાંડવ ! – પાંડવપુત્ર અર્જુનને નિમિત્ત બનાવીને ભગવાને કહ્યું કે, જે મારા માટે જ કર્મ કરે છે. કર્મ કરે છે, પણ મારી પ્રસન્નતાને અર્થે, મારી આજ્ઞા પ્રમાણે, મને કર્તા માનીને પોતે નિમિત્ત બનીને જે કર્મ કરનારો છે અને જે મારે જ પરાયણ છે. 'મારે પરાયણ' એટલે જે મારામાં જ પરોવાયેલો છે, જેને મારા સિવાય બીજું કોઈ જગત જ નથી, હું જ એનું સર્વસ્વ છું – એવો જે મારો ભક્ત છે, તથા આસક્તિ રહિત છે, તથા બધાં ભૂત પ્રાણીઓ પ્રત્યે દ્વેષ રહિત છે.

કોઈને મારવો હોય તો દ્વેષ રાખવો પડે અને દ્વેષ હોય તો મારી શકાય. પણ જ્યારે પ્રભુનું યંત્ર બનીને, પ્રભુનું શસ્ત્ર બનીને, નિમિત્ત બનીને અને પ્રભુની ભક્તિને માટે આ કર્મ હું કરી રહ્યો છું એમ માનીને મારવાનું ને યુદ્ધ કરવાનું કામ થાય છે ત્યારે દ્વેષબુદ્ધિ પણ ચાલી જાય છે; તો એ અડતું નથી અને એનો પાસ લાગતો નથી.

'કર્મયોગ'ના પ્રકરણમાં જોયું કે, આપણે કર્તાપણાના ભાવથી અલિપ્ત થઈને, ભગવાનના નિમિત્ત બનીને કર્મ તો કરતા જ રહેવાનું છે. કોઈ પણ વ્યક્તિ એક પણ ક્ષણ કર્મ કર્યા વગર રહી શકતી નથી, એમ ભગવાને સમજાવ્યું. એમ, સતત મનથી અને શરીરથી કર્મ કરનારા આપણે સૌએ ભગવાનમાં પરોવાયેલા રહીને, આસક્તિ રહિતની ભગવાનની ભક્તિ કરીને, બધાં જ ભૂતપ્રાણીઓ પ્રત્યે દ્વેષરહિત – જેને આપણે આપણી અત્યારની ભાષામાં કહીશું 'સુહૃદ' બનીને જે કર્મ કરે છે તે ભક્ત મને જ પામે છે.

અહીં 'વિશ્વરૂપ દર્શન યોગ' નામનો અગિયારમો અધ્યાય પૂરો થાય છે. પહેલાં ઉલ્લેખ કર્યો હતો એમ છઠ્ઠા, બારમા ને અઢારમા અધ્યાય મહત્ત્વના છે. એમાંના બારમા અધ્યાય 'ભક્તિયોગ' ઉપર આપણે આવ્યા છીએ. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે પણ આ ભક્તિયોગની વાતને પોતાના જીવનમાં ચરિતાર્થ કરીને 'ભક્તિયોગ'ને બિરદાવ્યો છે. ભક્તિ કેવા ભાવથી કરવી તે આગળ ભગવાન શ્રીકૃષ્ણે સમજાવ્યું છે કે, 'મારા જ માટે કર્મ કરનારો અને મને જ પરાયણ થઈને જીવનારો, નિમિત્ત બનીને કર્મ કરનારો અંતે મને જ પામે છે.' આપણું લક્ષ્ય તો એ જ છે. આપણે તો એમને જ પામવા છે એટલે કે એમને જ રાજી કરવા છે. એમની પ્રસન્નતા અને કૃપાના આપણે સુપાત્ર બનવું છે અને એના માટેનો આ 'ભક્તિયોગ' છે.

અર્જુન બધું શીખ્યો - ધ્યાન કરતાં શીખ્યો, કર્મ કરતાં શીખ્યો, જ્ઞાન કરતાં શીખ્યો, ભગવાનનાં દિવ્ય દર્શનને પણ પામ્યો અને હવે એ ભગવાન પાસેથી ભક્તિમાર્ગની સરળતા સમજવા-શીખવા માટે ફરીથી પ્રશ્ન પૂછે છે. પહેલી વખત ભગવાનનું બાળપણ અને ગોપ-ગોવાળિયાઓની સાથે ભગવાને જે મનુષ્ય શરીરમાં રહીને લીલા કરી એ ગોપીઓને આ પ્રકરણમાં યાદ કરે છે અને અર્જુન પૂછે છે :

**આમ જે ગોપી જેવા ભક્તો આપનામાં જ નિરંતર જોડાયેલા છે, અને આપની જ ઉપાસના કરે છે, અને વળી જે અવિનાશી, નિરાકારની જ ઉપાસના કરે છે, તે બે પ્રકારના ભક્તોમાં ઉત્તમ યોગી કોણ છે ?**

અર્જુન વારેવારે પહેલો નંબર કોનો ? શ્રેષ્ઠ ભક્ત કોણ કહેવાય ? શ્રેષ્ઠ યોગી કોણ કહેવાય ? ઉત્તમ યોગી કોણ કહેવાય ? એ પ્રશ્ન પૂછ્યા કરે છે. કારણ કે, એને પણ પહેલો નંબર લેવો છે. એને આપણે થોડાક જુદાક શબ્દોમાં કહીએ તો, ભગવાનને વહાલો એવો ભક્ત કોણ છે ? અને ભગવાનના વહાલા ભક્ત બનવા માટે 'ભક્તિયોગ'માં જે લક્ષણો વર્ણવ્યાં છે તેનો આપણે પાઠ કરીએ છીએ.

ભગવાન કહે છે : **હંમેશાં મારું ધ્યાન ધરતાં ધરતાં, મારામાં જ મન પરોવીને જે ભક્ત પરમ શ્રદ્ધાથી મારી ઉપાસના કરે છે, તે મારા મત પ્રમાણે ઉત્તમ યોગી છે.**

બધાં આસન જેને કરતાં આવડે એને ઉત્તમ યોગી કહેવાય. પણ ભગવાને યોગીની વ્યાખ્યા કરી કે, 'જે હંમેશાં મારું ધ્યાન ધરે છે, મારામાં જ મન પરોવીને રાખે છે.'

ગઢડા પ્રથમના પહેલા 'વચનામૃત'માં સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, 'મનની વૃત્તિને ભગવાન સાથે અખંડ જોડી રાખવી. અને એવું જેને થયું હોય એને બીજું કાંઈ પ્રાપ્ત કરવાનું રહેતું નથી.' ત્યાંથી શરૂ કરીને સ્વામિનારાયણ ભગવાને ભગવાનમાં એવું અખંડ મન પરોવાયેલું રહે એના માટેના જુદા જુદા ઉપાયો પણ બતાવ્યા છે. જે અહીંયાં ભગવાન શ્રી કૃષ્ણે પણ અર્જુનને જુદાં જુદાં અંગ પ્રમાણે એની શંકાઓનું સમાધાન આપ્યું છે.

'ધ્યાનયોગ' આપણે વાંચી ગયા. આંખો બંધ કરીને અંદર કશુંક જોવાનો પ્રયત્ન કરવો એને ધ્યાન કીધું નથી. ધ્યાન એટલે સભાન. અને જ્યારે આપણે ધ્યાન ચૂકીએ છીએ ત્યારે ઍક્સિડન્ટ થઈ જાય છે. વૉટ્સઅપ જોતાં જોતાં જાહેર માર્ગ ઉપર ચાલીએ પછી સામેથી આવી કોઈ સ્કૂટરવાળો આપણને ઠોકી દે તો એ બેધ્યાન પણે થતી આપણી ક્રિયા છે. તે સમજી શકાય તેવી વાત છે. રસોડામાં રસોઈ કરતી ગૃહિણી પણ જો ધ્યાન ચૂકી તો બેધ્યાનપણે ગરમ તપેલી પકડી લે છે અને દાઝી જાય છે. આ ધ્યાનને ત્યાંથી સમજવાનું છે. અને એ ધ્યાન જેનું રહ્યું, એ પ્રભુની મૂર્તિમાં ધ્યાન લગાડી શકે છે.

ભગવાન પછી યોગીનાં લક્ષણોનું વર્ણન કરે છે. **તેઓ બધી જ ઇન્દ્રિયોને સંયમમાં રાખી, સર્વમાં સમબુદ્ધિવાળા અને બધાં જ ભૂતોના હિતમાં રત રહેલા હોવાથી મને જ પામે છે.**

ગુણાતીત સંતની સ્થિતિનું અને સ્થિતપ્રજ્ઞતાનાં લક્ષણોનું વર્ણન સાથે સાથે ભગવાન અહીંયાં સમજાવતા જાય છે કે, એવા મનુષ્ય શરીરમાં વિચરતા ભગવદ્‌સ્વરૂપ સંતને કેવી રીતે ઓળખી શકશો ? તો એની બધી જ ઇન્દ્રિયો સંયમમાં છે, સર્વમાં સમબુદ્ધિ છે. અને બધાં જ ભૂતોના હિતમાં તેઓ રત રહેલા હોવાથી એ મને જ પામે છે. બધું જ કરતા હોવા છતાં પણ તે અકર્તા છે.

અર્જુનને પણ આ ઉપાય શિખવાડે છે કે, **મારામાં જ મનને સ્થિર કર, મારામાંજ બુદ્ધિને પરોવ, આમ શંકા વગર પછીથી તું મારા ધામમાં જ આવશે.**

આગળ પણ આવો શબ્દપ્રયોગ આવી ગયો કે, 'હવે પછીથી જે આ પ્રમાણે મને ભજશે તે મને જ પામશે.' અર્જુનને પણ આગળ કરેલી શંકા હવે મટી ગઈ છે. તો શંકા વગરના તું પણ હવે પછીથી મારા ધામમાં જ આવશે, મને જ પામશે, મારા રૂપ થઈ જશે; પણ મારામાં મનને સ્થિર કર અને બુદ્ધિને પણ મારામાં જ પરોવ; એમ ભગવાન કહે છે.

**જે બધાં ભૂતપ્રાણીઓને વિષે દ્વેષભાવ રહિત, બધાંનો મિત્ર, દયાળુ, મમતા અને અહંકાર રહિત છે, સુખ અને દુઃખની પ્રાપ્તિમાં સમાન છે, ક્ષમાશીલ છે, હંમેશાં સંતોષી છે, યોગી છે, શરીરને વશમાં રાખે છે, દૃઢ નિશ્ચયવાળો છે, અને મને મનબુદ્ધિ અર્પણ કરનારો મારો ગોપીભક્ત, તે મને પ્રિય છે.**

જ્યારે ભક્તિની વાત આવે છે, ભક્તિયોગની વાત આવે છે, ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ 'વચનામૃત'માં ગોપીઓને સંભારી છે. અહીંયાં અર્જુનને ભક્તિયોગનું શિક્ષણ આપવા માટે ભગવાન ગોપીઓને, પોતાની બાળ સખીઓને સંભારે છે. જ્યારે અર્જુન અને કૃષ્ણનો સંવાદ કુરુક્ષેત્રમાં યુદ્ધની ભૂમિ પર થાય છે ત્યારે જે ગોપીઓ ગોકુળ-વૃંદાવનમાં છે એની સ્મૃતિ ભગવાન કરાવે છે. 'તું મારામાં તો હું પણ તારામાં'. ગોપીઓ પ્રભુમાં હતી, તો પ્રભુ પણ ગોપીઓનું સ્મરણ કરાવે છે. આગળ જે ભગવાન કહી ગયા કે, તું મારામાં મન પરોવ તો હું પણ તારામાં છું. મારા રૂપને પામી જઉં છું.

ગુણાતીતસ્થિતિની વાત ગઢડા પ્રથમના ૨૭મા વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને કહી છે. ગોપીઓની વાત કરતાં કરતાં એ વાતને પણ સંભારીએ, કે ભગવાન અખંડ નિવાસ કરીને કોનામાં રહે છે ? તો જે ભગવાનને કર્તા-હર્તા માને છે. સદા દિવ્ય સાકાર પ્રગટ અને પ્રત્યક્ષ માને છે. અને પૂર્વે થઈ ગયેલાં ઐશ્વર્ય, અત્યારે થઈ રહેલાં અને હવે પછી જે ઐશ્વર્યો થવાનાં છે તે મને મળ્યા એ પ્રભુ દ્વારા થાય છે-થવાનાં છે એવું જે માને છે અને જેને સુખમાં-દુઃખમાં, માન-અપમાનમાં, વૃદ્ધ કે યૌવન સ્ત્રીમાં સમભાવ વર્તે છે; એવા સાધુને વિશે ભગવાન સદાકાળ બિરાજમાન છે.

આ વચનો 'ગીતા'નાં વચનોના આધારે ભગવાન સ્વામિનારાયણે ગઢડા પ્રથમ-૨૭ના વચનામૃતમાં કહ્યાં. અને પોતાનું મિષ લઈને એમ કહ્યું કે, કોઈ મને હાથી ઉપર બેસાડે કે કોઈ મારાં નાક-કાન કાપીને ગધેડા ઉપર બેસાડે તો પણ મને સમ વર્તે છે; એવું જે સાધુ માને છે, એવું જે ભક્ત માને છે, પ્રભુને જે કર્તા-હર્તા માને છે તેનામાં ભગવાન સદાકાળ નિવાસ કરીને રહે છે. મનુષ્ય શરીરનું ધોકડું ભગવાનની પરમ શક્તિને ધારણ કરીને કલ્યાણને અર્થે વિચરતું રહે છે.

ગોપીઓની વાત કરીએ તો, ભગવાન સ્વામિનારાયણે 'વચનામૃત'માં જેને સંભારી, ભગવાન શ્રીકૃષ્ણને જ્યારે અક્રુરજી વૃંદાવનથી મથુરામાં લેવા માટે આવે છે ત્યારે ભગવાનનો રથ હાંકીને જનારા અક્રુરને રોકી રાખવા, અમારા ભગવાન અમારી સાથે જ, અમારી વચ્ચે જ રહે એ ભાવથી ભગવાનને રોકી રાખવાની ઈચ્છાવાળી ગોપીઓ બધી મળીને નક્કી કરે છે. ગોપી એટલે ભક્ત-પ્રેમી ભક્ત. ઉદ્ધવજી જ્ઞાની ભક્ત છે અને અક્રુરજી દાસત્વ- સેવક ભક્ત છે.

ગોપીઓ નક્કી કરે છે કે, ભગવાનને આપણે કોઈ પણ હિસાબે રોકી રાખવા છે. એક બહુ ઉતાવળી અને ઉગ્ર સ્વભાવની ગોપી હતી, એણે એમ કહ્યું કે, આપણે બધા ભેગા થઈને ભગવાનનો રથ જે માર્ગે જવાનો છે ત્યાં સૂઈ જ જઈએ. ગોપીઓએ નક્કી કર્યું કે, ભગવાનને રોકી રાખવા. અમારા પ્રભુ અમારાથી દૂર જવા ના જોઈએ. રથ આવ્યો. અક્રુરજી રથ હાંકે છે. એમને ગુસ્સો નથી આવતો કે, આ બધાં રસ્તા વચ્ચે ઊભાં રહ્યાં છે અને રથ જવાનો રસ્તો રોકી રહ્યાં છે. ભગવાન રથ પર બિરાજમાન છે, મંદ મંદ હસે છે અને ત્યારે પેલી આંખના ઈશારાની વાત થઈ. ગોપીઓ ભગવાનની આંખમાં જુએ છે. પ્રેમી ભક્તનું લક્ષણ છે કે, મારો પ્રભુ શેમાં રાજી છે? એની શી ઈચ્છા છે? એ પ્રમાણે વર્તવું. પોતાની જાતને એ પ્રમાણે વર્તાવવી એનું નામ છે 'કરિષ્યે વચનમ્ તવ'. ભગવાન કાંઈ બોલ્યા નહીં. અક્રુરજી પણ કાંઈ બોલ્યા નહીં. ખાલી ગોપીઓની અને ભગવાનની આંખ મળી અને ભગવાનની આંખમાં ગોપીઓએ અહીંયાં નહીં રોકાવાનો ભાવ વાંચ્યો. એટલે તેમને બીક લાગી. ગોપીઓને એ બાબતની ફિકર થઈ કે, આપણે જો આપણા મનનું ધાર્યું કરીશું તો ભગવાન રાજી થશે નહીં.

આપણે તો ભક્ત છીએ અને આપણે અક્ષર થવાની વાત કરીએ છીએ, તો આપણે પુરુષોત્તમના દાસ છીએ. તો કોનું ધાર્યું કરવાનું? જેનું ધાર્યું થાય જ છે, થતું આવ્યું છે અને હવે પછી પણ થવાનું છે; તો વર્તમાનકાળે એમના ધાર્યામાં રહેવું એ મારી ભક્તિ છે. આ ભક્તનું લક્ષણ છે. ભગવાનની મરજીમાં પોતાની મરજીને જોડી દેવી એટલે કે મન અર્પણ કરી દેવું. મનમુખી મટીને ગુરુમુખી થવું.

ગુરુના મુખેથી જે વચન કહેવાયું છે અને ગુરુની જે રુચિ છે, જે અભિપ્રાય છે, અને જે સનાતન સિદ્ધાંત છે તે પ્રમાણે જીવવું, મારી જીદ મૂકી દેવી. અને જો જીતવું હોય તો એમની રુચિમાં ભળી જવું. આ યુદ્ધ જીતવાની વાત છે. અને કોઈ યુદ્ધ જીદ કરવાથી જીતી શકાતું નથી. એમની રુચિમાં ભળી જવાથી એ યુદ્ધ જીતી શકાય છે, દશેય ઈન્દ્રિયોના દુશ્મનને જીતી શકાય છે. અને આખરે યુદ્ધ તો આપણે આપણી જાત સાથે જ કરવાનું છે.

એટલે ગોપીઓએ ભગવાનની મરજી નહીં રોકાવાની જોઈને બીક લાગી કે, ભગવાન કુરાજી થઈ જશે. ભગવાન કુરાજી થતા નથી પણ ભગવાનની પ્રસન્નતા આપણા ઉપર નહીં વરસે. ભગવાનની માળાના મણકામાં આપણું સ્થાન નહીં આવે. આપણે પ્રભુને સંભારીએ છીએ એમ પ્રભુ સામેથી આપણને નહીં સંભારે. કાંઈ બોલ્યા-ચાલ્યા વગર ગોપીઓએ માર્ગ આપી દીધો અને ભગવાનનો રથ મથુરા તરફ હંકારાઈ ગયો. આ 'કરિષ્યે વચનમ્ તવ'. ગોપીઓ પાસેથી પ્રેમલક્ષણા ભક્તિનું-ભક્તિયોગનું શિક્ષણ આપણે લેવાનું છે.

એમની શું આજ્ઞા છે? એમની શી રુચિ છે? એમનો શો અભિપ્રાય છે? એ મન વગરના પુરુષ છે, પણ એમણે મન ધારણ કર્યું છે આપણા માટે, એટલે એમની શી ઈચ્છા છે? એ ઠરાવરહિત છે, પણ એમણે ઠરાવ કર્યો છે કે, આપણને બધાને બ્રહ્મરૂપ કરવા છે. અને બ્રહ્મરૂપ કરવા માટેનું સાધન પણ કુટુંબ-પરિવારમાં જ આપી દીધું છે, ગામમાં ને સત્સંગ મંડળમાં જ આપી દીધું છે. એકબીજાને બ્રહ્મરૂપ કર્યે રાખવાના અને બ્રહ્મરૂપ થતા રહેવાનું.

**જેને કારણે લોકોને ઉદ્વેગ નથી થતો, અને જે કોઈ પણ પ્રાણીથી ઉદ્વેગ પામતો નથી. અને જે હર્ષ, અદેખાઈ, ભય અને ઉદ્વેગથી મુક્ત છે એ જ મારો ગોપી ભક્ત છે.**

આપણી આસપાસનાં પ્રાણીઓ આપણને કેટલો ઉદ્વેગ કરાવી જાય છે ? એ આપણો જાતઅનુભવ છે. જેને કારણે-જે વ્યક્તિને કારણે એની આસપાસના અન્ય વ્યક્તિઓને ઉદ્વેગ થતો નથી, અને જે કોઈ પણ પ્રાણીથી ઉદ્વેગને પામતો નથી.

**જે ઈચ્છાએ રહિત છે, અંદર અને બહારથી પવિત્ર છે, ચતુર છે, પક્ષપાત અને ચિંતાથી મુક્ત છે, તથા બધા વિષયી આરંભનો ત્યાગ કરનારો છે, એ મારો ગોપીભક્ત મને પ્રિય છે. જે નથી કદી ફુલાતો કે નથી કદી દ્વેષ કરતો; નથી શોક કરતો કે વિષયની ઈચ્છા કરતો; જેણે શુભ-અશુભ કર્મોમાં રાગ-દ્વેષનો ત્યાગ કર્યો છે, એ મારો ગોપીભક્ત મને પ્રિય છે. જે મિત્ર કે શત્રુ પ્રત્યે સમાન અને માન કે અપમાન વિશે સમાન છે, જે ઠંડી-ગરમી કે સુખ દુઃખમાં સમભાવી છે અને જે આસક્તિ રહિત છે, નિંદા અને સ્તુતિમાં સમાન રહે છે, મનનશીલ છે, જે કાંઈ મળે તેમાં સંતોષી છે, જે ઘરબારમાં મમતારહિત છે, અને જેની બુદ્ધિ સ્થિર છે, આવો ગોપીભક્ત મને પ્રિય છે. જેઓ મારામાં શ્રદ્ધા રાખવાવાળા છે અને મારે પરાયણ ગોપીભક્તો, અને વળી આ ધર્મમય અમૃતનું સારી રીતે સેવન કરે છે, તેઓ મને અત્યંત ગોપનીય છે.**

અહીં 'ભક્તિયોગ' નામનો બારમો અધ્યાય પૂરો થાય છે.

આવા ભક્ત થવાની અને આવી ભક્તિ કરવાની આપણા અંગમાં રહીને-સમજણના અંગમાં રહીને, પ્રીતિના અંગમાં રહીને, દાસત્વ-સેવકભાવના અંગમાં રહીને ભગવાન સાથે સમગ્રતાથી, સમત્વથી જોડાઈને, ભગવાનના પ્રિય ભક્ત બનવાની આપણને સૌનેય બુદ્ધિ આપે, શક્તિ આપે, ભક્તિ આપે તેવી મંગલ પ્રાર્થના સાથે આ કથાનો અહીંયાં વિરામ કરીએ છીએ.

સહજાનંદ સ્વામી મહારાજની જય !

(ક્રમશઃ) ◆







# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ જુલાઈ, સોમવાર...** સવારે લેંઈસ્ટરમાં વિજયભાઈ ઠક્કરની ઑફિસમાં યોજેલ મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. સુનીલભાઈ કોટેચાના સ્વાસ્થ્યલાભ માટે તેઓના ઘરે પધારી નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી. સાંજે વિજયભાઈના ઘરે યોજેલ સત્સંગસભામાં સ્થાનિક મંડળના ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ વિજયભાઈ-દર્શનાબહેનના ઘરે કર્યું.

**૨ જુલાઈ, મંગળવાર...** સવારે મંગલ પૂજામાં દર્શન-આશિષનું સુખ આપ્યું. લેંઈસ્ટરમાં 'ડી મોન્ટ ફૉર્ડ યુનિવર્સિટી'માં વિજયભાઈ પટેલના દાનથી તૈયાર કરવામાં આવેલ 'વિજય પટેલ બિલ્ડિંગ આર્ટ અને ડિઝાઈન'ની મુલાકાતે પધારી સૌ સ્ટાફને મળ્યા. રાત્રે લંડન પરત પધાર્યા.

**૩ જુલાઈ, બુધવાર...** સવારે સ્થાનિક ભક્તોને મુલાકાત આપી સત્સંગલાભ આપ્યો. બપોરે મુર પાર્કમાં 'શ્રીમદ્ રાજચંદ્ર મિશન' સૅન્ટરમાં પધારી ત્યાંના સ્થાનિક કાર્યકર્તાઓ તેમજ ભક્તોને સભામાં આશીર્વાદ પાઠવ્યા. દિનેશભાઈ-ઈલાબહેન સંઘરાજકાના ઘરે પધરામણી કરી. સાંજે જલારામ મંદિર, લોહાણા સમાજ, સનાતન મંદિર, શ્રીમદ્ રાજચંદ્ર મિશનના સૌ ટ્રસ્ટીઓ, અગ્રણી મુક્તોને બ્રહ્મજ્યોતિમાં નિમંત્રણ પાઠવીને બોલાવ્યા હતા, તેઓ સૌને સત્કારી અભિવાદન કર્યાં અને સભામાં આશીર્વાદ પાઠવ્યા.

**૪ જુલાઈ, ગુરુવાર...** સવારે હિથ્રો ઍરપૉર્ટ ઉપર સૌની ભાવભરી વિદાય લઈ પૂ. હિંમત સ્વામી, સતીશભાઈ સાથે ફ્લાઈટમાં બપોરે યુ.એસ.એ.ના નૅવાર્ક ઍરપૉર્ટ પધાર્યા. જ્યાં ખૂબ મોટી સંખ્યામાં સ્થાનિક ભક્તો સત્કારવા માટે પધાર્યા, તેઓ સૌના સત્કારભાવ ઝીલી, સૌને આનંદ કરાવી, સાંજે ઍલનટાઉન મંદિરે પધાર્યા. ત્યાં 'યોગી યૂથ કૅમ્પ'માં પધારેલ સૌ યુવાન શિબિરાર્થીઓએ તેમજ સ્થાનિક ભક્તોએ ખૂબ ભાવથી સત્કાર્યા. તેઓ સૌને દર્શનનું સુખ આપી શ્રી ઠાકોરજીનાં દર્શન કરી સ્વાગતસભામાં આશીર્વાદ પાઠવ્યા તેમજ શિબિરાર્થી મુક્તોને વિશેષ લાભ આપ્યો.

**૫ જુલાઈ, શુક્રવાર...** 'યોગી યૂથ કૅમ્પ'ની પૂર્ણાહુતિ સભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૬ જુલાઈ, શનિવાર...** યોગી ડિવાઈન સોસાયટીના 'હરિધામ' નૂતન મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં પારસીપૅની-ન્યૂજર્સી પધાર્યા.

**૭ જુલાઈ, રવિવાર...** સવારે 'હરિધામ' નૂતન મંદિરની મૂર્તિઓની પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીના હસ્તે થયેલ પ્રાણપ્રતિષ્ઠામાં પધારી પ.પૂ. સ્વામીજી સાથે મૂર્તિઓનાં દર્શન કરી, પ.પૂ. સ્વામીજી સાથે આરતી ઉતારી. સાંજે ન્યૂજર્સીના સ્થાનિક મંડળના મુક્તોને સત્સંગલાભ આપ્યો.

**૮ જુલાઈ, સોમવાર...** ઍલનટાઉન મંદિરની નજીક નિવાસ કરતા સ્થાનિક ભક્તોને લાભ આપ્યો.

**૯ જુલાઈ, મંગળવાર...** રાજાભાઈ-સુનિતાબહેનના ઘરે પધરામણી કરી પરિવારના સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. મંદિરમાં યોજેલ સભામાં પધારી ઉપસ્થિત ભક્તોને સત્સંગનું સુખ આપ્યું.

**૧૦ જુલાઈ, બુધવાર...** યુ.કે.થી પધારેલ સતીશભાઈ ચતવાણી અને સંતો-ભક્તો સાથે ન્યૂજર્સીના રોબિન્સવિલેમાં આવેલ બી.એ.પી.એસ. મંદિરે દર્શનાર્થે પધાર્યા. સેમી-શીતલબહેનના ઘરે પધારી સત્સંગ-ગોષ્ઠિનો અદ્ભુત લાભ આપી અનુબહેન-વિશ્વાસ તેમજ ચિરાગ-ચિનુભાઈના ઘરે પધરામણી કરી મોડી રાત્રે ઍલનટાઉન મંદિરે પધાર્યા.

**૧૧ જુલાઈ, ગુરુવાર...** સવારે આલ્બનીમાં દીપકભાઈ-નલિનીબહેન તથા અ.નિ. અર્જુનભાઈ-નીલાબહેનના ઘરે પધરામણી કરી, વિશેષ અ.નિ. અર્જુનભાઈ ધામમાં પધાર્યા તે નિમિત્તે ધૂન-પ્રાર્થના કરી નીલાબહેનને સાંત્વન પૂરું પાડ્યું અને સદ્ગત આત્માને શાંતિ પ્રાપ્ત થાય તે માટે પ્રાર્થનાઓ કરી. ચાર્ટર્ડ ફ્લાઈટમાં ઍલનટાઉનથી આલ્બની થઈ રિચમંડ પધાર્યા. જ્યાં ભાવેશભાઈ-કિરપાબહેન તથા ભક્તો દ્વારા નિર્માણ થયેલ નૂતન મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા તેમજ લોકાર્પણ પ્રસંગે પધારી સૌના સ્વાગતના ભાવ ઝીલી ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ જુલાઈ, શુક્રવાર...** સવારે રિચમંડમાં અનિલભાઈ-જશુબહેનના ઘરે પ્રાતઃપૂજામાં મંડળના મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. પ્રશાંતભાઈ-ધર્મિષ્ઠાબહેનના સ્ટૉરમાં પધરામણી કર્યા બાદ જૈન સૅન્ટર મંદિરે દર્શનાર્થે પધારી પ્રાર્થના કરી. સાંજે રિચમંડ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે યોજેલ શિબિરની પ્રથમ સભામાં સૌને આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ અનિલભાઈ-જશુબહેનના ઘરે કર્યું.

**૧૩ જુલાઈ, શનિવાર...** પ્રાતઃપૂજામાં સ્થાનિક ભક્તોને સત્સંગલાભ આપ્યો. સાંજે મૂર્તિપ્રતિષ્ઠા મહાપૂજામાં બિરાજેલ ૧૨૫ યુગલો તમજ ઉપસ્થિત સૌ ભક્તોને મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ બાદ આશીર્વાદ પાઠવ્યા. મંદિર ખૂબ સુંદર બન્યું છે. મૂર્તિઓ પણ દર્શનીય છે. તે માટે પૂ. કાંતુકાકા-ભાવેશઅને સૌ ભક્તોને ધન્યવાદને અભિનંદન પાઠવ્યાં.

**૧૪ જુલાઈ, રવિવાર...** મૂર્તિપ્રતિષ્ઠા બાદ પ્રથમ સભામાં ગુરુપૂર્ણિમા ઉત્સવમાં સૌને પૂજન તેમજ આશીર્વાદનો લાભ આપ્યો. સાંજે પરેશકુમાર-દીનાબહેનના નવા નિવાસસ્થાને યોજેલ મહાપૂજામાં પધારી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ મંદિરમાં પ.પૂ. સાહેબદાદાના ૮૦મા પ્રાગટ્યપર્વની સભામાં પધારી સૌ ભક્તોના

સર્વાંગી ભાવનો સ્વીકાર કરી, સૌ ઉપસ્થિત ભક્તોની ભક્તિને બિરદાવીને આશીર્વાદ પાઠવ્યા.

**૧૫ જુલાઈ, સોમવાર...** સવારે સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના ૭૮મા પ્રાગટ્યપર્વે સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે બિરેનભાઈ તથા આશિષભાઈ-જલ્પાબહેનના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. નીતિનભાઈ-મધુબહેનના ઘરે યોજેલ મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૬ જુલાઈ, મંગળવાર...** અનિલભાઈ-જશુબહેનના ઘરે પ્રાતઃપૂજામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. રિચમંડ મંદિરે વિદાય-મિલન સભામાં સૌ ભક્તોને આશીર્વાદ પાઠવી ભાવભરી વિદાય લઈ ચાર્ટડ ફ્લાઈટમાં પૂ. અશ્વિનભાઈ અને મુક્તો સાથે રિચમંડથી ઍલનટાઉન પધારી ગુરુપૂનમ નિમિત્તે યોજેલ સભામાં સૌને ગુરુપૂજન તેમજ આશીર્વાદનો લાભ આપ્યો.

**૧૭ જુલાઈ, બુધવાર...** ક્વિન્સ-ન્યૂયૉર્કમાં લોપાબહેનના ઘરે પધાર્યા. ત્યાંથી સુધીરભાઈના સ્વાસ્થ્યલાભ માટે તેઓના ઘરે પધારી નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી. સાંજે ઍલનટાઉન મંદિરે પધારી ભક્તોને સત્સંગલાભ આપ્યો.

**૧૮ જુલાઈ, ગુરુવાર...** બપોરે ઍલનટાઉનમાં સૌ મુક્તો સાથે મૂકેશભાઈ કઢીવાલા-ચેતનાબહેનના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. બપોરે લૅન્સડેલમાં રોહિતભાઈ-રેખાબહેનના નૂતન આવાસમાં પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા.

**૧૯ જુલાઈ, શુક્રવાર...** યોગી જ્ઞાનશિબિરમાં સૌ ભક્તોને સત્સંગલાભ આપી ધન્યતા અનુભવી.

**૨૦ જુલાઈ, શનિવાર...** ઍલનટાઉન મંદિરના શ્રી ઠાકોરજીના ૧૬મા પાટોત્સવમાં મૂર્તિઓનાં પૂજન-અર્ચન કરી ગુરુપૂર્ણિમાના મંગલ અવસરે પધારેલ સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે અ.નિ. પૂ. આર. ડી.દાદાના શતાબ્દી પર્વ નિમિત્તે યોજેલ સભામાં પધારી તેઓના જીવનનું અદ્‌ભુત દર્શન કરાવી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૧ જુલાઈ, રવિવાર...** સવારે ઍલનટાઉનથી ફ્લાઈટમાં ટોરોન્ટો-કૅનેડામાં અક્ષયભાઈના સ્વાસ્થ્યલાભ માટે હૉસ્પિટલમાં પધારી નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી. ધવલભાઈ-મેઘનાબહેનના ડાઉનટાઉનના ફ્લેટમાં સૌ મુક્તોને સત્સંગલાભ આપ્યો. વધુ અભ્યાસ માટે Antigua જતા ડૉ. તેજનભાઈ-પારુલબહેનનો દીકરા કૃણાલને આશીર્વાદ પાઠવ્યા. આ સભામાં કૅનેડાના સદ્‌ભાગી મુક્તો ધવલભાઈ-મેઘનાબહેન, વિશાલભાઈ-મનીષાબહેન, દિનેશકુમાર-દીપ્તિબહેન, સ્મિતાબહેન, રાજુભાઈ, હિતેશકુમાર-સોનલબહેન, કાજલ, નીલ, સેજલ આદિ ભક્તોએ લાભ લીધો. સાંજે ઍલનટાઉન પરત પધાર્યા.

**૨૨ જુલાઈ, સોમવાર...** ઍલનટાઉન મંદિરે ભક્તોને લાભ આપી સાંજે નૅવાર્ક ઍરપૉર્ટ ઉપર ન્યૂજર્સીના સૌ ભક્તોને સત્સંગ-ગોષ્ઠિ સાથે બ્રહ્માનંદ કરાવી આશીર્વાદની વર્ષા કરી રાત્રિ ફ્લાઈટમાં લંડન-હિથ્રો ઍરપૉર્ટ પ્રતિ પ્રયાણ કર્યું.

**૨૩ જુલાઈ, મંગળવાર...** બપોરે લંડન-હિથ્રો ઍરપૉર્ટ પધાર્યા. ઍરપૉર્ટ પર સ્થાનિક સંતો-ભક્તોએ સત્કાર્યા. ઍરપૉર્ટથી સીધા બ્રહ્મજ્યોતિ-અનુપમ મિશન, ડૅન્હમ મંદિરે પધાર્યા, જ્યાં બ્રહ્મજ્યોતિ પરિવારના સૌ મુક્તોએ સત્કાર્યા. મંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, ધૂન કરી. સાંજે મંદિરના હૉલમાં બ્રહ્મસ્વરૂપ યોગીબાપાની સ્મૃતિમાં યોજેલ કીર્તન-આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા આ પ્રસંગે પધારેલ સૌને આશીર્વાદ આપ્યા અને યુ.એસ.એ. તેમજ કૅનેડાના ભક્તોનાં સમર્પણ અને ભક્તિભાવને બિરદાવી સૌને સ્મૃતિ કરાવી.

**૨૪ જુલાઈ, બુધવાર...** બ્રહ્મજ્યોતિ પર સવારે ફેઝ-૨ના બાંધકામની ખાતમુહૂર્તવિધિમાં પધારી આશીર્વાદ પાઠવ્યા. નિર્માણકાર્યનો પ્રારંભ કરાવી ઉપસ્થિત સૌ ભક્તોને ગોષ્ઠિનો લાભ આપી બ્રહ્માનંદ કરાવ્યો. સાંજે મૂર પાર્કમાં રમેશભાઈ કણસાગરા-કલાબહેનના ઘરે પધરામણી કરી પરિવારના સૌ મુક્તોને ગોષ્ઠિનો આનંદ કરાવ્યો.

**૨૫ જુલાઈ, ગુરુવાર...** ડૉ. સંજયભાઈ બાલદોત્તાના નૂતન આવાસમાં યોજેલ મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે વૉટફૉર્ડમાં તુષારભાઈ-નિરાલીબહેનના ઘરે યોજેલ સ્થાનિક મંડળની સભામાં પધારી સત્સંગલાભ આપ્યો. રાત્રે હાર્દિકભાઈ પંડ્યા-વિરાજબહેન, વિગેશભાઈ-કવિતાબહેનના ઘરે પધરામણી કરી.

**૨૬ જુલાઈ, શુક્રવાર...** સ્થાનિક હરિભક્તોને મુલાકાત આપી ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે મંદિરમાં સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૨૭ જુલાઈ, શનિવાર...** સવારે આરતી બાદ યુવાન અક્ષરમુક્તોને આશીર્વાદ આપ્યા. સાંજે સભામાં જીવન જીવવાની અદ્‌ભુત વાતો કરી.

**૨૮ જુલાઈ, રવિવાર...** દર મહિનાના છેલ્લા રવિવારે મંદિરમાં યોજાતી ૮ કલાકની ધૂનમાં પધારી ધૂન-પ્રાર્થના કર્યાં. સાંજે રવિવારની અઠવાડિક સભામાં સૌને આશીર્વાદ આપ્યા. રાત્રે ટ્રસ્ટીઓની મીટિંગમાં પધારી સૌને જીવન જીવવાનું માર્ગદર્શન આપ્યું.

**૨૯ જુલાઈ, સોમવાર...** સવારે મંદિરમાં કિશોરભાઈ ગોકળ અને પન્નાબહેનનું સન્માન કર્યું તથા ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે સતીશભાઈ ચતવાણીનાં બહેન ભાનુબહેનના સ્વાસ્થ્યલાભ માટે બ્રૉમ્પ્ટન હૉસ્પિટલમાં પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી. સાંજે લૉર્ડ જિતેશભાઈ ગઢિયા ને રાકેશભાઈ પટેલ પરિવાર સહિત પધાર્યા તે સૌને સત્કારી આશીર્વાદ આપ્યા.

**૩૦ જુલાઈ, મંગળવાર...** બપોરે પ્રદીપભાઈ દામેચાને મુલાકાત આપી ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે લૉર્ડ ડૉલર પોપટ દ્વારા લિખિત આત્મકથા 'A British Subject' પુસ્તકનું અનાવરણ કર્યું.

**૩૧ જુલાઈ, બુધવાર...** સવારે બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરતા સૌ કાર્યકર્તાઓની સેવા-ભક્તિ નિહાળી તેઓને આશીર્વાદ પાઠવ્યા. સાંજે ભીખુભાઈ-વિજયભાઈને સત્કારી ગોષ્ઠિનો આનંદ કર્યો. ◆



# પરદેશમાં પ્રભુનો પ્રસંગ, સાહેબ અને સંતોને સંગ...



**અમેરિકામાં અનુપમ મિશનના રિચમંડ કેન્દ્રમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ**

અમેરિકાના અનુપમ મિશનના રિચમંડ કેન્દ્રમાં ૧૩થી ૧૫ જુલાઈ ૨૦૧૯ દરમિયાન સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં નૂતન હરિમંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. રિચમંડ મંડળના ભક્તોએ ભેગાં મળીને ભક્તિભાવે સમર્પણ કર્યાં, જેને પરિણામે આ નૂતન મંદિર સાકાર થયું. સંતોની પ્રાર્થના, માર્ગદર્શન, હૂંફ તથા વડીલોનાં જતન અને બળને પરિણામે યુવાનોએ ખૂબ સેવાઓ કરી મંદિર તૈયાર કર્યું.

સંતભગવંત સાહેબજી આ વર્ષે અમેરિકા પધારે તેવું કોઈ આયોજન ન હતું. પરંતુ, ભક્તોનો ભક્તિભાવ પ્રગટ ગુરુહરિને રિચમંડમાં ખેંચી લાવ્યો. સંજોગો એવા ગોઠવાયા કે સાહેબદાદા અમેરિકા પધાર્યા અને ૧૧ જુલાઈના રોજ ચાર્ટર્ડ પ્લેન લઈને રિચમંડ પધાર્યા. સંતભગવંત સાહેબજીના આગમનના સમાચાર સાંભળી ભક્તોનાં હૈયાં આનંદે ઝૂમી ઊઠ્યાં. ભક્તોના હૈયે હરખ સમાતો નહોતો ને આ આનંદની લાગણી સંતભગવંત સાહેબદાદા, પૂ. અશ્વિનદાદા, પૂ. વાસુભાઈ, પૂ. હિંમત સ્વામી, પૂ. જયેશભાઈ, પૂ. અરવિંદભાઈ આદિ સંતોનાં ભવ્ય સ્વાગતમાં વહી.

૧૩ જુલાઈના રોજ સંતભગવંત સાહેબદાદા અને સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાની દિવ્ય ઉપસ્થિતિમાં પૂ. હિંમતસ્વામી, રિંકેશભાઈ અને મિહિરભાઈએ અદ્‌ભુત પ્રતિષ્ઠા મહાપૂજા સંપન કરી, જેમાં ૧૨૫ યુગલ યજમાનો બિરાજ્યાં. સંતભગવંત સાહેબજી અને પૂ. અશ્વિનદાદાએ મૂર્તિપ્રતિષ્ઠા આરતી અર્પણ કરી શ્રી ઠાકોરજી પધરાવ્યા. પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ આ દિવ્ય ઉત્સવના, શ્રી ઠાકોરજીની પ્રતિષ્ઠાના આનંદના રૂડા આશીર્વાદ પાઠવ્યા. સૌ ભક્તોના હૈયે અનેરી ધન્યતા અનુભવાતી હતી. મૂર્તિપ્રતિષ્ઠાના આ દિવ્ય પ્રસંગમાં સહભાગી થવા અમેરિકાનાં પ્રત્યેક કેન્દ્રોમાંથી ખૂબ મોટી સંખ્યામાં ભક્તો પધાર્યાં.

૧૪ જુલાઈના રોજ સંતભગવંત સાહેબજીના ૮૦મા પ્રાગટ્યપર્વની ભક્તિભરી ઉજવણી પણ સૌએ ભેગાં મળીને કરી. આ પ્રસંગે શ્રી ઠાકોરજીને વિવિધ ૮૦ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો. સંતો સાથે ભક્તોએ ભાવથી થાળનાં ગાન કરી પ્રભુને થાળ જમાડ્યો. આ ઉત્સવના હાર્દને માર્મિક ઢબે પૂ. અશ્વિનદાદાએ સમજાવી આશીર્વાદ આપ્યા. સંતભગવંત સાહેબજીએ પણ પ્રસન્નતારૂપી આશિષ પાઠવી સૌને કૃતાર્થ કર્યા. સાંજની સભામાં બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરી સુંદર ભક્તિ અદા કરી. 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'ના મુખપાઠ તેમજ વિવિધ સાંસ્કૃતિક નૃત્ય અને ભજનોનાં ગાન દ્વારા વિદેશમાં રહેતાં બાળકોએ સંસ્કૃતિ પ્રત્યેની આદર-ભાવના વ્યક્ત કરી, જે માણી સૌ ખૂબ રાજી થયાં. આ પ્રસંગે બાળકોએ સંતભગવંત સાહેબજીને સુંદર સ્મૃતિભેટ અર્પણ કરી. ગુરુદેવ યોગીજી મહારાજે આરંભેલી યુવાપ્રવૃત્તિના વિકાસ અને યુવાનો માટે અમેરિકામાં થતા ભક્તિભર્યા પ્રયત્નોને તેમજ સૌ બાળ-યુવાઓની ભક્તિને બિરદાવી સંતભગવંત સાહેબદાદાએ રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા.

૧૫ જુલાઈના મંગલકારી દિવસે સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનો પ્રાગટ્યપર્વ અને ગુરુપૂર્ણિમાના દિવ્ય ઉત્સવની ભક્તિભીની ઉજવણી કરવામાં આવી. આખો દિવસ સૌ ગુરુના સાંનિધ્યે ગુરુ-માહાત્મ્યમાં ગરકાવ બની, સદાય ગુરુભક્તિ અદા કરવાના સંકલ્પને વાગોળતાં રહ્યાં. આ દિવસ ઉપસ્થિત






અમેરિકાના રિચમંડ કેન્દ્રમાં સંતભગવંત સાહેબદાદાનો ૮૦મો અને સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનો ૭૮મો પ્રાગટ્યોત્સવ ભક્તિભાવે ઉજવાયો

સૌ ભક્તો માટે અમૃતસમ હતો. ગુરુહરિનાં અને ગુરુસ્વરૂપ સંતોનાં પૂજન કરી સૌ ધન્ય થયાં. સંતભગવંત સાહેબજીએ પણ પૂ. અશ્વિનદાદાના અલૌકિક માહાત્મ્યને છતું કર્યું. પૂ. અશ્વિનદાદાના જીવનનું દર્શન કરાવતી સુંદર વિડિયો ક્લિપને નિહાળી સૌ ધન્ય થયાં. અલૌકિક ગુરુપૂર્ણિમા ઉત્સવ ઉજવી સૌ બ્રહ્માનંદે સભર બન્યાં. સંતભગવંત સાહેબજી અને સંતોએ અમેરિકાના અને સવિશેષ રિચમંડ મંડળના ભક્તોની ભક્તિને ખૂબ બિરદાવી. ◆

## અમેરિકામાં ઍલનટાઉન મંદિરે યોગી જ્ઞાનશિબિર, મંદિરનો ૧૬મો પાટોત્સવ, ગુરુપૂર્ણિમા પર્વ અને પૂ. આર. ડી.દાદાનું શતાબ્દી પર્વ

અમેરિકાના ઍલનટાઉન મંદિરે સંતભગવંત સાહેબજી અને પૂ. અશ્વિનદાદાના દિવ્ય સાંનિધ્યે ભક્તો માટે પ્રતિવર્ષની જેમ ૧૯ જુલાઈથી ૨૧ જુલાઈ દરમિયાન 'યોગી જ્ઞાનશિબિર'નાં સુંદર આયોજન થયાં. પૂ. અશ્વિનદાદા અને અનુપમ મિશન-યુ.એસ.એ.ના ટ્રસ્ટીઓએ મળીને દીપપ્રાગટ્ય દ્વારા શિબિરના શુભારંભ કર્યા. આ પ્રસંગે પૂ. દિનકરભાઈની પણ દિવ્ય સંનિધિ પ્રાપ્ત થઈ. આ શિબિરમાં ભક્તોએ મંદિરના માહાત્મ્યને સુદૃઢ કર્યું. સવિશેષ બાળમંડળના સભ્યોએ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સંતભગવંત સાહેબજી દ્વારા નિર્મિત મંદિરોના માહાત્મ્યને સુશોભન, વક્તવ્ય, પ્રવૃત્તિઓ દ્વારા છતું કર્યું. આ પ્રસંગે વીરેન્દ્રભાઈ અને પૂ. નરેન્દ્રભાઈએ ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા અને સંતભગવંત સાહેબજી દ્વારા નિર્મિત મંદિરોના ઈતિહાસની વાતો કરી સૌને ભક્તિયજ્ઞમાં જોડાવા બળ પૂર્યાં.

પૂ. અશ્વિનદાદાએ આ વિષય ઉપર પોતાની લાક્ષણિક શૈલીમાં સવિશેષ પ્રકાશ પાથરી મંદિરને સકલ વિશ્વના મંગલ તરીકે ગણાવ્યું. સંતભગવંત સાહેબજી અને પૂ. દિનકરભાઈએ આશીર્વાદમાં બાળમંડળની પ્રતિભાને બિરદાવી સૌનાં હૈયે ભગવાનના ધામ થવાનો ભાવ દૃઢ કરાવ્યો.

૨૦ જુલાઈના રોજ ઍલનટાઉન મંદિરના શ્રી ઠાકોરજીનો ૧૬મો પાટોત્સવ અને ગુરુપૂર્ણિમા પર્વનું સુંદર આયોજન કરાયું. સંતો તથા ભક્તોએ યજમાન સ્વરૂપે પાટોત્સવવિધિમાં બિરાજી ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યો. સૌ સંતો-ભક્તોએ શ્રી ઠાકોરજીનાં ચરણ પખાળી, શણગાર કરી પ્રાર્થનાઓ ધરી. આ પ્રસંગે સંતભગવંત સાહેબજી, પૂ. દિનકરભાઈએ આશીર્વાદ આપી સૌને કૃતાર્થ કર્યાં અને અમેરિકામાં વસતા તથા શ્રી ઠાકોરજીની સેવામાં સમર્પિત ભક્તોની ભક્તિને બિરદાવી.

ત્યારબાદ યોજિત ગુરુપૂર્ણિમાની સભામાં પૂ. અશ્વિનદાદાએ સૌ વતીથી પ.પૂ. સાહેબદાદાનાં પૂજન કર્યાં. પૂ. જયેશભાઈ અને પૂ. હિંમતસ્વામીજીએ પૂ. દિનકરભાઈ, પૂ. અશ્વિનદાદા અને સૌ સંતોનાં પૂજન કરી પુષ્પહાર અર્પણ કરી પ્રાર્થનાઓ ધરી. પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ આપ્યા કે, 'ભગવાન પ્રગટ છે અને તેમના ધબકાર સાંભળવાનું પર્વ એટલે પાટોત્સવ. ભગવાન સાધુરૂપે પ્રગટ છે. તે માત્ર શરીર નહીં, પણ પરબ્રહ્મ તત્ત્વને ધારક ગુરુહરિ છે તે ભાવથી પૂજન કરવાનો આજનો આ દિવસ. આ ભાવના કેળવી સૌ ગુરુહરિ સાહેબદાદાનાં પૂજન કરીએ.'

સંતભગવંત સાહેબજીના વિદ્યાગુરુ નિષ્ઠાવાન મુક્તરાજ પૂ. આર. ડી.દાદાના શતાબ્દી પર્વની પણ ઍલનટાઉન મંદિરે સુંદર ઉજવણી થઈ. આ પ્રસંગે વિષ્ણુદાદા, જિતુભાઈ આદિ અને પૂ. અશ્વિનદાદાએ આર. ડી.દાદાના સમર્પિત આદર્શ જીવનની ખૂબ સુંદર વાતો કરી સાધનામાર્ગે સૌને માર્ગદર્શન પૂરું પાડ્યું. સંતભગવંત સાહેબજીએ આર. ડી. દાદાના જીવનના પરિવર્તનની સુંદર વાતો કરી ગુરુમુખી જીવન જીવવાનો દિવ્ય સંદેશો આપ્યો. આ પ્રસંગે જિતુભાઈ અને રીટાબહેનનું સન્માન કરી આર. ડી.દાદાને પ્રાર્થના-અંજલિ અર્પણ કરાઈ.

૨૧ જુલાઈના રોજ સવારે યોગી જ્ઞાનશિબિરની પૂર્ણાહુતિ સભામાં ભક્તોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી આ શિબિર દરમિયાન થયેલા સુખદ અનુભવોને વાગોળ્યા. વળી, સંતભગવંત સાહેબજી, પૂ. અશ્વિનદાદા અને પૂ. દિનકરભાઈની દિવ્ય સંનિધિથી પ્રાપ્ત થયેલા બ્રહ્માનંદને પણ વર્ણવ્યો. સંતભગવંત સાહેબજીએ સૌને ચિરંજીવ સ્મૃતિઓ આપી આશીર્વાદમાં શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના માર્ગે જીવન ધન્ય કરવાની સમજ આપી. ◆



ઍલનટાઉન મંદિરે યોગી જ્ઞાનશિબિરના દીપપ્રાગટ્ય દ્વારા શુભારંભ



મુક્તરાજ અ.નિ. પૂ. ડૉ. આર. ડી.દાદાના શતાબ્દીપર્વની સભામાં માહાત્મ્યગાન

## ઈંગ્લૅન્ડમાં સંતભગવંત સાહેબજીની સંનિધિમાં સત્સંગ

અમેરિકામાં વિચરણ કરી ૨૩ જુલાઈના રોજ સંતભગવંત સાહેબજી ઈંગ્લૅન્ડ પધાર્યા. ૨૪ જુલાઈના રોજ ઈંગ્લૅન્ડની તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં નૂતન મંદિર થયા બાદ બીજા ચરણના બાંધકામના શુભારંભ સંતભગવંત સાહેબજીએ ભૂમિપૂજનની મહાપૂજા દ્વારા કરાવ્યા. આ પ્રસંગે અનુપમ મિશન, ઈંગ્લૅન્ડના ટ્રસ્ટીઓ, અગ્રણી ભક્તો અને સંતોએ વિશેષ પ્રાર્થના અને સંકલ્પ કર્યા. જુલાઈ ૨૦૨૦માં બાંધકામનું બીજું ચરણ સાકાર થાય તે માટે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ દીધા. સંતભગવંત સાહેબજીએ ઈંગ્લૅન્ડના અગ્રણી મુક્તો રમેશભાઈ-કલાબહેન કણસાગરા, કિશોરભાઈ-પન્નાબહેન ગોકલ, પ્રદીપભાઈ દમેચા, લૉર્ડ જીતેશ ઘડીયા, ભીખુભાઈ-વિજયભાઈ પટેલ પરિવાર, સુભાષભાઈ ઠકરાર, વિનુભાઈ કોટેચા, સતીશભાઈ-હંસાબહેન ચતવાણી, યોગેન્દ્રભાઈ-વિનુબહેન, નરેન્દ્રભાઈ-દિનાબહેન ઠકરાર આદિ મહાનુભાવોને સત્સંગ-સમાગમ-ગોષ્ઠિનો અલૌકિક લાભ આપ્યો. આ સૌ મુક્તોને સાહેબજી પ્રતિ વિશેષ પ્રેમ છે અને તે પ્રેમ આવા સમાગમ થકી કાયમ વધુને વધુ સુદૃઢ થતો રહે છે તેનો આ ભક્તોને પણ ખૂબ આનંદ છે તે સહજ આ પ્રસંગે વ્યક્ત થયો.

આ દરમિયાન મંદિરે પધારતા ભક્તોને સત્સંગનો લાભ આપી સાહેબજીએ સૌને ભગવાનમય જીવન જીવવાની પ્રેરણા આપી. વળી, ૩૦ જુલાઈના રોજ લૉર્ડ ડૉલર પોપટ દ્વારા પ્રકાશિત કરાયેલ પોતાની આત્મકથા - 'The British Subject'નાં મુક્તાર્પણ અનુપમ મિશન, ડેન્હમ મંદિરે થયાં. લૉર્ડ ડૉલર પોપટના પ્રારંભિક જીવનકાળમાં ગુરુદેવ યોગીજી મહારાજનું અલૌકિક પ્રદાન છે, જે આ આત્મકથામાં પણ વર્ણવાયું છે; તેથી તેઓની સવિશેષ ઈચ્છા હતી કે, આ આત્મકથા સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે પ્રકાશિત થાય. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીએ તેઓના ઉમદા કાર્ય બદલ શુભેચ્છાઓ પાઠવી આશીર્વાદ અર્પ્યા.

સંતભગવંત સાહેબજી સૌના ભાવ ગ્રહે અને સૌની કાળજી પણ લે. તેઓના અથાક અને અવિરત વિચરણ દરમિયાન તેઓએ મંદિરે પધારતાં ૮૦ જેટલાં બાળકો-યુવાનોને પોતાની સાથે બ્રહ્માનંદ કરાવવા લંડન સિટી સૅન્ટરની એક દિવસીય આનંદયાત્રા ગોઠવી. સતીશભાઈ ચતવાણીએ આ સૌને પોતાની હૉટલ પર મહાપ્રસાદ જમાડી ખૂબ આનંદ કરાવ્યો. સૌ ભૂલકાંઓનાં હૈયાં સાહેબજીના પ્રેમ અને કૃપાથી ભાવવિભોર થઈ ગયાં.

૪ ઑગસ્ટના રોજ સંતભગવંત સાહેબજીની ઉપસ્થિતિમાં મંદિરે ગુરુપૂર્ણિમા ઉત્સવ ભક્તિભાવથી ઉજવાયો. સભા પ્રારંભે બાળ મંડળનાં દીકરા-દીકરીઓએ સંતોનાં સ્વાગત તથા પ્રાર્થનાના ભાવ નૃત્યભક્તિ સ્વરૂપે પ્રસ્તુત કર્યાં. આ પ્રસંગે ગોસ્વામી પૂ. શ્રી દ્વારકેશલાલજી મહારાજ (કડી) તથા સંતરામ મંદિર-કરમસદના મહંત પૂ. નિર્ગુણદાસજી મહારાજ અને મોહનદાસજી મહારાજ પધાર્યા. વળી, હાઉસ ઑફ લૉર્ડ્સના સભ્ય શ્રી લૉર્ડ ડૉલર પોપટ, યુરોપિયન પાર્લામૅન્ટના લીડર શ્રી દિનેશભાઈ ધામીચા અને યુનાઈટેડ નેશન્સના પ્રતિનિધિ શ્રી વર્તન મૅલ્કોનિયનની પ્રેરક ઉપસ્થિતિમાં સૌએ ગુરુહરિ સાહેબજીનાં અલૌકિક માહાત્મ્યના અનુભવ કર્યા. સાહેબજીએ સૌ ભક્તોનાં હૈયાંમાં ટોચનું સ્થાન લીધું છે, તેનાં ભક્તિભર્યાં વર્ણન ભક્તોએ કર્યાં. સતીશભાઈ ચતવાણીએ ગુરુદેવ સાહેબજીનો શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતોના આધારે અદ્‌ભુત મહિમા ગાયો. ભાવીશાબહેને સભાસંચાલન કર્યાં. અશ્વિનભાઈ પોપટે સમસ્ત ભક્તસમાજ વતીથી પુષ્પહાર અર્પણ કરી પ્રાર્થનાઓ ધરી અને વિનુભાઈએ ઉપસ્થિત ભક્તોનો આ પ્રસંગે આભાર વ્યક્ત કર્યો. આ ભક્તિપર્વમાં વૅમ્બલી, કિંગ્સબરી, ઈસ્ટ લંડનના ભાવિક ભક્તોએ શ્રી ઠાકોરજીના મહાપ્રસાદ તૈયાર કરવાની અદ્‌ભુત ભક્તિ અદા કરી. આ સૌ પર સાહેબદાદાએ વિશેષ રાજીપો વરસાવી આશીર્વાદ પાઠવ્યા. આમ, સાહેબદાદાએ સૌને પોતાની સંનિધિનું સુખ આપી ૫ ઑગસ્ટના રોજ ઈંગ્લૅન્ડથી પ્રસ્થાન કરી ૬ ઑગસ્ટના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, ભારત પરત પધાર્યા. ◆



ઈંગ્લૅન્ડના બાળમંડળ દ્વારા ગુરુચરણે નૃત્યભક્તિ સ્વરૂપે પ્રાર્થનાભાવ અર્પણ



ઈંગ્લૅન્ડમાં ગુરુપૂર્ણિમાના પાવન અવસરે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન

## પૂ. અશ્વિનદાદા અને સંતોનું અમેરિકા અને કૅનેડામાં દિવ્ય વિચરણ

**સદ્ગુરુ** સંત પૂ. અશ્વિનદાદાએ અમેરિકા અને કૅનેડામાં અવિરત વિચરણ કરી ભક્તોને સત્સંગનો અકલ્પ્ય લાભ આપ્યો. આ યાત્રામાં પૂ. વાસુભાઈ, પૂ. જયેશભાઈ આદિ સંતો સાથે ભક્તો પણ જોડાયા. સંતોની પધરામણીનો આનંદ ભક્તોના હૈયે અલૌકિક હતો. ૩૦ જૂનથી ૫ જુલાઈ દરમિયાન ઍલનટાઉન મંદિરે યુવાનો માટે યોજિત યોગી યૂથ કૅમ્પમાં પધારેલ શિબિરાર્થીઓને પ્રભુપ્રીત્યર્થે ગુરુમુખી, ઠરાવરહિત અને ભક્તિ સહિત જીવન જીવવાની પ્રેરણા અને માર્ગદર્શન પૂરાં પાડ્યાં. ૪ જુલાઈના રોજ સંતભગવંત સાહેબજી અમેરિકા પધાર્યા, ત્યારે તેઓની સાથે ધર્મવિચરણમાં જોડાયા. પોતાની લાક્ષણિક શૈલીમાં પૂ. અશ્વિનદાદાએ ભક્તોના પ્રશ્નોને સત્સંગનાં સહજ જ્ઞાન દ્વારા નિર્મૂળ કર્યાં.

૮થી ૧૫ જુલાઈ દરમિયાન અમેરિકાના રિચમંડ કેન્દ્રમાં યોજિત નૂતન મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે સેવારત ભક્તોને બળ, પ્રેરણા અને હૂંફ તેમજ માર્ગદર્શન આપ્યાં. આ દરમિયાન સ્થાનિક મુક્તોના ઘરે પધરામણી કરી સૌની સુખાકારી માટે ધૂન-પ્રાર્થનાઓ કરી.

૧૬થી ૨૨ જુલાઈ દરમિયાન ઍલનટાઉન મંદિરે યોજિત શ્રી યોગી જ્ઞાન શિબિરમાં ભક્તોને સત્સંગનું અલૌકિક જ્ઞાન તેઓની લાક્ષણિક શૈલીમાં પીરસ્યું. આ દરમિયાન ઍલનટાઉન મંદિરના ૧૬મા પાટોત્સવ, ગુરુપૂર્ણિમા અને પૂ. અ.નિ. આર. ડી.દાદાના શતાબ્દીપર્વમાં સૌને આશીર્વાદનો અનેરો લાભ આપ્યો. ૨૨ જુલાઈના રોજ સંતભગવંત સાહેબજીની અમેરિકાથી વિદાય બાદ પૂ. અશ્વિનદાદા અને સંતો ૨૩ જુલાઈએ કૅનેડાની ધર્મયાત્રાએ પધાર્યા અને વિશાલભાઈ-મનીષાબહેનના ઘરે સત્સંગસભામાં લાભ આપ્યો.

૨૪ જુલાઈના રોજ શ્રુતિબહેન-અનુપભાઈ, ભરતભાઈ-નીલમબહેન, નીલેશભાઈ-પ્રીતિકાબહેન, રજનીભાઈ-ઊર્મિલાબહેન, અગમભાઈ-ધ્વનિબહેન, જયભાઈ-નમ્રતાબહેન આદિના ઘરે પધારી પ્રાર્થનાઓ કરી. ૨૫ જુલાઈના રોજ ધવલભાઈ-મેઘનાબહેન, જસુદાદા-કેતુબહેન, ચિંતનભાઈ-પ્રિયાબહેન, ચંદ્રકાંતભાઈ (સી.પી.)-નીતાબહેન, દીપકભાઈ દાણી, હિમેશભાઈ, લવલીબહેન, જતીનભાઈ-નિકિતાબહેનના ઘરે તથા વ્યવસાયસ્થાને પધારી આશીર્વાદ પાઠવ્યા. ૨૬ જુલાઈના રોજ અક્ષયભાઈના ઘરે પધારી તેઓના સ્વાસ્થ્યલાભ માટે પ્રાર્થનાઓ કરી. વળી, દિનેશકુમાર-સુષ્માબહેન, દીપલબહેન, હર્ષાબહેન, નરેન્દ્રભાઈ-દેવાંગીબહેનના ઘરે પધાર્યા અને સત્સંગલાભ આપ્યો. ૨૭ જુલાઈના રોજ સિંધી ગૃહમંદિરમાં જાહેર સત્સંગસભામાં સૌને રૂડાં આશીર્વાદ અને માર્ગદર્શન આપી ૨૮ જુલાઈના રોજ ફ્લૉરિડા જવા પ્રસ્થાન કર્યું. ફ્લૉરિડા મંદિરે સત્સંગસભામાં સૌને લાભ આપી કૃતાર્થ કર્યાં.

૨૯ જુલાઈના રોજ લૅકલૅન્ડમાં પારુલબહેન, બોસ્મિયા પરિવાર તેમજ ટૅમ્પામાં ડૉ. વિજયભાઈ, ડૉ. કિરણભાઈ, ગિરીશભાઈ-રક્ષાબહેન આદિના ઘરે-વ્યવસાયસ્થાને પધારી પ્રાર્થનાઓ કરી. ૩૦ જુલાઈના રોજ લૅકલૅન્ડમાં નીલેશભાઈ-મંજુબહેનના ઘરે તથા વ્યવસાયસ્થાને પધારી સાંજે લાલાબહેન-પ્રેરણાબહેનને ત્યાં કુટુંબીજનોને સત્સંગલાભ આપ્યો.

૩૧ જુલાઈના રોજ સૅનફર્ડ અને ઑરલૅન્ડોમાં જયેશભાઈ-પરેશાબહેન, મંજુબહેન, કલ્પેશભાઈ-સપનાબહેન, જયેશભાઈ-મુલ્કાબહેન, રોહિતભાઈ-આનંદીબહેન, હરીશભાઈ-ધરતીબહેનનાં નિવાસસ્થાન તથા વ્યવસાયસ્થાનોમાં પધરામણી કરી સૌની સુખાકારી માટે ધૂન-પ્રાર્થના કરી. ૧ ઑગસ્ટના રોજ નીલેશભાઈ, જયદીપભાઈ, શોભાબહેન, રવિભાઈ-સરોજબહેનનાં વ્યવસાયસ્થાનોમાં પધારી સૌનાં



અમેરિકાના ઍલનટાઉન મંદિરે શ્રાવણ માસની સમૂહ મહાપૂજામાં પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન અને અમેરિકાના ભક્તો દ્વારા તેઓને ભાવભરી વિદાય અર્પણ

સર્વાંગી વિકાસ માટે પ્રભુને પ્રાર્થના કરી. ત્યારબાદ ટૅમ્પા ઍરપૉર્ટથી રિચમંડ પધાર્યા.

**૨ ઑગસ્ટ**ના રોજ નીતિનભાઈ-મધુબહેન, મૂકેશભાઈ-હેતલબહેન, હિરેનભાઈ-ભલીબહેન, જતીનભાઈ-નિશાબહેન, ભાવેશભાઈ-ક્રિપાબહેનના ઘરે પધાર્યા. વળી, નૂતન મંદિરે રિચમંડ મંડળની શ્રાવણી સમૂહ મહાપૂજામાં પધારી ભક્તોને આશીર્વાદ પાઠવ્યા તથા દિલીપભાઈ, રમેશભાઈ-ઉષાબહેન, પથિકભાઈ-રિદ્ધિબહેન, પરેશભાઈ-દિનાબહેનના ઘરે પધારી પ્રાર્થનાઓ કરી. ૩ ઑગસ્ટના રોજ પ્રાતઃ પૂજામાં આશીર્વાદ આપી ભક્તોની વિદાય લઈ ઍલનટાઉન પધાર્યા. ઍલનટાઉન મંદિરે શ્રાવણ માસ નિમિત્તે યોજિત સમૂહ મહાપૂજામાં ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

૪ ઑગસ્ટના રોજ લૅન્સડેલ મંડળના ભક્તોની સભામાં તેમજ રોહિતભાઈ-રેખાબહેનના ઘરે પધારી સત્સંગલાભ આપ્યો. સાંજે ઍલનટાઉન મંદિરે સ્થાનિક સંતો-ભક્તોને સમાગમ-ગોષ્ઠિનો અદ્‌ભુત લાભ આપ્યો. ૫ ઑગસ્ટના રોજ સુનિતાબહેન-રાજાભાઈના ઘરે પધરામણી કરી ભક્તોના ભાવ સ્વીકારી નેવાર્ક ઍરપૉર્ટથી ઈંગ્લૅન્ડ જવા પ્રસ્થાન કર્યું. અમૅરિકામાં પૂ. અશ્વિનદાદા અને સંતોનો અદ્‌ભુત સત્સંગલાભ પામી સૌ ભક્તોએ ધન્યતાની અનુપમ લાગણી અનુભવી.

સમગ્ર યાત્રા દરમિયાન પૂ. અશ્વિનદાદાએ ગુરુદેવ યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીનાં આધ્યાત્મિક યુગકાર્યની આહ્‌લેક જગાવી. અનુપમ મિશન દ્વારા થતી સમાજ-ઉત્થાનની અનેકવિધ પ્રવૃત્તિઓની ઝાંખી કરાવી. વળી, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના તાત્ત્વિક સિદ્ધાંતોને મનુષ્ય જીવનના સહજ આચરણમાં લાવવા અને તે દ્વારે છતી દેહે અખંડ સુખ, શાંતિ અને આનંદના અનુભવ કરવાની રીત બતાવી. ◆

## સદ્‌ગુરુ સંત પૂજ્ય શાંતિદાદા અને સંતોની ઑસ્ટ્રેલિયા તથા ન્યૂઝીલૅન્ડની ધર્મયાત્રા

**સદ્‌ગુરુ** સંત પૂ. શાંતિદાદા સાથે ૧૮ જુલાઈ, ૨૦૧૯ની ઢળતી સાંજે પૂ. અશોકભાઈ અને પૂ. ઉત્પલભાઈ તપોભૂમિ બ્રહ્મજ્યોતિથી સૌ સંતો અને ભક્તોની ભાવભરી વિદાય સ્વીકારી અમદાવાદથી ફ્લાઈટમાં સિંગાપોર થઈને ઑસ્ટ્રેલિયા પધાર્યા. ૧૯ જુલાઈના રોજ પ્રથમ તેઓ પર્થ પધાર્યા. સાંજે શોભનાબહેન-સંજયભાઈના ઘરે યોજિત સંતોની સ્વાગતસભામાં સૌએ સંતોની દિવ્ય સંનિધિનો આનંદ માણ્યો અને જયશ્રીબહેન-ડૉલરભાઈ અહીં મળ્યાં. ૨૦ જુલાઈએ ધવલભાઈ-અર્પિતાબહેન અને સુદર્શનભાઈના નવા ઘરે હાર્દિકભાઈ-જિજ્ઞાબહેન, રોનકભાઈ-નેહાબહેન, હેતલબહેન, ડૉ. ગૌરવ-વસુંધરા, દર્શિત-શ્રદ્ધા, અંકિત-માનસી, સંકેત-માનસી, બિરેન-અર્પિતા, ચિરાગ-નિરાલી આદિ ભક્તોનો ઘરે પધરામણીઓ કરી. રાત્રે અમિતભાઈ-વિદુષીબહેનના ઘરે મંડળના સૌ મુક્તોએ સભામાં ગુરુપૂર્ણિમા ને સદ્‌ગુરુ પ.પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યદિનની ઉજવણી કરી, કેયૂર અને સમીરે મહિમાગાન કર્યાં તેમજ પૂ. શાંતિદાદાએ સૌને રૂડા આશીર્વાદ આપી મંદિર મહોત્સવમાં પધારવા નિમંત્રણ પાઠવ્યાં. અંતમાં સૌને રક્ષાબંધન નિમિત્તે રક્ષા બાંધી વિશેષ આશીર્વાદ આપ્યા.

૨૧ જુલાઈના રોજ રોનકભાઈ-જલ્પાબહેન, મિશાંતભાઈ-કેયાબહેન, ખ્યાતિબહેન, પ્રિતેશભાઈ-ડૉ. અમીબહેન, કેયૂરભાઈ- શિલ્પાબહેન આદિ ભક્તોના ઘરે પધારી સૌને બળ પૂર્યાં. સાંજે હિંદુ સેવક સંઘ દ્વારા આયોજિત ગુરુપૂર્ણિમા ઉત્સવની ઉજવણીમાં શાંતિદાદા અને સંતોએ પધારી આશીર્વાદ આપ્યા, જેમાં અનુપમ મિશન અને સંતભગવંત સાહેબજી દ્વારા થતાં સમાજસેવાનાં અનુપમ કાર્યોની અદ્‌ભુત વાતો થઈ. સાંજે મનીનભાઈ-ભૂમિબહેનના ઘરે કીર્તન ગાઈ સૌ ભક્તોએ ભક્તિ અદા કરી. ૨૨ જુલાઈના



પર્થમાં હિન્દુ સેવક સંઘ દ્વારા યોજિત ગુરુપૂર્ણિમા ઉત્સવમાં પૂ. શાંતિદાદાના આશીર્વાદ



ઑસ્ટ્રેલિયાના પર્થ મંડળના ભક્તોને વિદાયસભામાં પૂ. શાંતિદાદાનાં આશીર્દાન

રોજ નીરજભાઈ-ભાવનાબહેન, મિહિરભાઈ-રેખાબહેન, કિંજલબહેન-હાર્દિકભાઈ, ચાર્મીબહેન-સુભાષભાઈના ઘરે પધરામણી કરી સૌને સત્સંગનો લાભ આપ્યો. રાત્રે પ્રિયંકાબહેન-અંકુરભાઈના ઘરે સભામાં સમગ્ર મંડળના ભક્તોને પૂ. શાંતિદાદા અને પૂ. ઉત્પલભાઈએ સત્સંગની સુંદર સમજ આપી તેમજ ભારતમાં નૂતન મંદિરનિર્માણ સેવામાં હોમાઈ જવા બળ પૂર્યાં.

૨૩ જુલાઈના રોજ રોહનભાઈ-જલ્પાબહેનના દીકરા દેવની ચૌલક્રિયા નિમિત્તે તેઓના ઘરે સુંદર મહાપૂજા કરી આશીર્વાદ આપ્યા. સમીરભાઈ-માનસીબહેનના નૂતન આવાસ પર પધરામણી કરી પ્રાર્થના કરી. ત્યાંથી પંકજભાઈ-દર્શનાબહેનના ઘરે પધરામણી કરી. સાંજે પંકજભાઈ-હેમાબહેનના ઘરે મંડળના સૌ મુક્તોએ સંતો સાથે સત્સંગ-ગોષ્ઠિનો અદ્‌ભુત લાભ લીધો. ૨૪ જુલાઈના રોજ રોહનભાઈ-જલ્પાબહેનના ઘરે પૂ. શાંતિદાદાએ પ્રાત: પૂજામાં સૌ ભક્તોને અદ્‌ભુત સત્સંગ કરાવ્યો. સાંજે કેયૂરભાઈ-પૂનમબહેનના ઘરે સંતોની વિદાય-મિલન સભામાં સૌએ ભેગાં મળીને ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યો.

૨૫ જુલાઈના રોજ પર્થના ભક્તોની વિદાય લઈ સંતો મૅલબોર્ન પધાર્યા. ઍરપૉર્ટ પર અંબાલાલ શાસ્ત્રી-ઉર્મિલાબહેન, નરસિંહદાસ-પુષ્પાબહેન તથા સૌ ભક્તોએ ખૂબ ભાવથી સ્વાગત કર્યાં. ઍરપૉર્ટથી સીધા તન્મયભાઈ-પલકબહેનના ઘરે સ્વાગતસભામાં સૌ ભક્તોને સત્સંગનો લાભ આપ્યો. ૨૬ જુલાઈના રોજ પ્રાતઃ પૂજામાં પૂ. શાંતિદાદાએ સ્થાનિક ભક્તોને સત્સંગનો લાભ આપ્યો. સવારે ટાર્નેટમાં સ્નેહલભાઈ-અર્પિતાબહેનના ઘરે મહાપૂજામાં પ્રાર્થનાઓ કરી. સાંજે વોન્ટિરનામાં નીરજભાઈ-કોમલબહેનના ઘરે પધારી સમગ્ર કુટુંબને સત્સંગલાભ આપ્યો.

૨૭ જુલાઈના રોજ તન્મયભાઈ-પલકબહેનના દીકરા પૂજનના જન્મદિવસ નિમિત્તે તેઓના ઘરે સુંદર મહાપૂજા કરી સંકલ્પ-પ્રાર્થના કર્યાં. આ પ્રસંગે પધારેલ મુક્તોને ગોષ્ઠિ-સમાગમનો લાભ આપી સત્સંગ કરાવ્યો. સાંજે ફૂટસ્ક્રેમાં આવેલ બૅપ્ટિસ્ટ ચર્ચના હૉલમાં જાહેર સત્સંગસભામાં ૨૦૦થી વધુ મુક્તોને સત્સંગનો લાભ આપી સૌને કૃતાર્થ કર્યાં. ત્યાંથી હર્ષદભાઈ-દેવાંશીબહેનના ઘરે પધારી વિશેષ લાભ આપ્યો. ૨૮ જુલાઈના રોજ સવારે ચિંતનભાઈ-રીમલબહેનના નવા મકાનમાં મહાપૂજા કરી ઉપસ્થિત સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા ત્યાં એડિલેઇડથી પધારેલાં નિસર્ગભાઈ-સ્વાતિબહેન અને શ્વેતાબહેનને મળી રાજીપો વરસાવ્યો. બપોરે રાધિકાબેન-સંકેતભાઈ, સાંજે દર્પણભાઈ-યામીબહેન, બ્રિજેશભાઈ-નિકુંજભાઈના ઘરે પધરામણી કરી સૌને રૂડા આશીર્વાદ આપ્યા.

૨૯ જુલાઈના રોજ નરેન્દ્રભાઈ-પાયલબહેન, જયેશભાઈ-લીલાબહેન, કલ્પેશભાઈ-પ્રિયંકાબહેન, વિનિતભાઈ-ડિમ્પલબહેન તથા આશિષભાઈ-આનલબહેનના ઘરે પધારી સૌની સુખાકારી માટે ધૂન-પ્રાર્થના કરી. ૩૦ જુલાઈના રોજ વિપુલભાઈ-હિનાબહેન, નિકુંજભાઈ-પ્રિયંકાબહેન, મહર્ષિભાઈ-યેશાબહેન, આલાપભાઈ-સોનલબહેન, નીરવભાઈ-કૃપાબહેન, કૃણાલભાઈ-વિરલ-કિરતના ઘરે પધરામણીઓ કરી સત્સંગ-ગોષ્ઠિ કરી, સંતોની દિવ્ય સંનિધિ પામી સૌ ભક્તો ખૂબ રાજી થયાં.

૩૧ જુલાઈના રોજ મહેન્દ્રભાઈ-મીનાબહેન, હિનલભાઈ-શીતલબહેન, સત્યમભાઈ-જિજ્ઞાબહેનના ઘરે પધરામણી કરી. સંદીપભાઈ-રશ્મિબહેનના નવા આવાસમાં ગૃહપ્રવેશની મહાપૂજા કરી સાંજે શરીનભાઈ-અનિતાબહેનના ઘરે પધરામણી કરી. રાત્રે રિતેશભાઈ-કલ્યાણીબહેનના ઘરે યોજિત સત્સંગસભામાં સમગ્ર મંડળનાં મુક્તોની ભાવભરી વિદાય સ્વીકારી. ૧ ઑગસ્ટના રોજ મૅલબોર્નથી સૌ સંતો સિડની પધાર્યા.

આ આખી યાત્રા દરમિયાન સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ મનુષ્યના જીવનમાં ગુરુની અનિવાર્યતા અને ગુરુના મહત્ત્વની વાતો કરી સૌને બળ દીધાં. વળી, ભારતમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના નૂતન મંદિર મહોત્સવમાં પધારવા સૌને ભાવભર્યું નિમંત્રણ પાઠવી તે નિમિત્તે સેવા-સમર્પણ ધરવાનાં માર્ગદર્શન દીધાં. પૂ. ઉત્પલભાઈએ પણ આ સમર્પણની તક ઝડપી લેવા સૌને અદ્‌ભુત સમજ આપી. સંતો સાથે વિતાવેલી પ્રત્યેક પળની સ્મૃતિ હૈયામાં ચિરંજીવ રાખવાના ભાવ સાથે ભક્તોએ ખૂબ બ્રહ્માનંદ કર્યો. ◆



પૂ. શાંતિદાદા અને સંતોનાં સ્વાગત કરતા મૅલબૉર્ન મંડળનાં અક્ષરમુક્તો



મૅલબૉર્નના બૅપ્ટિસ્ટ ચર્ચ હૉલમાં યોજિત સત્સંગસભામાં પૂ. શાંતિદાદાનાં આશીર્દાન

# સત્સંગ સમાચાર

## બ્રહ્મજ્યોતિ, મોગરીમાં
## સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનો ૭૮મો પ્રાગટ્યોત્સવ

ગુરુદેવ યોગીજી મહારાજના સાધુરામ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનો ૭૮મો પ્રાગટ્યોત્સવ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર યોગીપ્રસાદના વિશાળ સભાખંડમાં ૧૫ જુલાઈના રોજ ભક્તિભાવે ઉજવાયો. સંતભગવંત સાહેબજી અને પૂ. અશ્વિનદાદાએ અમેરિકામાં બિરાજી આ પ્રસંગે ફોન દ્વારા આશીર્વાદની હેલી વરસાવી સૌને ધન્ય કર્યા. વળી, સદ્‌ગુરુ સંતો પૂ. શાંતિદાદા, પૂ. રતિકાકા, પૂ. પૂનમદાદા, પૂ. હર્ષદભાઈ, પૂ. અરુણભાઈની દિવ્ય સંનિધિમાં અનેક અક્ષરમુક્તોની ઉપસ્થિતિમાં પૂ. અશ્વિનદાદાના પ્રાગટ્યમંગલે માહાત્મ્યનો ધોધ વહ્યો.

સભા પ્રારંભે પૂ. પંકજભાઈએ પૂજન કર્યાં અને પૂ. સતીશભાઈએ પુષ્પહાર અર્પણ કરી સૌ વતીથી આશિષયાચના કરી. પૂ. ઉત્પલભાઈએ સાહેબદાદા દ્વારા પ્રસંગે પ્રસંગે કરાયેલ પૂ. અશ્વિનદાદાના માહાત્મ્યને વર્ણવી મહિમા ગાયો. અંકલેશ્વરના રોહનભાઈએ પૂ. અશ્વિનદાદા તરફથી મળેલા અકલ્પ્ય પ્રેમનાં વર્ણન કરી પ્રત્યેક જન્મે પૂ. અશ્વિનદાદા જ ગુરુ સ્વરૂપે પ્રાપ્ત થાય તેવી અદ્‌ભુત યાચના કરી. ચેન્નાઈ મંડળના યુવાનો ધ્રુવ અને ધ્યાનેશ દ્વારા પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા જેવા સંતોના પ્રેમ અને અનુગ્રહને પરિણામે આધુનિક યુગમાં પણ અધ્યાત્મની ગૂઢ વાત સહજ સમજાઈ છે તે જણાવી પ્રાર્થનાઓ ધરી.

પૂ. શાંતિદાદાએ આશીર્વાદ આપ્યા કે, 'ગુરુમાં વિશ્વાસ મૂકવાનો, અપ્રતિમ નિષ્ઠા રાખવાનો સંદેશો જેમણે પોતાના જીવન-વર્તન દ્વારા આપ્યો એવા પૂ. અશ્વિનદાદાનું આજે મહામંગલકારી પ્રાગટ્યપર્વ ! જે આવું જીવન જીવે એ ગુરુની સાથે અદ્વૈતભાવથી જોડાઈ જાય ! પૂ. અશ્વિનદાદા એવા સાધુ છે. તેમની સાથે જે જોડાય તે પણ અદ્વૈતભાવને પામી જાય એવા એ સાધુ ! સંતભગવંત સાહેબજી સાથે સદાય દાસભાવે જ તેઓ વર્ત્યા. બુદ્ધિ, શક્તિ અને આવડત પ્રભુના કાર્યમાં વાપરી દિવ્ય બનાવી. આ આપણે પણ કરવાનું છે, જેથી સહજ આનંદમાં રહેતા થઈ જવાશે.'

સંતભગવંત સાહેબજીએ ફોન દ્વારા આશીર્વાદ આપ્યા કે, 'યોગીજી મહારાજે અદ્‌ભુત કાર્યો કર્યાં અને તેમાંય આપણને પૂ. અશ્વિનદાદા જેવા સાધુની ભેટ આપી તે એમની કૃપા કહેવાય ! પૂ. અશ્વિનભાઈએ ગુરુદેવ યોગીબાપા, પૂ. કાકાજી, પૂ. પપ્પાજી, પૂ. સોનાબા આદિ સૌ ગુણાતીત સ્વરૂપોને રાજી કર્યાં, તો સહજ ગુણાતીત અવસ્થાને પામી ગયા, સૌના સુહૃદ બન્યા. આવું જીવન આપણે સૌ પણ જીવવાનો આલોચ રાખીએ એ જ તેઓના પ્રાગટ્યપર્વની પ્રાર્થના !'

સૌ પૂ. અશ્વિનદાદા જેવા અનુપમ સદ્‌ગુરુના જીવન-માહાત્મ્યમાં ગરકાવ બની ધન્ય થયા. આ પ્રસંગે મોગરી, આણંદ, વલ્લભવિદ્યાનગર, કરમસદ, ખંભાત, નડીયાદ આદિ સ્થાનિક મંડળો અને દૂરનાં મંડળોમાંથી પણ સેંકડો ભક્તો પધાર્યા અને વંદના ધરી. ◆

## બ્રહ્મજ્યોતિ, મોગરીમાં ભક્તિભર્યો ગુરુપૂર્ણિમા ઉત્સવ

ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઉજવવાની આતુરતા સ્વાભાવિક જ સૌ ભક્તોને હૈયે વિશેષ હોય ! અને તેથી જ પ્રતિ વર્ષ ભારતનાં તમામ કેન્દ્રોમાંથી ભક્તો આ ઉત્સવ ઉજવવા બ્રહ્મજ્યોતિ, મોગરી પધારે. આ વર્ષે પણ ખૂબ મોટી સંખ્યામાં ભક્તો પધાર્યા. નૂતન મંદિરનિર્માણના આ વર્ષે સૌના હૈયામાં ગુરુપૂજનનો અને સવિશેષ સમર્પણ કરવાનો અદમ્ય ભાવ હતો.

૧૬ જુલાઈ, ગુરુર્ણિમાની મંગલ સવારે યોગીપ્રસાદના વિશાળ સભાખંડના મંચ પર સદ્‌ગુરુ સંતો પૂ. શાંતિદાદા, પૂ. રતિકાકા, પૂ.



બ્રહ્મજ્યોતિ, મોગરીમાં પૂ. અશ્વિનદાદાના ૭૮મા પ્રાગટ્યપર્વની ભક્તિભરી ઉજવણી




બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સદ્‌ગુરુ સંતો-ગુરુ સ્વરૂપોને ગુરુપૂર્ણિમાએ હૃદયભાવ અર્પણ

પૂનમદાદા, પૂ. હર્ષદભાઈ અને પૂ. અરુણભાઈએ ગુરુઆસને સ્થાન ગ્રહણ કર્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વરૂપ સમ તેઓની પ્રાસાદિક ચાખડીઓ પણ દર્શન-પૂજન માટે પધરાવવામાં આવી હતી. સૌના હૈયે અનેરી દિવ્યતા વ્યાપી હતી. સંતો પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા ગુરુ-માહાત્મ્યની, ગુરુકૃપાની, ગુરુભક્તિની અકલ્પનીય અસ્ખલિત મહિમાધારા રેલાવી રહ્યા હતા. સૂરવૃંદ દ્વારા ગુરુમહિમાનાં સુમધુર ભજનોનાં ગાન થઈ રહ્યાં હતાં. સહજ જ સૌના હૈયે સંતભગવંત સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિ અનુભવાતી હતી.

અનુપમ મિશન પરિવારના સૌ સંતો-ભક્તો વતી પૂ. રાજુભાઈએ સંતભગવંત સાહેબજીની મૂર્તિ અને સદ્‌ગુરુ સંતોનાં પૂજન કર્યાં તેમજ પૂ. રમેશભાઈ ઝાલાવાડિયાએ પુષ્પહાર અર્પણ કરી ગુરુવંદના ધરી. સંશયહર્તા, કલ્યાણકર્તા ગુરુમાહાત્મ્યની અનુપમ વાતો પૂ. દિલીપભાઈ, ઉમિફોઈ, ધનંજયભાઈએ કરી. સંતભગવંત સાહેબજીના યથાર્થ મહિમાનું દર્શન કરાવી પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવ્યા.

પૂ. શાંતિદાદા, પૂ. અશોકભાઈ અને પૂ. ઉત્પલભાઈ ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડની ધર્મયાત્રાએ પધારતા હોવાથી તેઓને ભાવભરી વિદાય પણ આ સભામાં અપાઈ. પૂ. શાંતિદાદાએ આશીર્વાદ આપ્યા કે, 'ગુરુના વચનમાં હોમાઈ જવું એ જ ગુરુપૂજન ! ભગવાનનું જે પરમ તત્ત્વ આપણને સંતભગવંત સાહેબજી સ્વરૂપે-માનવરૂપે પ્રાપ્ત થયું, તેમાં મનુષ્યભાવ આવે જ નહિ, ભગવાનના ભક્તો નિર્દોષ મનાય એ સાચી ગુરુપૂર્ણિમા ! આ પાવન વર્ષે મંદિરનિર્માણની સેવા અહોહોભાવે કરી સ્વભાવ ઓગાળવા જ છે તેવો સંકલ્પ કરીએ. સાહેબજી એવા ગુરુ છે કે જે નિર્દોષભાવ અને મહિમાથી કરેલી આવી સેવાઓના ફળસ્વરૂપે આપણા દોષ ઓગાળી સુખિયા કરી દેશે. આ મહિમા આત્મસાત્ કરી જીવવાનો ઉત્સવ એટલે ગુરુપૂર્ણિમા !'

સંતભગવંત સાહેબજીએ પણ ફૉન દ્વારા સૌને ગુરુપૂર્ણિમાની આશિષ વરસાવી કૃતાર્થ કર્યા. ત્યારબાદ સૌએ ખૂબ ભાવથી પૂ. શાંતિદાદા અને સદ્‌ગુરુ સંતોનાં ગુરુપૂજન કર્યાં અને વંદનાઓ ધરી. ગુરુમાહાત્મ્ય અને ગુરુભક્તિનાં અદ્‌ભુત બોધને પામી સૌ ધન્ય થયાં. ◆



બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સંતભગવંત સાહેબજીનું ભક્તિભીનું સ્વાગત

## સિડની-ઑસ્ટ્રેલિયામાં ગુરુપૂર્ણિમા અને સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાનો પ્રાગટ્ય ઉત્સવ

ઑસ્ટ્રેલિયાના સિડની કેન્દ્રમાં અનુપમ મિશનના ભક્તોએ ભેગા મળીને ૨૧ જુલાઈના રોજ ગુરુપૂર્ણિમા અને સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના ૭૮મા પ્રાગટ્યપર્વની ભાવભરી ઉજવણી રોઝવિલ કૉમ્યુનિટી હૉલમાં કરી. આ પ્રસંગે સૌ ભક્તોએ વિશેષ સમયનાં સમર્પણ કરી સુશોભન, સભાવ્યવસ્થા અને મહાપ્રસાદની સુંદર સેવાઓ કરી. ઉત્સવસભામાં સૌએ ધૂન અને કીર્તન દ્વારા હૈયાના ભાવ અર્પણ કર્યા. ગુરુ-માહાત્મ્યમાં લીન થઈ હૃદયના ભાવથી ગુરુ-મૂર્તિનાં પૂજન કર્યાં.

આ પ્રસંગે જાસ્મિનભાઈએ સભાસંચાલન કરતાં ઉત્સવનો મહિમા વર્ણવ્યો. કૃણાલભાઈ, અંકિતભાઈ, ધરિતકુમાર અને બિંદીબહેને પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યાં. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાની સાધુતા, ગુણાતીત અવસ્થાનાં અદ્‌ભુત દર્શન સૌએ કરાવ્યાં. અંતે કેક અર્પણ કરી સૌએ બ્રહ્માનંદ કર્યો. ગુરુ-માહાત્મ્યમાં સૌ ગરકાવ બની ધન્ય થયાં. ◆

## સંતભગવંત સાહેબજીનાં બ્રહ્મજ્યોતિ, મોગરી પર સ્વાગત

ઇંગ્લૅન્ડ, અમેરિકા અને કેનેડાની ધર્મયાત્રા સંપન્ન કરી સંતભગવંત સાહેબજી ૬ ઑગસ્ટના રોજ બ્રહ્મજ્યોતિ, મોગરી પધાર્યા. સાથે પૂ. અર્પિતભાઈ, હરીશભાઈ મુનિ, ભાવિશાબહેન આદિ પણ પધાર્યાં. વહેલી સવારે ગુરુદેવ યોગીબાપાની મૂર્તિ સમક્ષ અને સાંજે સભામાં સૌનાં ભક્તિભીનાં સ્વાગત થયાં.


ઇંગ્લૅન્ડમાં લંડનના શ્રી જલારામ મંદિરમાં યોજિત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિની પ્રતિષ્ઠા કરી, સ્થાનિક ભક્તોને સમાગમનો લાભ આપી, ગુરુપૂર્ણિમા ઉત્સવે ભક્તોની ભક્તિ સ્વીકારી સત્સંગલાભ આપ્યો. અમેરિકામાં ઍલનટાઉન મંદિરે યોગી યૂથ કૅમ્પ, યોગી જ્ઞાન શિબિર, રિચમંડમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ તેમજ યોગી ડિવાઇન સોસાયટીના પારસીપૅની સ્થિત મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા કરી ઍલનટાઉન મંદિરના પાટોત્સવ, ગુરુપૂર્ણિમા પ્રસંગે ભક્તોને આશીર્વાદ આપી સંતભગવંત સાહેબજીએ સૌને કૃતાર્થ કર્યા. અનેક ભક્તોના ઘરે પધરામણીઓ કરી સૌની સુખાકારી માટે ધૂન-પ્રાર્થનાઓ કરી.

માત્ર એક દિવસ માટે અક્ષરમુક્ત અક્ષયભાઈના સ્વાસ્થ્યલાભ માટે પ્રાર્થના કરવા-દર્શન આપવા સંતભગવંત સાહેબજી કેનેડા પધાર્યા. આમ, ભક્તોના ભાવ પૂર્ણ કરી, આબાલવૃદ્ધ સૌની ભક્તિને સ્વીકારી સંતભગવંત સાહેબજીએ અથાક ભીડો વેઠી અનેક મુક્તોને દર્શન-સમાગમ અને આશીર્વાદનું અલૌકિક સુખ આપ્યું. ◆





અમેરિકાના ઍલનટાઉન મંદિરે સંતો-ભક્તો દ્વારા હૃદયભાવથી ગુરુપૂજન અને સંતભગવંત સાહેબજી દ્વારા શ્રી ગુરુ આશિષ અર્પણ

અનુપમ મિશનના ઇંગ્લૅન્ડ મંદિરે સંતભગવંત સાહેબજીનાં ભાવથી ગુરુપૂજન




બ્રહ્મજ્યોતિ, મોગરીમાં ગુરુપૂર્ણિમાએ પૂ. શાંતિદાદાનાં પૂજન-પુષ્પમાળા અર્પણ





સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે અમેરિકાના ઍલનટાઉન મંદિરના શ્રી ઠાકોરજીનાં પાટોત્સવ પૂજન, પુષ્પાર્પણ, પાટોત્સવ આરતી અર્પણ



અનુપમ મિશન-ઇંગ્લૅન્ડમાં સાહેબજી સાથે સંતરામ મંદિર, કરમસદના મહંતશ્રી નિર્ગુણદાસજી-શ્રી મોહનદાસજી




અનુપમ મિશન-ઇંગ્લૅન્ડમાં સાહેબજી અને કડીના ગોસ્વામી દ્વારકેશલાલજીનાં દિવ્ય મિલન







અનુપમ મિશનના રિચમંડ કેન્દ્રના નૂતન મંદિરમાં સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદા દ્વારા શ્રી ઠાકોરજીની પ્રાણપ્રતિષ્ઠા



રિચમંડ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહાપૂજામાં બિરાજમાન યજમાનો પર સાહેબજીની આશિષવર્ષા




સાહેબજી અને અશ્વિનદાદા દ્વારા રિચમંડ મંદિરના શ્રી ઠાકોરજીને પ્રતિષ્ઠા આરતી અર્પણ



ઈંગ્લૅન્ડમાં શ્રી લૉર્ડ ડૉલર પોપટની આત્મકથા 'ધ બ્રિટિશ સબજૅક્ટ'નાં સાહેબજી દ્વારા મુક્તાર્પણ



અનુપમ મિશન, ડેન્હમ–ઈંગ્લૅન્ડમાં બીજા ચરણનાં બાંધકામનું ભૂમિપૂજન

**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2018-20

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-8-19 * Office of Origin : Vitthal Udyognagar

Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

* **If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**